કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

મતદાનની પવિત્ર ફરજ નિભાવીએ



Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૭ એપ્રિલ, ૨૦૨૬ સોમવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૩૦૦◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ - ૧૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ગુજરાતમાં ભાજપનો દબદબો યથાવતના એંધાણ

## ભાજપ રાજયની મોટાભાગની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ઉપર વર્ચસ્વ જાળવી રાખે તેવી સંભાવના : કોંગ્રેસની બેઠકોમાં નોંધપાત્ર વધારો થવાની શકયતા : શહેરી વિસ્તારોમાં ભાજપની પકડ: ''આપ'' પાર્ટીને ફટકો પડવાના એંધાણ

નવી દિલ્હી : ભાજપનું મોડલ સ્ટેટ અને ભાજપના ગઢ ગણાતા ગુજરાતમાં ગઈ કાલે શાંતિપૂર્વક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી સંપન્ન થઈ. કાળઝાળ ગરમીને કારણે મતદાન જોઈએ તેટલુ ન થયું. રાજયમાં સરેરાશ ૫૯ ટકા મતદાન નોંધાવ્યું હતું જેમાં ૧૫ મ્યુ. કોર્પોરેશનોમાં ૫૨ ટકા, ૮૪ ટકા મ્યુનિસીપાલીટીમાં ૬૨ ટકા, ૩૪ જીલ્લા પંચાયતોમાં ૬૨ ટકા, અને ૨૬૦ તાલુકા પંચાયતોમાં ૬૩ ટકા મતદાન નોંધાવ્યું હતું આવતી કાલે મતગણતરી થવાની છે. ત્યારે મળતા ટ્રેન્ડ અનુસાર આ ચુંટણીમાં ભાજપનો દબદબો યથાવત રહે તેવી શકયતા છે. ૨૦૧૫ અને ૨૦૨૧ કરતાં ૬ મહાનગરોમાં મતદાન વધ્યું છે. ૨૦૨૧ કરતા ૭ ટકા વધ્યું છે. આકાશમાં અગનવર્ષા હોવા છતા લોકો મોટા પ્રમાણમાં મતદાન કરતા બહાર નીકળ્યા હતા.સૂત્રોના જણાવ્યા પ્રમાણે અગાઉની ચૂંટણીઓ કરતાં આ વખતની રાજયની ચૂંટણી અલગ હતી કોઈ સ્પષ્ટ લહેર ન્હોતી કે સ્પષ્ટ વોટીંગ પેટર્ન હતી. કોઈ મજબૂત વિકલ્પન હોવાના કારણે સત્તારૂઢ પક્ષને ફાયદો થાય તેવું મતદાન મતદારોએ કર્યુ હોવાના સંકેતો મળે છે. રાજયમાં મજબૂત વિપક્ષનો અભાવ ભાજપ માટે ફાયદેમંદ રહ્યાં છે. જે આ વખતે પણ જોવા મળશે.



રાજકીય વિશ્લેષકોના મતે રાજયમાં ભાજપ ફરી કેસરિયા કરીને મોટા ભાગની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ઉપર વર્ચસ્વ જમાવે તેવી શકયતા છે.રાજકીય નિરીક્ષકો માને છે કે રાજયભરમાં મોટાભાગની સ્થાનિક સંસ્થાઓ પર ભાજપ નો કબજો રહેશે.કોંગ્રેસ બેઠકોમાં નજીવો વધારો જોઈ શકે છેઆમ આદમી પાર્ટી, જે અગાઉ ફાયદો મેળવતી હતી, તે જમીન ગુમાવે તેવી શક્યતા છેઅંતિમ પરિણામો મંગળવારે જાહેર કરવામાં આવશે.

ભાજપ શહેરી વિસ્તારોમાં મજબૂત સમર્થન જાળવી રાખે છે કોંગ્રેસ ગ્રામીણ વિસ્તારોમાં પ્રભાવ જાળવી રાખે છે ગ્રામીણ વિસ્તારોમાં પણ શહેરોની તુલનામાં વધુ મતદાન નોંધાયું છે.નવી રચાયેલી નવ નગરપાલિકાઓમાં સરેરાશ ૫૪% મતદાન નોંધાયું છે, જેમાં વાપી અને નવસારી જેવા દક્ષિણ ગુજરાતના પ્રદેશોમાં મજબૂત ભાગીદારી જોવા મળી છે.વિશ્લેષકોએ નોંધ્યું છે કે યુવા મતદારો, ખાસ કરીને જનરલ ઝેડમાં ઓછી ભાગીદારી, જ્યારે ૪૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના મતદારો વધુ સંખ્યામાં મતદાન કર્યું હતું.બપોરના મતદાનમાં નોંધપાત્ર ઉદાસીનતા જોવા મળી હતી, જેમાં પીક અવર્સ દરમિયાન બૂથ મતદાન ઓછું હતું.૨૦૧૫: ભાજપે શહેરોમાં જોરદાર પ્રદર્શન કર્યું પરંતુ પાટીદાર આંદોલન (અનામત આંદોલન)ને કારણે ગ્રામીણ વિસ્તારોમાં તેનું સ્થાન ગુમાવ્યું.૨૦૨૧: ભાજપે જોરદાર વાપસી કરી, તમામ ૩૧ જિલ્લા પંચાયતો જીતી અને તમામ સ્તરે પ્રભુત્વ મેળવ્યું.૨૦૨૧ની જીતે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના રેકોર્ડબ્રેક પ્રદર્શનનો પાયો નાખ્યો.૨૦૨૧ મા કોવિડ-૧૯ મહામારીને કારણે સત્તા વિરોધી ભાવનાઓ અસ્તિત્વમાં હતી. આપ ત્રીજા રાજકીય બળ તરીકે

અનુસંધાન પાના નં.૪ પર

## કોઈ પાલિકા-પંચાયતમાં કોઈને સ્પષ્ટ બહુમતી ન મળે તો 'તોડવા-જોડવા'નો ખેલ

### સમજને હી નહી દેતી સિયાસત હમ કો સચ્ચાઇ, કભી 'ચહેરા' નહિ મિલતા, કભી 'દર્પણ' નહિ મિલતા : ત્રિપાંખીયા જંગમાં કયાંક ત્રિશંકુ પરિસ્થિતી સર્જાવાની શકયતાઃ અપક્ષો નિર્ણાયક બની શકેઃ ખૂટતા સભ્યો મેળવવા 'હોર્સ ટ્રેડિંગ' પ્રથા પ્રચલિત

ગાંધીનગર : રાજયની પાલિકા અને પંચાયતોની ચૂંટણી માટે ગઈકાલે શાંતિપૂર્ણ મતદાન થઈ ગયુ છે. શહેરી ક્ષેત્રમાં સરેરાશ ઓછુ અને ગ્રામ્ય ક્ષેત્ર માટે સરેરાશ વધુ મતદાન થયુ છે. કાલે તા. ૨૮ મંગળવારે સવારથી ઈ.વી. એમ. ખોલી મતગણતરી શરૂ થશે કોઈ નગરપાલિકા કે મહાનગરપાલિકામાં અથવા તાલુકા-જિલ્લા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસ, આમ આદમી પાર્ટી કે અન્ય કોઈ પાર્ટીને સ્પષ્ટ બહુમતી નહિ મળે તો સતા મેળવવા ખરાખરીનો ખેલ શરૂ થશે. ટેકા લેવા-દેવાની મોસમ જામશે. રાજકારણમાં આ પ્રવૃતિ માટે 'હોર્સ ટ્રેડિંગ' શબ્દ પ્રચલિત છે.કોઈપણ પાલિકા-પંચાયતમાં સતા મેળવવા માટે કુલ બેઠકોની અડધી સંખ્યા ઉપરાંત ઓછામાં ઓછી એક બેઠક મેળવવી જરૂરી છે. ઉદાહરણ તરીકે કુલ ૩૬ બેઠકો હોય તો શાસન કબજે કરવા ઓછામાં ઓછી ૧૯ બેઠકો જરૂરી છે. આવી સ્થિતિ સાદી બહુમતી ગણાય છે. કયારેક કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળે તો ખૂટતા સભ્યોનો ટેકો મેળવવા સભ્યો તોડવાની અને જોડવાની રમત શરૂ થાય છે. જેમાં મુખ્યત્વે પદ કે પૈસાની લાલચ આપવામાં આવે છે. અમૂકને પક્ષ પરિવર્તન કે 'હૃદય' પરિવર્તન કરાવવામાં આવે છે. અપક્ષ તરીકે ચૂંટાયેલ સભ્ય કોઈપણ પક્ષને સમર્થન આપી શકે છે કે કોઈપણ પક્ષમાં જોડાઈ શકે છે. રાજયમાં નગરોમાં ૪૯.૨ ટકા મહાનગરોમાં ૫૯.૫૦ ટકા મતદાન થયું છે.

રાજયમાં આ વખતના ત્રિપાંખીયા જંગમાં કયાંક ત્રિશંકુ પરિસ્થિતિ સર્જાવાની શકયતા નકારાણી નથી. જયાં કોઈને સ્પષ્ટ બહુમતી ન મળે ત્યાં મુખ્ય પદાધિકારીઓની ચૂંટણી વખતે બળાબળના પારખા થશે. તે પૂર્વે ખરાબરીના ખેલ ખેલાશે.

અત્યારના રાજકારણમાં જનાદેશને અવગણીને ટેકા ખરીદવા કે વેચવા તે

અનુસંધાન પાના નં.૪ પર

## હોર્મુઝ નાકાબંધી હટાવો - યુધ્ધને તુરત સમાપ્ત કરો

### ઇરાને અમેરિકાને મોકલ્યો નવો શાંતિ પ્રસ્તાવઃ પરમાણુ કાર્યક્રમ અંગે પછી વાતચીત : હવે સૌના માટે એક જ સવાલઃ શું અમેરિકા ઇરાનનો પ્રસ્તાવ સ્વીકારશે? હવે શું કરશે ટ્રમ્પ?

તહેરાન : શું અમેરિકા અને ઈરાન વચ્ચે ક્યારેય શાંતિ કરાર થશે? આ પ્રશ્ન દિવસેને દિવસે વધુ મહત્વપૂર્ણ બનતો જાય છે, કારણ કે બંને દેશો હળવું થવાનો ઈનકાર કરે છે. પાકિસ્તાનમાં વાટાઘાટોનો બીજો રાઉન્ડ નિષ્ફળ ગયો છે, અને એવું લાગે છે કે બંને દેશો ફક્ત ટેબલ પર બેસવા માંગતા નથી. યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું છે કે તેઓ પોતાના લોકોને ૧૮ કલાકની ફ્લાઈટમાં પાકિસ્તાન મોકલશે નહીં. જો



ઈરાન વાટાઘાટો કરવા માંગે છે, તો તેના લોકોએ અમેરિકા આવવું જોઈએ અથવા ફોન પર વાત કરવી જોઈએ. આ બધા નકારાત્મક સમાચાર વચ્ચે, એક સકારાત્મક વાત છેઃ ઈરાને અમેરિકાને શાંતિ ફોર્મ્યુલા ઓફર કરી છે.તાજા સમાચાર

ઈરાને અમેરિકા સમક્ષ એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેમાં હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો અને ચાલી રહેલા તણાવનો અંત લાવવાનો સમાવેશ થાય છે. જોકે, તેહરાને તેના પરમાણુ કાર્યક્રમ પર વાટાઘાટોને અસ્થાયી રૂપે મુલતવી રાખવાની હાકલ કરી છે.એક્સિઓસના અહેવાલ મુજબ, ઈરાને અમેરિકા સાથે એક કરારનો પ્રસ્તાવ મૂક્યો છે. આ કરારમાં હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા અને યુદ્ધનો અંત લાવવા માટે કરારની માંગ કરવામાં આવી છે.

## જાપાનમાં વહેલી સવારે ભૂકંપ : ૬.૧ની તીવ્રતાથી લોકોમાં ફફડાટ ફેલાયો

(એજન્સી દ્વારા)

ટોક્યો : જાપાનના હોકાઈડો ક્ષેત્રમાં આજે સોમવારે વહેલી સવારે ભૂકંપના શક્તિશાળી ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૬.૧ નોંધાઈ છે, જેના કારણે ગાઢ નિદ્રામાં રહેલા લોકો ગભરાઈને ઘરની બહાર દોડી આવ્યા હતા.જાપાનની હવામાન એજન્સીના જણાવ્યા મુજબ, ભૂકંપ આજે વહેલી સવારે ૫:૨૪ વાગ્યે (ભારતીય સમય મુજબ રાત્રે ૦૧:૫૪ વાગ્યે) આવ્યો હતો. ભૂકંપની



તીવ્રતા મધ્ય ટોકાચી ક્ષેત્રમાં જાપાનીઝ સ્કેલ પર '૫+' નોંધાઈ હતી.રાહતની વાત એ છે કે, આ ભૂકંપ બાદ અત્યાર સુધી સુનામીની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. તેમજ હજુ સુધી કોઈ મોટી જાનહાનિ કે મિલકતને નુકસાન થયાના અહેવાલો મળ્યા નથી. હવામાન વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોના લોકોને આગામી થોડા દિવસો સુધી આવનારા સંભવિત 'આફ્ટરશોક્સ' (ભૂકંપ પછીના હળવા ઝટકા) માટે સતર્ક રહેવાની સલાહ આપી છે.ઉલ્લેખનીય છે કે, ૨૦ એપ્રિલના રોજ ઉત્તરી જાપાનમાં ૭.૫ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો.

## ઈતિહાસમાં પહેલીવાર ઈઝરાયેલે સરહદ બહાર 'આયર્ન ડોમ' તૈનાત કર્યું

### ઈરાન સામેના યુદ્ધમાં UAEની વહારે આવ્યું નેતન્યાહુ સૈન્ય

: ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, ઈતિહાસમાં પ્રથમ વખત ઈઝરાયેલે પોતાની સૌથી શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ 'આયર્ન ડોમ' ને



દેશની બહાર અન્ય દેશની સુરક્ષા માટે તૈનાત કરી છે. જ્યારેખાડી દેશ UAEપર ઈરાન દ્વારા સતત મિસાઈલ અને ડ્રોન હુમલા

અનુસંધાન પાના નં.૪ પર

## સુરેન્દ્રનગરના ચુડા તાલુકાના જેપર ગામે આજે પુનઃમતદાન શરૂ, EVMમાં ખામીને કારણે ફરી મતદાન

:સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઈફસ મશીનમાં અચાનક સર્જાયેલી તકનીકી ખામીને કારણે સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના જેપર ગામમાં આજે પુનઃમતદાન યોજાઈ રહ્યું છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સીટ માટેના મતદાન મથક નંબર ૪ અને ૫માં આ ખામી સર્જાતા ચૂંટણી પંચે તાત્કાલિક પુનઃમતદાનનો આદેશ આપ્યો છે. મતદાનની પ્રક્રિયા આજે સવારે ૭ વાગ્યાથી શરૂ થઈ



છે અને સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. જેપર પ્રાથમિક શાળામાં આવેલા આ

અનુસંધાન પાના નં.૪ પર

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સુરત ખાતે યોજાશે

### વાયબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન ૧ થી ૫ મે દરમિયાન સુરતમાં યોજાશે : VGRE ૨૦૨૬ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં MSME, ઔદ્યોગિક અને ક્ષેત્રીય વિકાસને વેગ આપવા માટે તૈયાર છે

ગાંધીનગરઃ રાજ્ય સરકારે વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સની ત્રીજી આવૃત્તિ વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ (VGRC) - દક્ષિણ ગુજરાતની જાહેરાત કરી છે, જે ગુજરાત સ્થાપના દિવસ ૧ અને ૨ મે ૨૦૨૬ દરમિયાન સુરતમાં ઑરો યુનિવર્સીટી ખાતે યોજાશે. આ પરિષદ સાથે, વાયબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન ૧ થી ૫ મે ૨૦૨૬ દરમિયાન તે જ સ્થળે યોજાશે, જે સમગ્ર પ્રદેશના ઉદ્યોગો, MSME, સ્ટાર્ટઅપ સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકો માટે એક ઉન્નત પ્લેટફૉર્મ પ્રદાન કરશે. ૧૨,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં સ્થાપિત થનારું આ પ્રદર્શન સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે અને સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. ત્રીજી VGRC કોન્ફરન્સ ટેક્સટાઈલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ટુરિઝમ સહિતના મુખ્ય વિકાસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે તથા આ ઉચ્ચ-વિકાસ ક્ષેત્રોની અગ્રણી કંપનીઓ અને સંસ્થાઓ પણ ભાગ લેશે. વ્યૂહાત્મક ભાગીદારી, નીતિ સહાય અને રોકાણકારોની ભાગીદારી દ્વારા, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગુજરાતના દક્ષિણ ક્ષેત્રોમાં સમાવિષ્ટ વિકાસ અને સસ્ટેનેબિલીટી સુનિશ્ચિત કરી ઔદ્યોગિક વિકાસને વેગ આપવાનો છે. અગાઉ વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન જે રાજકોટ ખાતે આયોજિત થયું હતું એની વાત કરીએ એ તો, ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કચ્છ અને સૌરાષ્ટ્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન નું ઉદ્ઘાટન થયું હતું.

આ દરમિયાન પ્રદર્શનમાં ૪૫૦ થી વધુ પ્રદર્શકો, જેમાં ૧૬૦ થી વધુ MSME, ૬૦ જેટલા સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ, ૬૨ જેટલા હસ્તકલા અને હસ્તશિલ્પ સાથે સંકળાયેલા ઉન્નત કારીગરો અને કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગોના ૭૦ સ્ટોલ હતા. આ અગાઉ, ઉત્તર ગુજરાતના પ્રદેશ માટે મહેસાણામાં યોજાયેલા પ્રથમ રિજનલ એક્ઝિબિશનમાં ૧૮,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ૪૧૦થી વધુ પ્રદર્શકો (૧૭૦+ MSME સહિત), ૭ થીમેટિક પેવેલિયન અને ૮૦,૦૦૦થી વધુ મુલાકાતીઓને આવકાર્યા હતા. આ ફર્ઈઈ ૨૦૨૬ દરમિયાન રિવર્સ બાયર-સેલર મીટ, ઉદ્યમી મેળા અને વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ જેવા ખાસ કાર્યક્રમો યોજાશે, જે MSMEs, હસ્તકલા અને કુટિર ઉદ્યોગોને નવા બજારો સાથે જોડવામાં સહાયરૂપ બનશે. વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન MSME, હસ્તકલા અને કુટીર ઉદ્યોગોને પણ સેવા આપશે. આનાથી હિસ્સેદારોને નવા બજારો સાથે જોડવામાં મદદ મળશે. મુલાકાતીઓ https://vibrantgujarat.com/registration લિંક પર નોંધણી કરાવી શકે છે. ગુજરાત સ્થાપના દિવસના અવસરે ઉજવાતી ગૌરવશાળી પરંપરાને વધુ અર્થપૂર્ણ બનાવતાં, આ વર્ષે સુરતમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ રાજ્યના વિકાસયાત્રાને નવી દિશા આપવાનો સંકલ્પ વ્યક્ત કરે છે. ૧ મેના આ ઐતિહાસિક દિવસે યોજાનાર આ કાર્યક્રમ ગુજરાતના ઔદ્યોગિક, આર્થિક અને સામાજિક પ્રગતિના દ્રષ્ટિકોણને મજબૂત બનાવશે, સાથે જ "વિક્સિત ભારત@૨૦૪૭"ના વિઝન સાથે સુસંગત રહી પ્રાદેશિક વિકાસ, રોકાણ અને વૈશ્વિક જોડાણોને પ્રોત્સાહિત કરશે. ફર્ઈઝ દ્વારા રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં નવી તકોનું સર્જન થશે અને ગુજરાતની વિકાસગાથાને વધુ ગતિ મળશે.

## પશ્ચિમ બંગાળમાં વડાપ્રધાન મોદીની રેલી પુર્વે જ હિંસા : ક્રુડ બોંબ ફેંકાયા-ગોળીબાર

નવી દીલ્હી :પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના પ્રચાર વચ્ચે ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના જગદ્દલમાં રવિવારે મોડી રાત્રે ભયાનક હિંસા ફાટી નીકળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૂચિત રેલીના થોડા કલાકો પહેલા જ ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસના સમર્થકો સામસામે આવી ગયા હતા. આ અથડામણ દરમિયાન અનેક ક્રૂડ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા અને ગોળીબાર થયો હતો, જેમાં ફરજ પરના એક જવાનને ગોળી વાગતા તે ગંભીર રીતે ઘાયલ થયો છે.ઘટનાની શરૂઆત રવિવારે રાત્રે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ જગદ્દલ પોલીસ સ્ટેશનની બહાર થઈ હતી. ભાજપના ઉમેદવાર રાજેશ કુમાર કોઈ કાયદાકીય મામલે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તે જ સમયે ઝખઈ કાઉન્સિલર મનોજ પાંડે પણ પોતાના સમર્થકો સાથે ત્યાં આવી પહોંચ્યા હતા.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, નેતાઓ વચ્ચેની ઉગ્ર બોલાચાલી જોતજોતામાં હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ હતી. બંને પક્ષોના સેંકડો સમર્થકો રસ્તા પર

અનુસંધાન પાના નં.૪ પર

## પંજાબ-ચંદીગઢમાં ૧૧ સ્થળોએ ઈડીના દરોડા

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : આજ રોજ પંજાબ અને ચંદીગઢમા લગભગ લગભગ ૧૧ સ્થળોએ ઈડીના દરોડા પાડવામાં આવયા હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે.

આ બાબતે મળતી વધુ વિગતો અનુસાર પંજાબ અને ચંદીઢમાં એન્ફોર્સમેન્ટ ડીરેકટરની ટીમોએ અલગ અલગ ૧૧ જેટલા સ્થળોએ સર્ચ હાથ ધરી છે. મની લોન્ડરંગ કેસમાં આ કાર્યવાહી કરવામા આવી રહી છે. ફોજદારી કેસના સમાધાન માટે વચેટીયાએ લાંચ લીધી હોવાનુ સામે આવ્યુ હતુ. અધિકારી પર અપ્રમાણસર મિલ્કતોઅ ને કાળાનાળાના આરોપને લઈને તપાસ કરવામા આવી રહી છે. તપાસમા બેનામી સંપત્તી તથા વ્યહવાર પુરાવા એકત્રીત કરવામા આવી રહ્યા છે.

અફવાઓથી દૂર રહો, ગભરાટમાં ખરીદી કરો નહીં: સરકારની અપીલ

## રાંધણ ગેસ પુરવઠો સામાન્ય : એક જ દિવસમાં ૫૧.૮ લાખ સિલિન્ડર અપાયા

### ભૌગોલિક રાજકીય તણાવ અને હોર્મુઝ જળમાર્ગ બંધ થવા જેવી સ્થિતિ છતાં, સરકારે ઘરેલું ગેસ પુરવઠાને પ્રાથમિકતા આપી

નવી દિલ્હી : દેશમાં રાંધણ ગેસ (એલપીજી)નો પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય હોવાના અહેવાલ છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા રવિવારે બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર, શનિવારે એક જ દિવસમાં દેશભરમાં ૫૧.૮ લાખથી વધુ ઘરેલું એલપીજી સિલિન્ડરની ડિલિવરી કરવામાં આવી છે. રિટેલ વિતરકો પાસે ગેસની કોઈ અછત નથી.

મંત્રાલયના જણાવ્યા મુજબ, માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં ૫.૪૫ લાખ નવા પાઈપ્ડ નેચરલ ગેસ(પીએનજી) કનેક્શન કાર્યરત કરવામાં આવ્યા છે અને વધારાના ૨.૬૨ લાખ કનેક્શન માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર છે.

## રશિયા-યુક્રેનના શ્રેણીબદ્ધ હુમલામાં ૧૬નાં મોત

કીવ : રશિયા અને યુક્રેનના એકબીજા પરના શ્રેણીબદ્ધ હુમલામાં બે દિવસમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા હતાં અને અનેક ઘાયલ થયા હતાં. આ મોત યુક્રેન, રશિયાના કબજા હેઠળના પ્રદેશો અને રશિયામાં થયા હતાં. ૨૬ એપ્રિલે ચેર્નોબિલ પરમાણુ દુર્ઘટનાની ૪૦મી વરસીએ થયેલા આ હુમલાને પગલે યુક્રેનના અધિકારીઓએ પરમાણુ આતંકવાદના વધતા જોખમો અંગે વોર્નિંગ આપી હતી.

## પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાના મતદાન પહેલા મોદીએ થંથાનિયા કાલીબારી મંદિરમાં નમાવ્યું શીશ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ પૂરજોશમાં ચાલી રહી છે. મતદાનનો એક તબક્કો પૂર્ણ થઈ ગયો છે, અને બીજો તબક્કો ૨૯ એપ્રિલે યોજાવાનો છે. દરેક પક્ષ બીજા તબક્કાના પ્રચારમાં પોતાની સંપૂર્ણ તાકાત લગાવી રહ્યો છે. જોકે, લડાઈ સીધી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) વચ્ચે



હોય તેવું લાગે છે. દરમિયાન પીએમ મોદીની બંગાળમાં આ મંદિરોની મુલાકાત ચર્ચાનો વિષય બની છે.પીએમ મોદીએ ઠાકુરનગરમાં માતુઆ સમુદાયના મુખ્ય મંદિર ઠાકુરબારી અને રાજધાની કોલકાતાના ઐતિહાસિક થંથાનિયા કાલી મંદિરમાં પ્રાર્થના કરી હતી.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

વૈશાખ સુદ-૧૧, તા.૨૭ એપ્રિલ, સોમવાર

# કચ્છનું તંત્ર ઘડે 'હીટ એક્શન પ્લાન'



## ગરમીનો પારો ૪૩ ડીગ્રીને પાર કરી ગયો છે, હીટસ્ટ્રોકથી લોકોને બચાવવા તંત્રએ આવવુ જોઈએ એક્શનમાં

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ કચ્છનું રણ અને મેદાની વિસ્તારો અગનભટ્ટીમાં ફેરવાઈ જાય છે. હાલમાં જે રીતે અગનતાપ વરસી રહ્યો છે તે જોતા એ બાબત સ્પષ્ટ કરે છે કે હવે ગરમી એ માત્ર મોસમી ફેરફાર નથી, પણ એક ગંભીર કુદરતી આપત્તિ છે. કચ્છના વહીવટી તંત્રએ પણસ્થાનિક પરિસ્થિતિ મુજબ સચોટ આયોજન ઘડવાની તાતી જરૂર છે.?કચ્છ માટે અનિવાર્ય સુરક્ષા પગલાંની જો વાત કરીએ તો

કચ્છમાં મીઠાના અગરો, બાંધકામ ક્ષેત્ર અને ખેતીમાં હજારો મજૂરો કામ કરે છે. અહીં પણ બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી ખુલ્લામાં કામ કરવા પર કડક પ્રતિબંધ મૂકવો જોઈએ. શ્રમિકોને ગરમીથી બચવા છાંયડો, પીવાનું ઠંડું પાણી અને પ્રાથમિક સારવારની કીટ કાર્યસ્થળ પર જ પૂરી પાડવી જોઈએ. રણકાંઠાના

**શ્રમિકો માટે બિલ્ડીંગ સાઈટ પર બપોરના સમયે કામ બંધ રખાવાનો કરો પરિપત્ર : શાળાઓના સમયપત્રકમાં કરવા જોઈએ ફેરફાર : આરોગ્ય કેન્દ્રોની સજ્જતા વધારવી જોઈએ**

વિસ્તારોમાં તાપમાન વધુ હોવાથી શાળાઓના સમયમાં ફેરફાર કરી તેને વહેલી સવારની કરવી જોઈએ. બાળકોને શાળામાં જ ORS અને હાઈડ્રેશન વિશે જાગૃત કરવા જોઈએ જેથી ઘરે જતી વખતે લૂ લાગવાનું જોખમ ઘટે. તાલુકા કક્ષાની હોસ્પિટલો અને (પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો) માં ખાસ 'હીટ સ્ટ્રોક વોર્ડ' તૈયાર કરવા જોઈએ. ગરમીથી અસરગ્રસ્ત દર્દીઓ માટે પૂરતા પ્રમાણમાં આઈસ પેક્સ, IV ફ્લુઈડ્સ અને દવાઓનો સ્ટોક હોવો અનિવાર્ય છે.જાહેર સુવિધાઓઃ એસ.ટી. બસ સ્ટેન્ડ, બજારો અને જાહેર માર્ગો પર ઠંડા પાણીની પરબો અને કામચલાઉ છાંયડાની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. શહેરી વિસ્તારોમાં 'ગ્રીન નેટ' (લીલી જાળી) દ્વારા મુખ્ય ચોક પર છાંયડો કરી શકાય.કચ્છ એ પશુપાલન આધારિત જિલ્લો છે. મનુષ્યોની સાથે પશુઓ માટે પણ પીવાના પાણીના અવાડા અને ઘાસચારાની વ્યવસ્થા છાંયડાવાળી જગ્યાએ થાય તે જોવાની જવાબદારી તંત્રની છે. 'રેડ એલર્ટ' દરમિયાન સ્થાનિક ભાષામાં સોશિયલ મીડિયા અને લાઉડસ્પીકર દ્વારા લોકોને બપોરના સમયે બહાર ન નીકળવા ચેતવણી આપવી જોઈએ.કચ્છનું વહીવટી તંત્ર દર વર્ષે પ્લાન બનાવે છે, પરંતુ તેની અસરકારકતા ત્યારે જ ગણાય જ્યારે છેવાડાના માનવીને તે ગરમીથી બચાવે. દિલ્હીના પ્લાનની જેમ અહીં પણ અમલવારીમાં કડકાઈ અને માનવીય અભિગમનું મિશ્રણ હોવું જોઈએ. જો સમયસર પગલાં લેવામાં આવશે, તો જ આપણે 'હીટવેવ' જેવી અદ્રશ્ય આફત સામે જાનહાનિ રોકી શકીશું.

# ઉમેદવારોનું ભાવી સ્ટ્રોંગ રૂમમાં સીલ : પરિણામો માટે ઉત્કંઠા



ગઈકાલે કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન સંપન્ન થયા બાદ હવે સૌની નજર આવતીકાલના પરિણામો પર ટકી છે. લોકશાહીના આ પર્વમાં મતદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધા બાદ, મોડી સાંજે ભુજની સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે ભુજ નગરપાલિકા, ભુજ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકોના ઈવીએમ મશીનોને સ્ટ્રોંગ રૂમમાં સીલ કરવામાં આવ્યા હતા. આ મશીનોમાં ઉમેદવારોના ભાવિ કેદ થયા છે અને હાલ આ સ્થળ એક મજબૂત કિલ્લામાં ફેરવાઈ ગયું છે. વહીવટી તંત્રના અધિકારીઓ અને સુરક્ષાકર્મીઓની હાજરીમાં આ મશીનોને સુરક્ષિત રૂમમાં રાખવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આવતીકાલે સવારથી જ આ જ સ્થળે મતગણતરીનો પ્રારંભ થશે, માત્ર ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારો જ નહીં, પણ કચ્છના જાગૃત મતદારો પણ પોતાના પ્રતિનિધિ કોણ બનશે તે જાણવા માટે ભારે આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે. આવતીકાલનો સૂર્યોદય કચ્છના રાજકીય ફલક પર કોનું નસીબ ચમકાવશે તે જોવું રસપ્રદ રહેશે.

## રાપરના ઉમેદવારોનું ભાવી ઈવીએમમાં સીલ



રાપર - કચ્છ ઉદય : સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી યોજાઈ છે ત્યારે થયેલ મતદાન દરમ્યાન ઉમેદવારોનું ભાવી ઈવીએમમાં સીલ થયું હતું. જે ૨૮ મીએ ખુલશે ત્યારે કભી ખુશી કભી ગમ જોવા મળશે ત્યારે રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી મોડર્ન સ્કૂલ ખાતે ઈવીએમ આવ્યા હતા ત્યારે કર્મચારીઓ ઈવીએમ જમા કરાવતા નજરે પડ્યા હતા.

# લોકશાહીના પર્વમાં યોગદાન આપનારા સર્વેનો જિલ્લા ભાજપ અધ્યક્ષએ આભાર વ્યક્ત કર્યો



ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા પછી કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ દ્વારા ચૂંટણીમાં એક યા બીજા પ્રકારે સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કરાયો હતો. શ્રી વરચંદે લોકશાહીના પર્વ સમી ચૂંટણીનું મતદાન જિલ્લાભરમાં સફળતાપૂર્વક સંપન્ન થતાં ખુશી વ્યક્ત કરી હતી. સૌનો આભાર માનતાં કહ્યું હતું કે જિલ્લામાં સર્વે મતદારોએ જિલ્લા પંચાયત, નવ તાલુકા પંચાયત, કચ્છની પાંચ નગર પાલિકા અને એક મહાનગર પાલિકામાં રવિવારે સંપૂર્ણ શાંતિ, સુલેહથી મતદાનની ફરજ બજાવી હતી. આટલી મોટી કામગીરીને સરળતા અને સફળતાથી પૂર્ણ કરનારા વહીવટી તંત્ર, ચૂંટણી ફરજ પરના તમામ અધિકારીઓ, કાયદો અને વ્યવસ્થાની સફળ ફરજ બજાવનાર પોલીસતંત્ર સહિત સુરક્ષા દળની જવાનો, ચૂંટણી દરમ્યાન વીજવિક્ષેપ ન સર્જાય તે માટે ખડેપગે સેવા આપનારા પીજીવીસીએલના અધિકારીઓ, આરટીઓ અને એસટી વિભાગના સર્વે કર્મચારીઓ, ચૂંટણીના મતદાનના આંકડાઓ વિશે પળે પળની અપડેટ જન જન સુધી પહોંચાડનારા કચ્છના સજાગ મીડિયાકર્મીઓ વિગેરે તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી વરચંદે ચૂંટણી એક મહાયજ્ઞ છે તેવું જણાવી તેને સફળતાપૂર્વક સંપન્ન કરવાના મહા પડકારને ઝીલવા માટે કચ્છના જુદા જુદા તંત્રો દ્વારા ઉત્તમ સંકલનયુક્ત સહયોગ મળવો અત્યંત જરૂરી હોય છે ત્યારે સર્વેનો જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે આભાર વ્યક્ત કર્યો હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી અને સહ ઈન્ચાર્જ સૂનીલ માંકડની સંયુક્ત યાદીમાં જણાવાયું હતું.

## ભીમાસર સીમમાં વીજ વાયરની ચોરીનો પ્રયાસ

અંજાર - કચ્છ ઉદય : તાલુકાના ભીમાસર સીમમાં થાંભલા નં.૧૫ અને ૧૬ પાસે વીજ વાયરની ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વેલસ્પન કંપની ૨૨૦ કેવી વીજલાઈનના થાંભલા નં.૧૫-૧૬ પર બે બાઈક લઈને ઈસમો આવ્યા હતા અને ચોરી કરવાના ઈરાદે આવ્યા હતા. જોકે સિક્યુરિટી ગાર્ડ જોઈ જતા પીછો કરવામાં આવ્યો હતો ત્યારે ખેતરમાં બાઈક અને ટોર્ચ મૂકીને આરોપી ભાગી ગયા હતા. જેથી અંજાર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## માધાપર હાઈવે પર ટ્રક હડફેટે યુવાન ઘાયલ

ભુજ - કચ્છ ઉદય : માધાપર હાઈવે પર મધર ડેરીની સામે અકસ્માત થયો હતો. ફરિયાદી અમજતખાન શબીરખાન સૈયદના જણાવ્યા પ્રમાણે ટ્રક નં.જીજે૧૨ - એક્સ - ૩૯૮૨ ના ચાલકે પૂર ઝડપે ગાડી ચલાવી બાઈક નં.જીજે૧૨ - ઈએ - ૩૯૮૬ ને ટક્કર મારતા તોહીદ અમજદખાન પઠાણને ઈજાઓ થઈ હતી. જેથી માધાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

# આગ ઝરતી ગરમી સાથે કચ્છમાં આગના બનાવો વધ્યા

**ભુજના શ્રીજીનગર, કોવઈનગર, લાકડિયા બ્રીજ, કંથકોટ સહિતના વિસ્તારમાં આગ લાગી**





ભચાઉ - કચ્છ ઉદય : છેલ્લા અઠવાડિયાથી કચ્છમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. જેના કારણે જનજીવન ત્રસ્ત બન્યું છે. આકાશમાંથી અગન ગોળા વરસતા હોય તેવી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આ સાથે આગના બનાવોમાં પણ ઉછાળો આવ્યો છે. ભુજના મહાવીરનગર, કોવઈનગર, લાકડિયા બ્રીજ, કંથકોટ સહિતના વિસ્તારમાં આગ લાગી હતી. ભચાઉ તાલુકાના લાકડિયા બ્રિજ પાસે મોટા કચરાના ઢગલામાં આગ લાગી હોવાની જાણ થતા ભચાઉ ફાયર વિભાગની ટીમ પહોંચી હતી અને આગ બુઝાવી હતી. કંથકોટ ગામે શોર્ટ સર્કિટ થતા નીચે સૂકા ઝાડી ઝાંખરામાં મોટા પ્રમાણમાં આગ લાગી હતી. આગ ઝુપડામાં પહોંચે તે પહેલા કાબૂ મેળવી લેવાયો હતો. ભુજના કોવઈનગરમાં ખુલ્લા પ્લોટમાં ઝાડી - ઝાંખરામાં આગ લાગી હતી. મહાવીનગર પાસે આવેલ શ્રીજીનગરમાં પણ ખુલ્લા પ્લોટમાં આગ લાગી હતી. ભુજ ફાયર વિભાગે આગ બુઝાવી હતી.

# મોથાળા ચેકપોસ્ટ પાસે બે કાર વચ્ચે ટક્કર, મુંબઈના એક જ પરિવારના ૫ સભ્યો ઈજાગ્રસ્ત

ભુજ : અબડાસા તાલુકાની મોથાળા ચેકપોસ્ટ પાસે મોડી રાત્રે બે કાર વચ્ચે અકસ્માત સર્જાતા મુંબઈથી આવેલા એક જ પરિવારના પાંચ સભ્યોને ઈજાઓ પહોંચી છે. આગળ જતી કારે અચાનક યુ-ટર્ન લેતા પાછળ આવતી કાર તેની સાથે અથડાઈ પડી હતી.

ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. મુંબઈથી કચ્છ પ્રવાસે આવેલો ભાનુશાલી પરિવાર પોતાની કાર લઈને જઈ રહ્યો હતો ત્યારે મોથાળા ચેકપોસ્ટ પાસે આ અકસ્માત સર્જાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આગળ જઈ રહેલી એક કારે અચાનક વળાંક (યુ-ટર્ન) લેતા પાછળ આવી રહેલી પરિવારની કાર તેની સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં મહેન્દ્રભાઈ કરશનભાઈ ભાનુશાલી, વર્ષાબેન મહેન્દ્રભાઈ ભાનુશાલી, કનૈયાલાલ મહેન્દ્રભાઈ ભાનુશાલી, પૃથ્વીભાઈ મહેન્દ્રભાઈ ભાનુશાલી, પ્રતાપ મોહનલાલ કટારમલને ઈજાઓ થઈ હતી અકસ્માત બાદ સ્થાનિક લોકો અને રાહદારીઓ મદદે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હોસ્પિટલની પોલીસ ચોકીમાં આ અંગેની નોંધ કરવામાં આવી છે.

# કિડાણામાં પત્નીની હત્યા કરનાર પતિને ઝડપી લેવાયો

ગાંધીધામ : ઔદ્યોગિક નગરી ગાંધીધામના કિડાણા વિસ્તારમાં આવેલ એકતાનગરમાં નજીવા ઘરકંકાસમાં ઉશ્કેરાયેલા શ્રમિક પતિએ પોતાની પત્ની પર કુહાડી વડે જીવલેણ હુમલો કરી તેણીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. બે માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

કિડાણાના એકતાનગરમાં રહેતા શ્રમિક અશરફ લંઘા અને તેની પત્ની જેનતબેન ઉર્ફે હવાબાઈ (ઉ.વ. ૪૫) વચ્ચે છેલ્લા કેટલાક સમયથી જમવા બાબતે અને બાળકોની સારસંભાળ જેવા મુદ્દે અવારનવાર ઝઘડા થતા હતા. ઝઘડાએ એટલું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું કે, જ્યારે જેનતબેન પોતાના બે સંતાનો ૧૦ વર્ષની પુત્રી અને ૫ વર્ષનો પુત્ર સાથે ખાટલા પર સૂઈ રહ્યા હતા, ત્યારે ઉશ્કેરાયેલા પતિ અશરફે ઘરમાં પડેલી ધારદાર કુહાડી વડે પત્નીના માથાના ભાગે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાઓને કારણે જેનતબેનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. વહેલી સવારે જ્યારે બંને માસૂમ બાળકો જાગ્યા અને પોતાની માતાને જગાડવા ગયા, ત્યારે માતાને લોહીલુહાણ હાલતમાં જોઈ તેઓ ફફડી ઉઠ્યા હતા. બાળકોની રાડારાડ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૧૨ પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. ચૂંટણી બંદોબસ્તની વ્યસ્તતા વચ્ચે પણ હત્યાના સમાચાર મળતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. હત્યા કરી નાસી છૂટેલા આરોપી અશરફ લંઘાને પોલીસે ગણતરીના કલાકોમાં જ રાઉન્ડ-અપ કરી લીધો છે. પોલીસે મૃતક મહિલાની લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. નજીવા કંકાસમાં બે બાળકોએ માતા ગુમાવી અને પિતા જેલના સળિયા પાછળ ધકેલાયા છે, જેના કારણે શ્રમિક પરિવાર વેરવિખેર થઈ ગયો છે.

# બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે નિઃશુલ્ક ત્રાંસી આંખ કેમ્પનું આયોજન કરાયું



બિદડા - કચ્છઉદય : બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે જયકાલ એક્સપોર્ટ પ્રાઈવેટ લિમિટેડના સહયોગથી નિઃશુલ્ક ત્રાંસી આંખ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મુંબઈથી પધારેલા પ્રખ્યાત આંખના નિષ્ણાંત ડૉ. અતુલ શેઠ, ડૉ. અશ્વિન સૈનાની, ડૉ. રિષભ શેઠ તેમજ એનસ્થેટિક તરીકે ડૉ. અર્ચના મ્હાત્રે અને ડૉ. પ્રણાલી પાટિલએ અમૂલ્ય સેવાઓ આપી હતી. આ શિબિર દરમિયાન કુલ ૫૪ દર્દીઓની તપાસણી કરવામાં આવી હતી, જેમાંથી ઓપરેશન માટે યોગ્ય દર્દીઓના આવતીકાલે નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવશે. સ્થાનિક આંખના તબીબ ડૉ. વિરલ રાણા તથા તેમની ટીમે કેમ્પમાં નોંધપાત્ર સહકાર આપ્યો હતો. ઉપરાંત વાત્રક નર્સિંગ સ્ટાફના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સેવા આપી હતી. સ્વયંસેવક તરીકે અમૃત મારૂ અને જગદીશ ફુરિયાએ સેવાઓ બજાવી હતી. ડૉ અતુલ શેઠે જણાવ્યું હતું કે, જન્મજાત ખોડખાંપણ, ખેંચ, વધુ પડતાં મોબાઈલના ઉપયોગથી ત્રાંસી આંખ થવાની શક્યતા રહે છે. જેને ઓપરેશન દ્વારા સીધી કરવામાં આવે છે. ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાએ જણાવ્યું હતું કે, સુપર સ્પેશિયાલિસ્ટ આરોગ્યલક્ષી કેમ્પો સમાજના જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે અને ટ્રસ્ટ ભવિષ્યમાં પણ આવી સેવાકીય પ્રવૃત્તિઓ ચાલુ રાખશે. તેમણે તમામ ડૉક્ટરો, દાતાશ્રીઓ, સેવાભાવી કાર્યકરો તથા સહયોગીઓને આભાર વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સોમવારથી શનિવાર સુધી ડૉ. વિરલ રાણા દ્વારા આંખની તપાસણી અને આધુનિક પદ્ધતિ વડે મોતિયા બિંદના ઓપરેશન કરવામાં આવે છે તેમજ આંખના પડદા માટે મહિને બે વખત વિઝિટિંગ નિષ્ણાંત ડૉક્ટર દ્વારા સારવાર આપવામાં આવે છે. આમ આંખને લગતી તમામ બીમારીઓની સારવાર બિદડા સર્વોદય ટ્રસ્ટના પ્રાંગણમાં રાહત દરે ઉપલબ્ધ છે.ટ્રસ્ટી શાંતિભાઈ વીરાએ આ શિબિરને બિરદાવીને દાતાઓ, ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ, સ્વયંસેવકો અને સંસ્થાના કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કેમ્પની સમગ્ર વ્યવસ્થા ભરત સંગાર, જી. એસ. સૈયદ, મેહુલ ગોર અને ઉમરશી ચંદે દ્વારા સંભાળવામાં આવી હતી.

**જયગીરનારીના નાદ અને આકરા તાપ વચ્ચે**

# પિયોણીમાં ૨૧ દિવસીય પંચધુની અગ્નિ તપસ્યાનો પ્રારંભ



નખત્રાણા - કચ્છઉદય : પિયોણી નિલકંઠ મહાદેવ આનંદ આશ્રમ ખાતે લઘુમહંત આયુષગિરિજી ગુરૂ મહંત હંસગિરિજી મહારાજ દ્વારા આજે ૨૧ દિવસીય પંચધુની અગ્ની તપસ્યાનો જયગીરનારીના નાદ સાથે સંતો - મહંતોની ઉપસ્થિતિ વચ્ચે પ્રારંભ થયો હતો. મહંત હંસગિરિજીએ જણાવ્યું હતું કે, પિયોણી ખાતે પ્રથમ વખત લઘુમહંત આયુષગિરિજી ૪૨ ડિગ્રી તાપમાનમાં ૨૧ દિવસ સુધી સવારે ૧૧થી ૨ વાગ્યા દરમ્યાન અગ્ની તપસ્યા કરશે. વિશ્વ શાંતિ અને જન કલ્યાણના હેતુ સાથે સમગ્ર જીવ સૃષ્ટી પર ભગવાન ભોળાનાથની અસીમ કૃપા વરસતી રહે તેવા સંકલ્પ સાથે આયુષગિરિજી મહારાજ પરમાત્માના નામની ધુણી ધખાવી તપસ્યામાં લીન થયા છે. શાસ્ત્રોક્તવિધિ સાથે પ્રારંભ કરવામાં આવ્યો છે. તપસ્યાના સમાપન પ્રસંગે અમાસે રામભાવ ભજનો, મહાપ્રસાદ, કન્યા પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. અગ્નિ તપસ્યાના દર્શનનો ધર્મ લાભ લેવા વાયક અપાયું છે.

# પાલારા ખાસ જેલ ખાતે એમ.આઈ. બાયડનું વિશેષ સન્માન





ભુજ - કચ્છઉદય : ભુજની પાલારા ખાસ જેલ ખાતે કેદીઓના કલ્યાણ, પુનઃવસન અને સુધારણા પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન આપવા બદલ ભુજ વિધુત નિરીક્ષાલય ખાતે સીનીયર કારકુન તરીકે ફરજ બજાવતા એમ. આઈ. બાયડ નું જેલ પ્રશાસન દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જેલ ખાતે ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે કેદીઓ માટે "માનસિક શાંતિ અને વ્યક્તિત્વ વિકાસ" વિષય પર પ્રેરણાત્મક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન, સંકલન અને જેલ લાયબ્રેરી માટે ઉપયોગી પુસ્તકોની વ્યવસ્થા કરવામાં એમ. આઈ. બાયડે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની આ નિષ્ઠાપૂર્વકની સામાજિક સેવાઓને બિરદાવવા માટે જેલ અધિક્ષક બી. બી. પરમાર દ્વારા તેમને પ્રશંસાપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સન્માન કાર્યક્રમ પ્રસંગે જેલ અધિક્ષકની સાથે જેલ રાઈટર ભાવેશભાઈ ડાભી તેમજ જેલના અન્ય અધિકારીઓ અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. જેલ પ્રશાસને શ્રી બાયડની સામાજિક પ્રતિબદ્ધતા અને કેદીઓના હિતમાં કરવામાં આવેલા કાર્યોની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

# ચરોપડીમાં ૧૬ વર્ષીય કિશોરનું મોત

ભુજ : અબડાસા તાલુકાના ચરોપડી ગામે કિશોરના અપમૃત્યુની ઘટના સામે આવી છે. ૧૬ વર્ષીય કિશોરનું કોઈ અગમ્ય કારણોસર સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વાયોર પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ચરોપડીમાં રહેતા ૧૬ વર્ષીય કિશોર નીરાહુકુમાર મોહમ્મદ સમસુદ્દીન બપોરે જમીને તે ઘરે સૂઈ ગયો હતો, પરંતુ દોઢ કલાક સુધી જગાડવા છતાં તે જાગ્યો ન હતો. કિશોર શરીરમાં કોઈ હલચલ ન જણાતા પરિવારજનો ચિંતિત બન્યા હતા અને તેને તાત્કાલિક સારવાર અર્થે નલિયાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ ગયા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે કિશોરને તપાસીને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા વાયોર પોલીસની ટુકડી હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે કિશોરના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી છે. ઝેરી પીણું અથવા ગરમીના કારણે ખોરાકી અસર થતાં મોત થયાનું માનવામાં આવે છે. અલબત્ત પીએમ રિપોર્ટના આધારે મોતનું કારણ સામે આવશે.

**નામ બદલાવેલ છે**
હું હર્ષદ ધરમશીભાઈ જોગી રહે. સી/૧૧/૪૩ સરકારી કવાર્ટર જૂની રાવલ વાડી ભુજ. હું હર્ષદ ધરમશી જોગી તરીકે ઓળખાતો હતો પરંતુ હવેથી હું હર્ષદ ધરમશીભાઈ જોગી તરીકે ઓળખાઇશ.

**નામ બદલાવેલ છે**
હું શીતલ ધરમશીભાઈ જોગી રહે. પ્લોટ નં ૨૨૮ સરકારી વસાહત મુન્દ્રા રિલોકેશન સાઈટ ભુજ હું શીતલ ધરમશી જોગી તરીકે ઓળખાતી હતી પરંતુ હવેથી હું શીતલ ધરમશીભાઈ જોગી તરીકે ઓળખાઇશ.

**નામ બદલાવેલ છે**
હું સોહિન સતાર માજોઠી રહે.પાણી પૂરવઠા બાજુમાં દેવાળિયા રોડ વીડી-કચ્છ પહેલા હું સોહિન અબ્દુલસતાર માંજોઠી તરીકે ઓળખાતો હતો પરંતુ હવેથી હું સોહિન સતાર માજોઠી તરીકે ઓળખાઇશ.

**નામ બદલાવેલ છે**
હું સોહેબઅલી સતાર માજોઠી રહે.પાણી પૂરવઠા બાજુમાં દેવાળિયા રોડ વીડી-કચ્છ પહેલા હું સોહેબઅલી અબ્દુલસતાર માંજોઠી તરીકે ઓળખાતો હતો પરંતુ હવેથી હું સોહેબઅલી સતાર માજોઠી તરીકે ઓળખાઇશ.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

## જિલ્લા પંચાયતની ૩૭ બેઠકો પર ૬૬.૮૦ ટકા મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાર | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| આધોઈ | ૨૮૧૬૧ | ૧૪૬૧૫ | ૫૧.૯૦ |
| ભદ્રેશ્વર | ૨૨૫૦૩ | ૧૭૧૯૭ | ૭૬.૪૨ |
| ભીમાસર (ભુ) | ૨૮૯૫૬ | ૧૬૦૩૯ | ૫૫.૩૯ |
| ભીમાસર (ચ) | ૨૨૫૨૯ | ૧૬૧૬૩ | ૭૧.૭૪ |
| ભીરંડિયારા | ૨૬૪૩૫ | ૨૦૫૯૬ | ૭૭.૯૧ |
| બિદડા | ૨૯૫૪૭ | ૧૯૪૩૩ | ૬૫.૭૭ |
| ચોબારી | ૨૯૫૦૫ | ૧૯૫૫૧ | ૬૬.૨૬ |
| દયાપર | ૨૩૦૦૭ | ૧૯૨૪૨ | ૮૩.૬૪ |
| દિનારા | ૨૦૨૧૬ | ૧૭૫૬૦ | ૮૬.૮૬ |
| ફતેહગઢ | ૩૦૬૮૭ | ૧૮૭૧૩ | ૬૦.૯૮ |
| ગઢશીશા | ૨૫૬૯૨ | ૧૬૮૧૨ | ૬૫.૪૪ |
| ગાગોદર | ૩૦૩૫૧ | ૧૭૭૫૮ | ૫૮.૫૧ |
| કેરા | ૨૯૭૨૭ | ૨૦૧૩૫ | ૬૭.૭૩ |
| ખેડોઈ | ૨૪૬૭૦ | ૧૯૧૯૨ | ૭૭.૭૯ |
| કોડાય | ૩૧૧૪૨ | ૧૯૪૪૭ | ૬૨.૪૫ |
| કોટડા (જ.) | ૧૮૮૮૪ | ૧૧૬૭૨ | ૬૧.૮૧ |
| કુકમા | ૨૭૯૬૧ | ૨૦૮૮૦ | ૭૪.૬૮ |
| માધાપર | ૩૧૨૭૯ | ૧૬૪૧૨ | ૫૨.૪૭ |
| મોથાળા | ૩૦૮૫૫ | ૨૦૭૦૯ | ૬૭.૧૨ |
| મોટી ભુજપુર | ૧૫૮૮૩ | ૧૨૬૪૯ | ૭૯.૬૪ |
| નલિયા | ૨૫૪૧૪ | ૧૭૬૫૫ | ૬૯.૪૭ |
| નાના કપાયા | ૧૧૧૯૬ | ૯૨૦૪ | ૮૨.૨૧ |
| નારણપર (પ) | ૨૯૭૯૦ | ૧૮૪૨૨ | ૬૧.૮૪ |
| નેત્રા | ૨૬૯૦૦ | ૧૮૮૮૧ | ૭૦.૧૯ |
| નિરોણા | ૨૪૨૮૬ | ૧૯૦૧૫ | ૭૮.૩૦ |
| પલાસવા | ૨૮૮૫૬ | ૧૩૨૯૯ | ૪૬.૦૯ |
| પાન્ધ્રો | ૨૦૬૦૩ | ૧૬૦૦૪ | ૭૭.૬૮ |
| રતનાલ | ૨૬૦૪૬ | ૧૭૭૨૩ | ૬૮.૦૪ |
| રવ મોટી | ૨૭૦૫૦ | ૧૭૬૧૨ | ૬૫.૧૧ |
| સમાઘોઘા | ૧૬૬૧૯ | ૧૨૩૧૪ | ૭૪.૧૦ |
| સામખિયાળી | ૨૭૮૪૦ | ૧૫૭૦૫ | ૫૬.૪૧ |
| સુખપર | ૩૧૫૩૮ | ૧૬૭૩૫ | ૫૩.૦૬ |
| સુમરાસર શેખ | ૨૮૦૫૪ | ૨૨૦૨૦ | ૭૮.૪૯ |
| તલવાણા | ૨૭૫૩૪ | ૧૮૫૭૧ | ૬૭.૪૫ |
| વરસામેડી | ૨૪૯૯૧ | ૧૬૭૧૦ | ૬૬.૮૬ |
| વાયોર | ૨૬૩૭૩ | ૧૮૭૪૧ | ૭૧.૦૬ |
| વિથોણ | ૨૧૫૩૯ | ૧૨૯૮૧ | ૬૦.૨૭ |
| **કુલ** | **૯૫૨૬૧૯** | **૬૩૬૩૬૭** | **૬૬.૮૦** |

## ભુજ નગરપાલિકામાં વોર્ડ વાઈઝ થયેલ મતદાન

| વોર્ડ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૧૫૭૩૭ | ૯૮૨૬ | ૬૨.૪૪ |
| ૨ | ૧૧૨૩૧ | ૬૪૭૦ | ૫૭.૬૧ |
| ૩ | ૧૨૨૬૧ | ૬૯૪૦ | ૫૬.૬૦ |
| ૪ | ૧૧૬૮૮ | ૫૫૬૦ | ૪૭.૫૭ |
| ૫ | ૯૭૩૬ | ૫૨૨૦ | ૫૩.૬૨ |
| ૬ | ૧૦૪૨૧ | ૫૬૨૫ | ૫૩.૯૮ |
| ૭ | ૧૦૮૨૧ | ૬૦૪૯ | ૫૫.૯૦ |
| ૮ | ૧૧૫૯૭ | ૫૦૬૪ | ૪૩.૬૭ |
| ૯ | ૮૨૩૧ | ૩૭૧૩ | ૪૫.૧૧ |
| ૧૦ | ૧૦૨૫૬ | ૫૬૬૩ | ૫૫.૨૨ |
| **કુલ** | **૧૧૧૯૭૯** | **૬૦૧૩૦** | **૫૩.૭૦** |

## મુંદરા બારોઈ નગરપાલિકામાં વોર્ડ વાઈઝ થયેલ મતદાન

| વોર્ડ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૩૧૦૨ | ૨૩૮૩ | ૭૬.૮૨ |
| ૨ | ૩૫૦૮ | ૨૪૫૯ | ૭૦.૧૦ |
| ૩ | ૩૦૫૦ | ૨૪૫૭ | ૮૦.૬૨ |
| ૪ | ૪૮૧૭ | ૩૮૦૯ | ૭૯.૦૭ |
| ૫ | ૩૧૯૧ | ૨૫૩૧ | ૭૬.૯૧ |
| ૬ | ૨૦૫૨ | ૧૪૪૫ | ૭૦.૪૨ |
| ૭ | ૨૩૪૧ | ૧૫૪૫ | ૬૫.૮૭ |
| **કુલ** | **૨૨૧૭૧** | **૧૬૬૩૬** | **૭૫.૦૩** |

## નખત્રાણા નગરપાલિકામાં વોર્ડ વાઈઝ થયેલ મતદાન

| વોર્ડ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૨૦૫૬ | ૧૪૫૮ | ૭૦.૯૧ |
| ૨ | ૩૫૧૫ | ૨૩૭૩ | ૬૭.૫૧ |
| ૩ | ૩૬૧૪ | ૨૭૧૧ | ૭૫.૦૧ |
| ૪ | ૧૬૮૬ | ૧૧૮૩ | ૭૦.૧૭ |
| ૫ | ૨૬૦૧ | ૧૮૮૫ | ૭૨.૪૭ |
| ૬ | ૧૬૭૬ | ૧૩૪૬ | ૮૦.૩૧ |
| ૭ | ૩૧૮૩ | ૨૪૩૭ | ૭૬.૫૬ |
| **કુલ** | **૧૮૩૩૧** | **૧૩૩૯૩** | **૭૩.૦૬** |

## માંડવી નગરપાલિકાના વોર્ડ વાઈઝ મતદાનના આંકડા

| વોર્ડ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૪૯૫૪ | ૩૦૭૧ | ૬૧.૯૯ |
| ૨ | ૪૫૮૫ | ૩૧૦૭ | ૬૭.૭૬ |
| ૩ | ૪૪૮૧ | ૩૦૪૫ | ૬૭.૯૫ |
| ૪ | ૫૬૪૦ | ૩૭૪૬ | ૬૬.૪૨ |
| ૫ | ૬૮૬૫ | ૪૭૨૭ | ૬૮.૮૬ |
| ૬ | ૩૯૯૫ | ૨૭૧૬ | ૬૭.૯૮ |
| ૭ | ૩૭૫૪ | ૨૩૭૦ | ૬૩.૧૩ |
| ૮ | ૩૧૫૫ | ૧૯૯૦ | ૬૩.૦૭ |
| ૯ | ૨૫૪૪ | ૧૭૩૮ | ૬૮.૩૨ |
| **કુલ** | **૩૩૯૭૩** | **૨૬૫૧૦** | **૬૬.૩૨** |

## કચ્છની તાલુકા પંચાયતમાં થયેલ મતદાન

| તાલુકો | બેઠક | કુલ મતદાર | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|---|
| લખપત | ૧૬ | ૪૩૬૧૦ | ૩૫૨૪૬ | ૮૦.૮૨ |
| અબડાસા | ૧૮ | ૮૨૬૪૨ | ૫૭૧૦૫ | ૬૯.૧૦ |
| નખત્રાણા | ૧૮ | ૯૧૬૦૯ | ૬૨૫૪૯ | ૬૮.૨૮ |
| મુંદરા | ૧૮ | ૬૬૨૦૧ | ૫૧૩૬૪ | ૭૭.૫૯ |
| માંડવી | ૧૭ | ૯૪૫૫૫ | ૬૩૯૦૩ | ૬૭.૫૮ |
| ભુજ | ૩૦ | ૨૦૯૧૦૫ | ૧૪૩૨૨૨ | ૬૮.૪૯ |
| અંજાર | ૧૯ | ૯૩૨૬૭ | ૬૫૮૮૯ | ૭૦.૬૫ |
| ભચાઉ | ૧૭ | ૯૬૭૬૬ | ૫૭૩૨૪ | ૫૯.૨૪ |
| રાપર | ૨૪ | ૧૪૫૯૦૦ | ૮૩૪૨૨ | ૫૭.૧૮ |
| **કુલ** | **૧૭૭** | **૯૨૩૬૫૫** | **૬૨૦૦૨૪** | **૬૭.૧૩** |

## લખપત તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| બરંદા | ૩૧૯૬ | ૨૭૩૯ | ૮૫.૭૦ |
| ભાડરા મોટા | ૩૦૩૪ | ૨૩૬૩ | ૭૭.૮૮ |
| છેર નાની | ૨૪૭૦ | ૧૮૧૫ | ૭૩.૪૮ |
| દયાપર | ૩૦૦૯ | ૨૩૩૧ | ૭૭.૪૭ |
| દોલતપર | ૨૭૪૩ | ૨૩૯૮ | ૮૭.૨૩ |
| ઘડુલી | ૩૦૨૧ | ૨૨૨૪ | ૭૩.૬૨ |
| ગુનેરી | ૩૧૩૦ | ૨૪૧૮ | ૭૭.૨૫ |
| કપુરાશી | ૨૮૬૩ | ૨૦૭૨ | ૭૨.૩૭ |
| લાખાપર | ૨૯૦૦ | ૨૫૭૦ | ૮૮.૬૨ |
| માતાનામઢ | ૩૧૯૦ | ૨૭૨૧ | ૮૫.૩૦ |
| મીઢીયારી | ૨૮૩૨ | ૨૬૦૬ | ૯૨.૦૨ |
| નરા | ૨૨૭૨ | ૨૦૨૯ | ૮૯.૩૦ |
| નારાયણસરોવર | ૨૮૩૬ | ૨૪૩૧ | ૮૩.૯૪ |
| પાન્ધ્રો-૧ | ૧૮૯૧ | ૨૪૬૭ | ૭૭.૫૮ |
| પાન્ધ્રો-૨ | ૧૪૧૬ | ૯૦૫ | ૬૩.૯૧ |
| પાન્ધ્રો-૩ | ૨૭૪૧ | ૨૧૫૭ | ૭૮.૫૯ |
| **કુલ** | **૪૩૬૧૦** | **૩૫૨૪૬** | **૮૦.૮૨** |

## મુંદરા તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ભદ્રેશ્વર | ૪૬૫૮ | ૩૧૩૩ | ૬૭.૨૬ |
| છસરા | ૪૬૯૩ | ૩૬૯૭ | ૭૬.૭૮ |
| દેશલપર (કંઠી) | ૪૨૯૬ | ૩૩૫૯ | ૭૮.૧૯ |
| ગુંદાલા | ૪૨૮૭ | ૩૪૫૬ | ૮૦.૬૨ |
| લાખાપર | ૩૫૪૦ | ૨૬૫૯ | ૭૫.૧૧ |
| લુણી | ૪૫૩૯ | ૩૬૪૦ | ૮૦.૧૯ |
| કાંડાગરા મોટા | ૩૮૭૦ | ૨૯૯૦ | ૭૭.૨૬ |
| મોટા કપાયા | ૩૦૧૭ | ૨૦૬૬ | ૬૮.૪૮ |
| મોટી ભુજપુર-૧ | ૪૦૭૮ | ૩૨૬૨ | ૭૯.૯૯ |
| મોટી ભુજપુર-૨ | ૩૬૩૯ | ૩૦૩૮ | ૮૩.૪૮ |
| નાના કપાયા-૧ | ૧૭૬૭ | ૧૩૪૭ | ૭૬.૨૩ |
| નાના કપાયા-૨ | ૨૩૩૧ | ૧૮૫૧ | ૭૭.૭૪ |
| પત્રી | ૩૬૦૬ | ૨૪૪૩ | ૬૭.૭૫ |
| રામાણિયા | ૪૨૦૭ | ૩૨૬૪ | ૭૭.૫૮ |
| સાડાઉ | ૪૩૨૬ | ૩૨૭૧ | ૭૫.૫૧ |
| સમાઘોઘા | ૨૨૪૯ | ૧૮૮૨ | ૮૩.૬૮ |
| ઝરપરા-૧ | ૪૩૬૩ | ૩૭૦૬ | ૮૪.૯૪ |
| ઝરપરા-૨ | ૨૬૮૫ | ૨૩૦૦ | ૮૫.૬૬ |
| **કુલ** | **૬૬૨૦૧** | **૫૧૩૬૪** | **૭૭.૫૯** |

## રાપર તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| આડેસર | ૫૬૧૭ | ૩૯૧૫ | ૬૦.૭૦ |
| બાદરગઢ | ૬૪૯૯ | ૩૪૭૨ | ૫૩.૪૫ |
| બાલાસર | ૭૪૪૫ | ૪૨૬૫ | ૫૭.૨૯ |
| બેલા | ૫૭૩૯ | ૨૮૬૬ | ૪૯.૭૪ |
| ભીમાસર-૧ | ૪૪૯૪ | ૧૬૫૨ | ૩૬.૭૬ |
| ભીમાસર-૨ | ૫૭૭૫ | ૨૮૭૯ | ૪૯.૬૮ |
| ભુટકિયા | ૭૩૦૩ | ૩૧૦૩ | ૪૨.૪૯ |
| ચિત્રોડ | ૬૪૧૨ | ૪૦૮૩ | ૬૩.૬૬ |
| ધાણીથર | ૫૬૭૨ | ૨૩૪૮ | ૪૧.૪૦ |
| ફતેહગઢ | ૬૧૮૧ | ૩૮૨૦ | ૬૧.૮૦ |
| ગાગોદર | ૬૬૪૪ | ૩૫૦૫ | ૫૨.૯૧ |
| ગેડી | ૫૮૬૦ | ૪૦૯૬ | ૬૯.૮૧ |
| જાટાવાડા | ૫૪૫૫ | ૩૬૬૬ | ૬૭.૨૦ |
| ખાડેક | ૬૪૫૯ | ૩૨૭૫ | ૫૦.૭૦ |
| કિડિયાનગર | ૪૮૮૧ | ૨૪૩૫ | ૪૯.૮૯ |
| માણાબા | ૪૭૩૩ | ૨૭૮૭ | ૫૮.૮૮ |
| પલાંસવા | ૫૪૯૩ | ૨૬૫૮ | ૪૮.૩૯ |
| પ્રાગપર | ૫૫૦૭ | ૨૭૫૫ | ૫૦.૦૩ |
| રામવાવ | ૬૪૪૪ | ૪૫૩૬ | ૭૦.૩૯ |
| રવ મોટી | ૬૧૦૯ | ૩૬૩૯ | ૫૯.૫૭ |
| સઈ | ૬૦૮૭ | ૩૯૧૧ | ૬૪.૨૯ |
| સણવા | ૬૬૧૧ | ૪૩૨૯ | ૬૫.૪૮ |
| સેલારી | ૭૫૩૧ | ૪૬૭૧ | ૬૨.૦૨ |
| સુવઈ | ૬૯૬૬ | ૪૭૬૬ | ૬૮.૪૨ |
| **કુલ** | **૧૪૫૯૦૦** | **૮૩૪૨૨** | **૫૭.૧૮** |

## માંડવી તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| બાગ | ૭૭૬૮ | ૫૭૯૫ | ૭૪.૬૦ |
| બિદડા | ૪૫૨૭ | ૨૫૬૬ | ૫૬.૬૮ |
| ગુંદિયાળી | ૫૮૭૩ | ૪૨૬૭ | ૭૨.૬૫ |
| નાના ભાડિયા | ૩૭૨૪ | ૨૯૮૭ | ૮૦.૨૧ |
| બાડા | ૪૬૦૮ | ૩૦૨૫ | ૬૫.૬૫ |
| ગઢશીશા-૧ | ૪૩૬૪ | ૩૦૨૨ | ૬૯.૨૫ |
| ગઢશીશા-૨ | ૫૧૮૭ | ૩૪૯૨ | ૬૭.૩૨ |
| મઉં મોટી | ૫૫૩૧ | ૪૦૮૯ | ૭૩.૯૩ |
| દુર્ગાપુર | ૬૪૫૨ | ૪૦૩૪ | ૬૨.૫૨ |
| ગોધરા | ૫૬૫૮ | ૩૯૦૪ | ૬૯.૦૦ |
| કાઠડા | ૬૩૪૫ | ૪૪૯૧ | ૭૦.૭૮ |
| કોડાય | ૫૮૩૧ | ૩૫૭૫ | ૬૧.૩૧ |
| મોટી રાયણ | ૬૮૫૬ | ૩૪૪૩ | ૫૦.૨૨ |
| દરશડી | ૫૪૩૦ | ૩૮૧૩ | ૭૦.૨૨ |
| રામપર | ૫૯૭૬ | ૩૯૦૪ | ૬૫.૩૩ |
| શેરડી | ૪૮૧૭ | ૩૪૯૬ | ૭૨.૫૮ |
| તલવાણા | ૫૬૦૮ | ૪૦૦૦ | ૭૧.૩૩ |
| **કુલ** | **૯૪૫૫૫** | **૬૩૯૦૩** | **૬૭.૫૮** |

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા તલવારબાજીની તાલીમ અપાઈ




ભુજ - કચ્છઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા સેલ્ફ ડિફેન્સમાં તલવાર બાજીની તાલીમ આપવામાં આવી હતી. પ્રમુખ દિલીપ આચાર્યના માર્ગદર્શન અને રાહબરી હેઠળ આ તાલીમ યોજવામાં આવી હતી, જેમાં સભ્યો ચંદુલાલ ગોર, મદન ભટ્ટ, કનૈયાલાલ અબોટી, ચંદ્રકાંત ધલ હાજર રહ્યા હતા. વિનોદ ગોર, ફાલ્ગુની રાજગોર, પ્રવીર ધોળકિયા, ઉષા દાવડા વગેરે સહયોગી રહ્યા હતા. સંચાલન જ્યોતિબેન ગોહિલના માર્ગદર્શન અને આભાર સાથે યોજવામાં આવ્યો હતો.

## ભચાઉ તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| આધોઈ-૧ | ૫૦૬૬ | ૨૨૨૨ | ૪૩.૮૬ |
| આધોઈ-૨ | ૬૩૫૧ | ૨૫૨૭ | ૩૯.૭૮ |
| ભરૂડિયા | ૫૪૪૧ | ૩૮૧૨ | ૭૦.૦૬ |
| ચીરઈ મોટી | ૦ | ૦ | બિનહરીફ |
| ચીરઈ નાની | ૪૩૮૬ | ૩૩૩૩ | ૭૫.૯૯ |
| ચોબારી | ૬૨૨૮ | ૪૫૩૬ | ૭૨.૮૩ |
| ચોપડવા | ૦ | ૦ | બિનહરીફ |
| ધોળાવીરા | ૭૩૭૨ | ૪૩૦૪ | ૫૮.૩૮ |
| જંગી | ૬૦૨૮ | ૩૨૦૫ | ૫૩.૧૬ |
| કંથકોટ | ૫૫૨૯ | ૨૫૧૭ | ૪૫.૫૨ |
| લાકડિયા-૧ | ૪૯૩૩ | ૨૪૮૦ | ૫૦.૨૭ |
| લાકડિયા-૨ | ૫૬૩૩ | ૨૧૯૭ | ૩૯.૦૦ |
| લલિયાણા | ૬૧૨૯ | ૨૯૨૫ | ૪૭.૭૨ |
| મનફરા | ૪૯૩૫ | ૨૬૬૨ | ૫૩.૯૪ |
| મોરગર | ૦ | ૦ | બિનહરીફ |
| સામખિયાળી-૧ | ૫૧૪૬ | ૩૩૦૯ | ૬૪.૩૦ |
| સામખિયાળી-૨ | ૪૩૬૩ | ૨૬૯૨ | ૬૧.૭૦ |
| શિકારપુર | ૬૧૭૮ | ૩૪૩૦ | ૫૫.૫૧ |
| વિજપાસર | ૬૮૭૪ | ૩૪૯૨ | ૫૦.૮૦ |
| વોંધ | ૬૧૭૪ | ૨૩૧૭ | ૩૭.૫૨ |
| **કુલ** | **૯૬૭૬૬** | **૫૭૩૨૪** | **૫૯.૨૪** |

## ભુજ તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| આણંદસર | ૬૮૪૯ | ૩૯૯૮ | ૭૧.૫૧ |
| બળદિયા | ૬૭૧૦ | ૩૬૧૬ | ૭૩.૮૮ |
| ભારાપર | ૭૯૩૪ | ૫૪૧૦ | ૬૮.૧૮ |
| ભીરંડિયારા | ૬૯૧૨ | ૫૪૨૮ | ૭૮.૫૩ |
| ડગાળા | ૬૫૫૪ | ૪૯૩૬ | ૭૫.૩૧ |
| દહીંસરા | ૮૦૫૫ | ૫૧૯૦ | ૬૪.૪૩ |
| દેશલપર | ૭૭૨૮ | ૪૦૭૫ | ૫૨.૭૩ |
| ધાણેટી | ૫૮૫૯ | ૪૨૮૨ | ૭૩.૦૮ |
| ઢોરી | ૬૯૯૫ | ૫૪૪૭ | ૭૭.૮૬ |
| ઢ્રોબાણા | ૪૭૨૭ | ૪૨૧૨ | ૮૯.૧૦ |
| દિનારા | ૪૮૮૪ | ૪૩૬૯ | ૮૯.૪૫ |
| જુણા | ૪૪૧૬ | ૩૮૬૦ | ૮૭.૪૦ |
| કાળી તલાવડી | ૭૧૩૨ | ૫૮૨૯ | ૮૧.૭૩ |
| કેરા | ૭૭૭૬ | ૫૫૧૮ | ૭૦.૯૬ |
| ખારી | ૭૧૩૧ | ૫૪૮૬ | ૭૬.૯૩ |
| કુકમા | ૭૭૮૨ | ૪૯૯૧ | ૬૪.૧૩ |
| લોડાઈ | ૬૬૦૫ | ૪૮૫૮ | ૭૩.૫૫ |
| માધાપર જુનાવાસ-૧ | ૭૫૮૦ | ૪૪૭૨ | ૫૮.૯૯ |
| માધાપર જુનાવાસ-૨ | ૭૩૭૧ | ૩૮૪૭ | ૫૨.૧૯ |
| માધાપર નવાવાસ-૧ | ૭૮૩૮ | ૩૬૦૧ | ૪૫.૯૪ |
| માધાપર નવાવાસ-૨ | ૮૪૯૦ | ૪૪૩૨ | ૫૨.૨૦ |
| માનકૂવા-૧ | ૭૨૪૭ | ૪૧૪૨ | ૫૭.૧૫ |
| માનકૂવા-૨ | ૭૩૯૦ | ૪૩૦૩ | ૫૮.૨૨ |
| નારણપર (પસાયતી) | ૭૧૫૮ | ૪૨૫૯ | ૫૯.૪૯ |
| પદ્ધર | ૭૧૮૮ | ૫૭૮૮ | ૮૦.૫૨ |
| રતાડિયા | ૦ | ૦ | ૦ |
| સરાડા | ૫૮૩૮ | ૪૭૪૭ | ૮૧.૩૧ |
| સુખપર-૧ | ૭૧૯૫ | ૩૮૭૧ | ૫૩.૮૦ |
| સુખપર-૨ | ૦ | ૦ | ૦ |
| સુમરાસર શેખ | ૮૫૬૯ | ૭૦૭૦ | ૮૨.૫૦ |
| વરલી | ૭૩૦૭ | ૫૫૯૧ | ૭૬.૫૧ |
| ઝુરા | ૫૮૮૫ | ૪૬૪૨ | ૭૮.૮૭ |
| **કુલ** | **૨૦૯૧૦૫** | **૧૪૩૨૨૨** | **૬૮.૪૯** |

## નખત્રાણા તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| અંગિયા નાના | ૫૫૨૩ | ૩૩૩૮ | ૬૦.૪૩ |
| બિબ્બર | ૫૧૪૯ | ૩૭૯૪ | ૭૩.૭૪ |
| દેશલપર | ૪૮૬૨ | ૩૮૩૮ | ૭૮.૯૩ |
| દેવપર | ૪૭૪૧ | ૩૨૦૦ | ૬૭.૪૯ |
| ઘડાણી | ૫૪૦૦ | ૯૩૬૩ | ૭૨.૩૮ |
| કોટડા (જ) | ૫૦૧૫ | ૩૧૫૭ | ૬૨.૯૫ |
| કોટડા (રોહા) | ૪૭૧૮ | ૩૦૧૪ | ૬૩.૮૮ |
| મંજલ | ૬૦૯૬ | ૩૧૮૫ | ૫૨.૨૪ |
| મથલ | ૫૭૧૩ | ૩૯૩૮ | ૬૮.૫૪ |
| નેત્રા | ૫૦૩૫ | ૩૬૧૨ | ૬૯.૭૫ |
| નિરોણા | ૪૫૬૬ | ૩૬૪૭ | ૭૯.૮૯ |
| રસલિયા | ૫૭૧૮ | ૪૦૬૪ | ૭૧.૦૭ |
| રવાપર | ૫૦૩૪ | ૩૪૦૩ | ૬૭.૬૦ |
| સુખપર રોહા | ૪૭૯૦ | ૨૬૭૦ | ૫૫.૭૪ |
| તલ | ૫૦૦૦ | ૪૧૪૫ | ૮૨.૯૦ |
| વડવાકાંયા | ૪૩૬૧ | ૨૮૩૧ | ૬૪.૯૧ |
| વંગ | ૪૭૦૯ | ૩૫૮૭ | ૭૬.૧૭ |
| વિથોણ | ૫૧૭૯ | ૩૨૫૮ | ૬૨.૯૦ |
| **કુલ** | **૯૧૬૦૯** | **૬૨૫૪૯** | **૬૮.૨૮** |

## ત્વચાની સંભાળમાં જેટલી જાગૃતિ વધુ એટલી ત્વચા વધારે સ્વસ્થ




### જી. કે. જન. હોસ્પિટલમાં સ્કિન હેલ્થ ડે નિમિતે મીમ્સ નિર્માણ હરિફાઈ યોજાઈ

ગાંધીધામ - કચ્છ ઉદય : અદાણી સંચાલિત ગેઈમ્સ જી. કે. જનરલ હોસ્પિટલના સ્કિન વિભાગ અને ગેઈમ્સ ઘરાનાના સંયુક્ત ઉપક્રમે સ્કિન હેલ્થ ડે નિમિતે "બેટર નોલેજ, બેટર સ્કિન હેલ્થ" વિષય વસ્તુ આધારિત ત્વચા અંગે જાણકારી, રોગ અને ઉપ ાયો ઉપર મિમ્સ અને રીલ્સ નિર્માણ હરિફાઈ યોજાઈ હતી.જેમાં ૪૩ પ્રતિસ્પર્ધકો જોડાયા હતા.

હોસ્પિટલના ત્વચા વિભાગના ડો. ઐશ્વર્યા રામાણીએ કહ્યું કે, ત્વચાના પ્રકાર, દેખભાળ અને ઉપ ાયો અંગે વ્યક્તિની જેટલી જાણકારી સ્પષ્ટ એટલી જ તેમની સ્કિન સ્વસ્થ રહેશે. ત્વચાની સંભાળ બાબતે જાગૃત રહેવાથી ચામડીની સમસ્યા ઓછી થઈ શકે છે,એમ તબીબોએ જણાવ્યું હતું. અદાણી મેડિકલ કોલેજના આસિ. ડીન ડો. અજીત ખીલનાનીએ સ્પર્ધામાં ભાગ લેનાર હરીફોને પ્રમાણપ ત્રો આપ્યા હતા. આ પ્રસંગે સ્કિન વિભાગના ડો.ટ્વિંકલ રંગનાની વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ બુથની મુલાકાત લીધી





ભચાઉ - કચ્છ ઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા સવારથી બુથની મુલાકાતો લઈ વધારેમાં વધારે મતદાન થાય તેવી અપીલ લોકોને કરી હતી અને સવારના ચિત્રોડ, ડેરવા, સઈ, ગાગોદર, કીડીયાનગર, ઘાણીથર, પલાંસવા, આડેસર, ભીમાસર, ફતેગઢ, શિવગઢ, મોવાણા, બેલા, જાટાવાડા, બાલાસર, દેશલપર, રવ, ડાવરી ગામોની મુલાકાત લઈ વધારે વધારે મતદાન થાય તે માટે મુલાકાત લીધી હતી.

આ સાથે ગામના આગેવાન તારાભાઈ ભરવાડ, કુલદીપસિંહ જાડેજા, હમીરજી સોઢા, જસુભા જાડેજા, હરેશભાઈ જોરસીયા, ભગાભાઈ આહીર, જયદીપસિંહ જાડેજા, રાજુભા જાડેજા-રવ, રામજીભાઈ સોલંકી, માંગાભાઈ ચૌધરી, ભાવેશભાઈ ભૂષણ, મહાદેવભાઈ વાવ્યા, મહાદેવભાઈ ભૂષણ, મહેન્દ્રસિંહ વાઘેલા, મધુભા વાઘેલા, ચાંદભાઈ ઠક્કર, બળવંતભાઈ ઠક્કર, કેશુભા વાઘેલા, વિનુભાઈ થાનકી સહિત બહોળી સંખ્યામાં આગેવાનો સાથે જોડાયા હતા.

### ભુજના વોર્ડ-૧ના કોંગ્રેસના ઉમેદવારે કર્યુ મતદાન



ભુજ નગરપાલિકાની ચૂંટણી માટે ગઈકાલે હાથ ધરાયેલ મતદાન પ્રક્રિયામાં ભુજના વોર્ડ-૧માંથી ઉમેદવારી કરનાર યાકુબભાઈ ખત્રીએ વહેલી સવારે પોતાનું મતદાન કરી પવિત્ર ફરજ અદા કરી હતી.

## માનસિક આરોગ્ય પ્રત્યે જનજાગૃતિ માટે નર્સિંગ વિદ્યાર્થી બહેનોનું પ્રેરણાદાયી નાટક



ભુજ - કચ્છઉદય : શહેર ખાતે કાર્યરત "માં બાપ નું ઘર આશ્રમ" જે લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ ભુજ સંચાલિત સંસ્થા છે, ત્યાં નર્સિંગ કોલેજ ભુજની વિદ્યાર્થી બહેનો દ્વારા માનસિક આરોગ્ય અંગે જનજાગૃતિ લાવવા હેતુસર એક પ્રેરણાદાયી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ફેલાવવી, માનસિક રીતે પીડિત વ્યક્તિઓ પ્રત્યે સહાનુભૂતિ અને સકારાત્મક અભિગમ વિકસાવવો તથા માનસિક આરોગ્ય અંગે રહેલી ગેરસમજ દૂર કરવાનો હતો. વિદ્યાર્થી બહેનો દ્વારા રજૂ કરાયેલ નાટકમાં ખૂબ જ અસરકારક રીતે સંદેશ આપવામાં આવ્યો હતો કે માનસિક આરોગ્ય પણ શારીરિક આરોગ્ય જેટલું જ મહત્વપૂર્ણ છે અને આવા વ્યક્તિઓને પ્રેમ, સહકાર તથા યોગ્ય સારવારની જરૂરિયાત હોય છે.કાર્યક્રમ દરમિયાન આશ્રમમાં રહેલા આશ્રિતો તેમજ ઉપસ્થિત લોકોએ નાટકને ખૂબ સરાહ્યું હતું.

નર્સિંગ વિદ્યાર્થી બહેનોના અભિનય અને સમાજને આપવામાં આવેલા જાગૃતિ સંદેશે સૌને પ્રભાવિત કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી હેમેન્દ્ર જણસારી તથા રીંકુ જણસારી દ્વારા નર્સિંગ કોલેજ ભુજના પ્રિન્સિપાલ, સ્ટાફ તેમજ તમામ વિદ્યાર્થી બહેનોનો આ સામાજિક અને માનવતાવાદી પ્રયાસ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આવા જાગૃતિ કાર્યક્રમો સમાજમાં માનવતા, સહાનુભૂતિ અને સકારાત્મક પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## ગાંધીનગરી હત્યા કેસમાં તમામ સાત આરોપીઓનો નિર્દોષ છુટકારો

### ભુજની કોર્ટે શંકાનો લાભ આપી મુક્ત કર્યા

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના ગાંધીનગરી વિસ્તારમાં ત્રણ વર્ષ પહેલાં થયેલી જૂથ અથડામણ અને હત્યાના ચકચારી કેસમાં અદાલતે તમામ સાત આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસની વિગત મુજબ, ગત તારીખ ૨૧ મે ૨૦૨૩ના રોજ ગાંધીનગરી વિસ્તારમાં રહેતા ફરિયાદી રસીદ જુમા સમાના ઘરે આરોપીઓ મુંતાજ તૈયબ સમા, સત્તાર ગોડભાઈ સમા, અમીરહસન ગોડ સમા, મુસા હસન સમા, અમીન સીધીક સમા, હારુન અબ્દુલકરીમ સમા અને મજીદ મુસા સમાએ હથિયારો સાથે ધસી આવી હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર ઈજાઓ થવાને કારણે જુમા અલાના નામના વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે ફરિયાદી રસીદ જુમાને પણ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે સંદર્ભે પોલીસ દ્વારા સાતેય આરોપીઓની ધરપકડ કરી ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન પ્રોસિક્યુશન પક્ષ દ્વારા કુલ ૨૬ સાક્ષીઓ અને ૪૫ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જોકે, બંને પક્ષોની ધારદાર દલીલો સાંભળ્યા બાદ ભુજના સાતમા અધિક સેસન્સ જજે તારણ કાઢ્યું હતું કે ફરિયાદી પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાઓ શંકાસ્પદ જણાય છે અને આરોપીઓ વિરુદ્ધનો ગુનો સાબિત કરવા માટે તે અપૂરતા છે. પરિણામે, અદાલતે તારીખ ૨૩ એપ્રિલના રોજ તમામ આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં આરોપીઓ વતી સિનિયર વકીલ એચ. સી. ચૌધરી, એમ.એ. ખોજા, એસ.જી. માંજોઠી, કે.આઈ. સમા, વી.કે. સાંપ અને ડી.સી. ઠક્કર હાજર રહ્યા હતા.

# ભારત-ન્યુઝિલેન્ડ મુકત વેપાર કરાર : કચ્છના ઉદ્યોગ જગતને રાહતની આશ

## બન્ને રાષ્ટ્રો વચ્ચેના ઐતિહાસીક કરારથી એશીયાની સૌથી મોટી ટીમ્બર તથા કોલસા પરની ઈમ્પોર્ટ ડયુટી ઘટાડવાના મંડાયા છે આશાભર્યા મીટ




નવી દિલ્હી : ભારત અને ન્યુઝિલેડ વચ્ચેના મુકત વેપાર એફટીએ કરાર પર આજ રોજ હસ્તાક્ષર કરવા આવ્યા હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. આજ રોજ પિયુષ ગોયલજીની હાજરીમાં યોજાયેલ બેઠકમાં થયેલા કરાર હેઠળ ન્યુઝિલેન્ડથી આયાત કરવામા આવતા લાકડા વુડ અને ફોરસ્ટ્રી પ્રોડકટસ અને કોલસા પર ઈમ્પૌટ ડયુટીઘટાડવાની ચર્ચાઓ થઈ હોવાનુ મનાય છે. કેન્દ્રીય વાણિજય મંત્રી પિયુષ ગોયલ અને ન્યુઝિલેન્ડના વેપાર મંત્રી ટોડ મેકલેની ઉપસ્થિતીમાં ઐતિહાસીક મુકત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામા આવ્યા છે. આ કરારથી દેશના વિવિધ ક્ષેત્રોની સાથે ખાસ કરીને કચ્છના ટીમ્બર ઉદ્યોગ માટે આર્થીક સમૃદ્ધીના નવા દ્વાર ખુલવા પામશે તેવી સંભાવનાઓ તેજ બની છે.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે ૨૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વેપાર મંત્રી ટોડ મેકલેની હાજરીમાં આ બેઠક યોજાઈ હતી.કરાર પર હસ્તાક્ષર કરતા પહેલા, બંને મંત્રીઓએ આગ્રામાં લેધર, ફાર્મા અને સ્પોર્ટ્સ ગુડ્સના ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત કરી હતી. લેધર ઉદ્યોગ માટે ૨૦30 સુધીમાં ઈ૫૦ અબજના નિકાસની તકો જોવામાં આવી રહી છે.

## કચ્છ અને ટીમ્બર ઉદ્યોગ માટે ભેટ

ન્યુઝીલેન્ડ ભારતને 'પાઈન વુડ') સપ્લાય કરતો મુખ્ય દેશ છે. આ FTA હેઠળ લાકડા અને કોલસા પરની ઈમ્પોર્ટ ડ્યુટીમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. આનાથી કચ્છ (કંડલા અને ગાંધીધામ) ના ટીમ્બર ઉદ્યોગને સસ્તો કાચો માલ મળશે અને ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે.

**મુખ્ય અપડેટ્સ અને હાઈલાઈટ્સ**

### ૧. વેપાર અને ટેરિફમાં મોટી રાહત

**ભારતીય નિકાસઃ** આ કરાર હેઠળ ભારતની ૧૦૦% નિકાસ (જેમ કે કાપડ, જેમ્સ અને જ્વેલરી, એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ અને ફાર્મા) ન્યુઝીલેન્ડમાં ડ્યુટી-ફ્રી (ઝીરો ટેક્સ) પ્રવેશ મેળવશે.

**ન્યુઝીલેન્ડની નિકાસઃ** ન્યુઝીલેન્ડથી ભારત આવતી ૯૫% ચીજવસ્તુઓ પરની જકાત ઘટાડવામાં આવી છે. જોકે, ભારતે પોતાના ખેડૂતોના હિત માટે ડેરી પ્રોડક્ટ્સ (દૂધ, પનીર વગેરે) ને આ કરારથી દૂર રાખ્યા છે.

**લક્ષ્યાંકઃ** આગામી ૫ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને ઈ૫ અબજ સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે.

### ૨. વિઝા અને પ્રોફેશનલ્સ માટે નવી તકો

**૫,૦૦૦ વિઝા ક્વોટાઃ** ભારતીય આઈટી પ્રોફેશનલ્સ, એન્જિનિયર્સ, હેલ્થકેર વર્કર્સ અને આયુષ પ્રેક્ટિશનરો માટે ૫,૦૦૦ સ્પેશિયલ વિઝાની જોગવાઈ કરવામાં આવી છે.

**૧,૦૦૦ વર્ક એન્ડ હોલીડે વિઝાઃ** યુવાનો માટે દર વર્ષે ૧,૦૦૦ 'વર્ક એન્ડ હોલીડે' વિઝા આપવામાં આવશે.

**વિદ્યાર્થીઓ માટે લાભઃ** ન્યુઝીલેન્ડમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ ૩ થી ૪ વર્ષના પોસ્ટ-સ્ટડી વર્ક વિઝા મળશે.

# આદિપુર પોલીસે ગુમ - ચોરી થયેલા ૨૮ મોબાઈલ શોધી આપ્યા




ગાંધીધામ - કચ્છઉદય : આદિપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોબાઈલ ગુમ થવા કે, ચોરીની ઘટનાઓ બાબતે અરજદારો દ્વારા પોલીસમાં રજૂઆત કરવામાં આવી હતી. આદિપુર પોલીસે મોબાઈલ ગુમ થવાની અરજીઓ બાબતે સીઈઆઈઆર પોર્ટલ અને સીડીઆરની મદદથી મોબાઈલ ફોન ટ્રેસ કરી શોધી આપ્યા હતા. જેમાં ૨૬ મોબાઈલ ટ્રેસ કરીને અને બે મોબાઈલ સીસીટીવીની મદદથી શોધવામાં આવ્યા હતા. કુલ ૭,૩૬,૫૪૭ના મોબાઈલ શોધીને આજે અરજદારોને આપવામાં આવ્યા હતા. આદિપુર પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા તેરા તુજકો અર્પણ અભિયાનના કાર્યક્રમમાં મોબાઈલ પરત આપવામાં આવ્યા હતા. મોબાઈલ પરત મળતાં અરજદારોએ રાજીપો વ્યક્ત કર્યો હતો અને પોલીસની કામગીરી બિરદાવી હતી. પીઆઈ એમ. સી. વાળા, પીએસઆઈ આર. એમ. ડુવા સહિતના હાજર રહ્યા હતા.

**૭.૩૬ લાખના મોબાઈલ મૂળ માલિકને સોંપી તેરા તુજકો અર્પણ અભિયાનને સાર્થક કરાયું**




### ગાંધીધામ મનપાના વોર્ડ વાઈઝ મતદાનના આંકડા

| વોર્ડ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ૨૬,૯૯૦ | ૧૧,૯૭૨ | ૪૪.૩૬% |
| ૨. | ૧૯,૩૩૫ | ૭,૬૬૮ | ૩૯.૬૬% |
| ૩. | ૧૮,૮૬૬ | ૬,૬૨૭ | ૩૫.૧૩% |
| ૪. | ૧૩,૭૫૧ | ૯,૧૭૬ | ૬૬.૭૩% |
| ૫. | ૧૩,૧૯૭ | ૫,૦૩૬ | ૩૮.૧૬% |
| ૬. | ૧૯,૭૬૩ | ૧૦,૮૯૦ | ૫૫.૧૦% |
| ૭. | ૧૫,૪૮૩ | ૭,૪૩૭ | ૪૮.૦૩% |
| ૮. | ૧૪,૪૧૧ | ૭,૦૫૫ | ૪૮.૯૬% |
| ૯. | ૧૭,૪૨૦ | ૮,૩૪૭ | ૪૭.૯૨% |
| ૧૦. | ૧૮,૦૦૪ | ૭,૮૦૩ | ૪૩.૩૪% |
| ૧૧. | ૧૩,૭૫૧ | ૫,૪૯૯ | ૩૯.૯૯% |
| ૧૨. | ૧૧,૪૦૭ | ૪,૬૪૪ | ૪૦.૭૧% |
| ૧૩. | ૧૨,૯૩૫ | ૬,૯૦૮ | ૫૩.૪૧% |
| **કુલ** | **૨૧૫૩૧૩** | **૯૯૦૬૨** | **૪૬.૦૧%** |

# રાઘવ ચટ્ટા સહિત ૭ સાંસદોની મુશ્કેલી વધશેઃ સંજય સિંહના એક પત્રથી રાજકારણમાં મોટો ભૂકંપ!

નવીદિલ્હી : આમ આદમી પાર્ટી નો સાથ છોડીને ભાજપમાં જોડાયેલા રાઘવ ચટ્ટા સહિતના ૭ બળવાખોર સાંસદોની મુશ્કેલીઓ હવે વધવા જઈ રહી છે. પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે આ નેતાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરતા રાજ્યસભાના અધ્યક્ષ અને દેશના ઉપરાષ્ટ્રપતિને એક ઔપચારિક અરજી મોકલી છે. આ અરજીમાં બંધારણની ૧૦મી અનુસૂચિ (પક્ષપલટા વિરોધી કાયદા) નો હવાલો આપીને આ તમામ ૭ સાંસદોનું સભ્યપદ સંપૂર્ણપણે રદ કરવાની અને તેમને ગેરલાયક ઠેરવવાની માંગ કરવામાં આવી છે.રવિવારે યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં સંજય સિંહે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે, "અમે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ અને પીડીટી આચાર્ય જેવા દેશના જાણીતા બંધારણીય નિષ્ણાતો સાથે આ મામલે ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. આ તમામ નિષ્ણાતોનું સ્પષ્ટ માનવું છે કે AAP માંથી અલગ થઈને ભારતીય જનતા પાર્ટીમાં ભળી જવાનો નિર્ણય કરનાર આ ૭ સભ્યોનું સભ્યપદ કાયદેસર રીતે રદ થવાને જ પાત્ર છે."આ મામલે નિષ્ણાતોની સલાહ લીધા બાદ સંજય સિંહે ઉપરાષ્ટ્રપતિ સમક્ષ સીધી રજૂઆત કરી છે. તેમણે પોતાની અરજીમાં ઉપરાષ્ટ્રપતિને વિનંતી કરી છે કે તેઓ કોઈ પણ વિલંબ વિના શક્ય તેટલી વહેલી તકે આ કેસની સુનાવણી શરૂ કરે અને બંધારણ મુજબ ન્યાયી નિર્ણય આપે.જ્યારે મીડિયા દ્વારા સંજય સિંહને પૂછવામાં આવ્યું કે શું તેમને આશા છે કે આ મામલો જલ્દી ઉકેલાશે? ત્યારે તેમણે સ્પષ્ટ જવાબ આપતા કહ્યું કે, "જ્યારે આવા મામલાઓનો ઉકેલ નથી આવતો, ત્યારે છેવટે કોર્ટના આદેશો આવે છે.

# ૫૬ વર્ષ બાદ ફરી ભારતમાં એશિયાડ યોજવા તૈયારી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી :ભારત ૧૯૮૨ પછી પહેલી વાર એશિયન ગેમ્સને વતનમાં પાછી લાવવા માંગે છે કારણ કે દેશે ૨૦૩૮ માં એશિયન ગેમ્સનું આયોજન કરવામાં રસ દર્શાવ્યો હતો, અને તેના પ્રસ્તાવ પર ચીનના સાન્યામાં ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા ની એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં ચર્ચા કરવામાં આવી છે.

જ્યારે નવી દિલ્હીએ ૧૯૫૧માં ઉદ્ઘાટન આવૃત્તિનું આયોજન કર્યું હતું અને ૧૯૮૨ માં આ ઈવેન્ટનો છેલ્લો ભારતીય દેખાવ હતો.૨૦૩૮ ની બોલી ત્રીજી વખત પ્રતિષ્ઠિત ખંડીય સ્પર્ધાની સંભવિત વાપસીને ચિહ્નિત કરશે.૨૦૨૬ની આવૃત્તિ જાપાનના આઈચી-નાગોયામાં યોજાશે, અને દોહા ૨૦30 અને ૨૦૩૪ની આવૃત્તિઓનું આયોજન રિયાધમાં કરશે, તેથી ભારત ૨૦૩૬ના ઓલિમ્પિક માટે આક્રમક પિચ સાથે ૨૦૩૮માં ઉપલબ્ધ આગામી સ્લોટને લક્ષ્ય બનાવી રહ્યું છે. ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પીટી ઉષાએ ગુરુવારે ઓસીએના વડા શેખ જોઆન બિન હમાદ અલ થાની સાથે મુલાકાત કરી હતી જેથી સમગ્ર એશિયામાં ઓલિમ્પિક ચળવળને વધુ મજબૂત બનાવી શકાય.

"આ બેઠકમાં પાયાના સ્તરે રમતગમતના વિકાસ, રમતવીરોના માર્ગો અને પ્રાદેશિક સહયોગ વધારવા પર સમજદાર ચર્ચાઓ કરવામાં આવી હતી. ભારતે ૨૦૩૮ની એશિયન ગેમ્સનું આયોજન કરવાના તેના વિઝનને પણ શેર કર્યું, જે રમતને આગળ વધારવા અને સમગ્ર ખંડમાં ઓલિમ્પિક મૂલ્યોને પ્રોત્સાહન આપવાની તેની લાંબા ગાળાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે," IOAએ એકસ પર શેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું. ગયા નવેમ્બરમાં, ભારતને ૨૦30માં અમદાવાદ ખાતે શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સના યજમાન તરીકે પુષ્ટિ આપવામાં આવી હતી. ભારત ૨૦૨૮ વર્લ્ડ એથ્લેટિક્સ ઈન્ડોર ચેમ્પિયનશિપનું પણ આયોજન કરવા માટે તૈયાર છે.

# માલીમાં મોટો આતંકી હુમલો, સંરક્ષણ મંત્રી સાદિયોનું મોત, યુએનએ ચિંતા વ્યક્ત કરી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : માલીમાં એક મોટો અને ખતરનાક હુમલો થયો. અલ-કાયદા સાથે જોડાયેલા આતંકી સંગઠન અને તુઆરેગ વિદ્રોહીઓએ મળીને દેશના અનેક ભાગો પર એકસાથે હુમલો કર્યો. આ હુમલામાં દેશના સંરક્ષણ મંત્રી સાદિયો કેમારાએ જીવ ગુમાવ્યો. આ હુમલો એટલો મોટો હતો કે આખી દુનિયાની નજર માલી પર ટકેલી છે.

પ્રાથમિક વિગતો અનુસાર અલ-કાયદા સાથે જોડાયેલા આતંકી સંગઠન અને તુઆરેગ વિદ્રોહીઓએ આ કાવતરું ઘડ્યું છે. હુમલાને છેલ્લા ઘણા વર્ષોમાં સૌથી મોટો અને સૌથી સંગઠિત હુમલો ગણાવવામાં આવી રહ્યો છે. રાજધાની બમાકો પાસે, સોનાની ખાણવાળા વિસ્તારોમાં અને દેશના અલગ-અલગ ભાગોમાં દરેક જગ્યાએ એકસાથે હુમલા થયા.

ફ્રાન્સની રેડિયો ચેનલ ઈહ્લૈંના રિપોર્ટ મુજબ ત્નદ્રૈંસ્ના આતંકીઓએ બમાકોની બહાર સ્થિત કાટી મિલિટરી બેઝ પર હુમલો કર્યો. આ એ જ જગ્યા છે જ્યાં માલીના સંરક્ષણ મંત્રી સાદિયો કેમારા રહેતા હતા. તેમના ઘર પર હુમલો થયો અને આ હુમલામાં તેમનું મોત નીપજ્યું.

માલી પશ્ચિમ આફ્રિકાનો એક દેશ છે. અહીં ઘણા વર્ષોથી આતંકી સંગઠનો અને વિદ્રોહી જૂથો સરકાર સામે લડી રહ્યા છે. ત્નદ્રૈંસ્, જે અલ-કાયદા સાથે જોડાયેલું એક આતંકી સંગઠન છે. તુઆરેગ વિદ્રોહી, જેઓ ઉત્તર માલીમાં પોતાની અલગ સત્તા ઈચ્છે છે. માલીમાં હાલમાં સૈન્ય શાસન છે, એટલે કે સેનાએ સત્તા સંભાળેલી છે. આ સરકાર સામે બે મોટા દુશ્મનો છે.

# 'ઈઝરાયલના કહ્યામાં આવીને ટ્રમ્પ ફરી ગમે ત્યારે યુદ્ધ ભડકાવશે..', ઈરાનના સાંસદની ગંભીર ચેતવણી

(એજન્સી દ્વારા)

તહેરાન : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી મંત્રણામાં અનિશ્ચિતતા વચ્ચે હવે યુદ્ધના વાદળો ઘેરાઈ રહ્યા છે. ઈરાનના સાંસદ અલી ખેજરિયાને ચેતવણી આપી છે કે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલના પ્રભાવ હેઠળ આવીને ઈરાન પર ગમે ત્યારે હુમલો કરી શકે છે. ઈરાનની સંસદના રાષ્ટ્રીય સુરક્ષા આયોગના સભ્ય ખેજરિયાના મતે, આ ક્ષેત્રમાં અમેરિકન સેનાની તહેનાતી એ સંકેત આપે છે કે હુમલો 'કોઈપણ ક્ષણે' શરૂ થઈ શકે છે. ટ્રમ્પે તાજેતરમાં તેલની પાઈપલાઈનમાં વિસ્ફોટ કરવાની ધમકી આપી હોવાથી સ્થિતિ વધુ તણાવપૂર્ણ બની છે. આ દરમિયાન ઈરાને વોશિંગ્ટન સાથેની તમામ વાટાઘાટો હાલ પૂરતી રોકી દીધી હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે.

મધ્યસ્થીની ભૂમિકાને લઈને પણ ઈરાનનો સૂર આકરો જણાઈ રહ્યો છે. ઈરાની સાંસદ ઈબ્રાહિમ રેઝાઈએ પાકિસ્તાનને યોગ્ય મધ્યસ્થી માનવાનો ઈનકાર કરી દીધો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે પાકિસ્તાન હંમેશા ટ્રમ્પના હિતોનું ધ્યાન રાખે છે અને અમેરિકાની ઈચ્છા વિરુદ્ધ એક શબ્દ પણ બોલતું નથી. રેઝાઈના મતે, એક સારા પાડોશી હોવા છતાં પાકિસ્તાન પાસે મધ્યસ્થતા માટે જરૂરી તટસ્થતા અને ભરોસાનો અભાવ છે. બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે બંને દેશો શાંતિપૂર્ણ ઉકેલ માટે ફોન પર વાતચીત કરી શકે છે. તેમણે કહ્યું કે પ્રતિનિધિમંડળ મોકલવાને બદલે ફોન પર વાત કરવી વધુ સરળ વિકલ્પ છે અને હવે તમામ પસંદગીઓ ઈરાનના હાથમાં છે.

સંઘર્ષના આ માહોલમાં અમેરિકાને આર્થિક રીતે મોટું નુકસાન થયું હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા હુમલા બાદ ઈરાનની જવાબી કાર્યવાહીમાં અમેરિકાને અબજો ડૉલરનું નુકસાન વેઠવું પડ્યું છે. ઈરાને પશ્ચિમ એશિયાના સાત દેશોમાં આવેલા અમેરિકન સૈન્ય મથકો, રડાર સિસ્ટમ અને કમાન્ડ સેન્ટરોને નિશાન બનાવ્યા હોવાનું મનાય છે. આ યુદ્ધમાં સૌથી આશ્ચર્યજનક ઘટના એ બની કે ઈરાનનું એક જૂનું એફ-૫ લડાકુ વિમાન અમેરિકાની આધુનિક સંરક્ષણ પ્રણાલીને થાપ આપીને હુમલો કરવામાં સફળ રહ્યું.

**તિકડમ !**
– દેવેન વ્યાસ




આ કાળઝાળ ગરમીમાં એકાદ વિદેશ પ્રવાસ કરાવી દો ને !

# સીઝફાયરના લીરેલીરાં! ડ્રોન એટેકના જવાબમાં લેબેનોનમાં ઈઝરાયલે વરસાવ્યો કહેર, ૧૪ લોકોના મોત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈઝરાયલ અને લેબનાન વચ્ચે ૧૬ એપ્રિલથી અમલી બનેલા નાજુક સીઝફાયરનો ભંગ થયો છે. હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલામાં એક ૧૯ વર્ષીય ઈઝરાયલી સૈનિકનું મોત થયું હતું, જેના જવાબમાં ઈઝરાયલી વાયુસેનાએ દક્ષિણ લેબનાનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર ભીષણ હવાઈ હુમલા શરૂ કર્યા હતા. જેમાં ૧૪ લોકોના મોતની માહિતી સામે આવી છે.

ઈઝરાયલી વાયુસેનાએ લેબેનોન તરફથી છોડવામાં આવેલા હિઝબુલ્લાહના ત્રણ ડ્રોનને સરહદ ઓળંગે તે પહેલા જ હવામાં તોડી પાડ્યા હતા. આ ડ્રોન વેસ્ટર્ન ગલીલી વિસ્તારમાં ટ્રેક કરવામાં આવ્યા હતા. દક્ષિણ લેબનાનમાં તૈનાત ઈઝરાયલી સૈનિકો પર હિઝબુલ્લાહના ડ્રોન હુમલામાં એક સૈનિક શહીદ થયો છે અને અન્ય છ સૈનિકો ઘાયલ થયા હોવાની આર્મીએ પુષ્ટિ કરી છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસે દક્ષિણ લેબનાનના અનેક ગામોના રહેવાસીઓને તાત્કાલિક સ્થળ ખાલી કરવાની ચેતવણી આપી છે. આઈડીએએ હિઝબુલ્લાહના એવા ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે જ્યાંથી ઈઝરાયલી સૈનિકો પર હુમલા કરવામાં આવતા હતા.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સરકારી બેઠકમાં જણાવ્યું હતું કે, "હિઝબુલ્લાહની હરકતો સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે. આઈડીએફ લેબનાનમાં સંપૂર્ણ તાકાત સાથે કાર્યરત છે અને કોઈપણ હુમલાનો જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર છે." ઉલ્લેખનીય છે કે, ગત ગુરુવારે જ સીઝફાયરને ત્રણ અઠવાડિયા માટે વધારવામાં આવ્યું હતું, જેમાં ઈઝરાયલ પાસે આત્મરક્ષણ માટે હુમલો કરવાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

# 'પાકિસ્તાન ભરોસાને લાયક નથી, એ ટ્રમ્પ સામે ઝૂકે છે...', શાંતિ મંત્રણા મુદ્દે ઈરાને કરી ફજેતી

(એજન્સી દ્વારા)

તહેરાન : અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલા ગંભીર સંઘર્ષને શાંત કરવા માટે પાકિસ્તાન મધ્યસ્થીનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ ઈરાને હવે પાકિસ્તાનની ભૂમિકા પર આકરા સવાલો ઉઠાવ્યા છે. ઈરાની સંસદના સુરક્ષા પંચના પ્રવક્તા અને સાંસદ ઈબ્રાહિમ રેઝાઈએ સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાન એક પડોશી તરીકે સારું છે, પરંતુ મધ્યસ્થી તરીકે તે તટસ્થ નથી.

ઈબ્રાહિમ રેઝાઈએ આરોપ લગાવ્યો કે પાકિસ્તાન મધ્યસ્થી તરીકેની વિશ્વસનીયતા ગુમાવી ચૂક્યું છે. એક મધ્યસ્થીએ નિષ્પક્ષ હોવું જોઈએ, જ્યારે પાકિસ્તાન હંમેશા અમેરિકા અને ડોનાલ્ડ ટ્રમ્પના હિતોનું સમર્થન કરે છે.

ઈરાની સાંસદે સોશિયલ મીડિયા પર લખ્યું કે, પાકિસ્તાન અમેરિકાની ઈચ્છા વિરુદ્ધ એક શબ્દ પણ બોલવાની હિંમત કરતું નથી. તે હંમેશા ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જાય છે. રેઝાઈએ દાવો કર્યો કે ભૂતકાળમાં અમેરિકાએ પાકિસ્તાન દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવો સ્વીકાર્યા હતા પરંતુ બાદમાં તે ફરી ગયું હતું, તેમ છતાં પાકિસ્તાન આ મુદ્દે મૌન રહ્યું છે. પાકિસ્તાન લેબનાન મુદ્દે કે ઈરાનની અટકાવેલી સંપત્તિઓ વિશે અમેરિકાની અધૂરી કમિટમેન્ટ્સ પર પણ કંઈ બોલતું નથી.

પાકિસ્તાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ તાજેતરમાં જ પાકિસ્તાનના ટોચના નેતૃત્વ સાથે મુલાકાત કરી હતી, પરંતુ ટ્રમ્પ દ્વારા પાકિસ્તાન પ્રવાસ રદ કરાયા બાદ અને હવે ઈરાનના આ આકરા વલણ બાદ શાંતિ વાર્તા અધ્ધરતાલ હોય તેમ જણાય છે. ઈરાનનું માનવું છે કે પાકિસ્તાન માત્ર અમેરિકાના એજન્ડાને આગળ વધારી રહ્યું છે.

## પહેલા પાનાથી...

**ગુજરાતમાં ભાજપનો**

ઉભરી આવ્યું, ખાસ કરીને સુરતમાં જોકે, આ વખતે આપનો પ્રભાવ નબળો પડ્યો હોય તેવું લાગે છે. પ્રચાર વ્યૂહરચના અને જમીની વાસ્તવિકતા ભાજપે મોદી પરિબળ પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને યુવા ઉમેદવારોને ટિકિટ આપી.કોંગ્રેસે નબળા ગ્રાઉન્ડ એકત્રીકરણ સાથે સંઘર્ષ કર્યો; નાણાકીય વ્યવસ્થા પછી કેટલાક ઉમેદવારો પાછા ખેંચી લેવાયા હોવાના અહેવાલ છે સુરતમાં એક સગીર સાથે કથિત છેડતીની ઘટનામાં છેલ્લા ઘડીએ વિરોધ પ્રદર્શનો થયા હતા, જેમાં ભાજપના નેતાઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. છછ નેતા ગોપાલ ઈટાલિયાએ પાટીદાર ભાવનાઓને એકત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે કેટલાક વિસ્તારોમાં મતદાન પ્રભાવિત થયું હશે. જ્યારે ભાજપ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં મજબૂત સ્ટ્રાઈક રેટ જાળવી રાખે તેવી અપેક્ષા છે, ત્યારે આંતરિક અસંતોષ અને સ્થાનિક અસંતોષ પસંદગીની નગરપાલિકાઓ અને ગ્રામીણ સંસ્થાઓના પરિણામો પર અસર કરી શકે છે. મહિલા મતદારોએ ફરી એકવાર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી, સ્થાનિક સંસ્થાઓમાં ૫૦% અનામત દ્વારા સહાયિત, ભાગીદારી અને ઉમેદવારોનું પ્રતિનિધિત્વ વધ્યું.

**કોઈ પાલિકા**

સામાન્ય બાબત થઈ ગઈ છે. સજ્જડ બહુમતી વગરનું શાસન ગમે ત્યારે હચમચી શકે છે. મે માસના બીજા અઠવાડિયામાં પાલિકા-પંચાયતમાં મુખ્ય પદાધિકારીઓની ચૂંટણી થવાની પ્રબળ શકયતા છે. કાલે સાંજ સુધીમાં તમામ પાલિકા-પંચાયતોનું ભાવિ સ્તષ્ટ થઈ જશે.

**ઈતિહાસમાં પહેલીવાર**

કરવામાં આવ્યા, ત્યારે ઈઝરાયેલે મિત્રતા નિભાવતા પોતાની આ ફલેગશિપ સિસ્ટમ અને સૈન્ય ટુકડીને સંયુક્ત આરબ અમીરાતની સુરક્ષામાં લગાવી દીધી હતી.

અમેરિકન મીડિયા આઉટલેટ 'એક્સિઓસ' ના અહેવાલ મુજબ, આ ગુપ્ત ઓપરેશન ત્યારે પાર પાડવામાં આવ્યું જ્યારે યુદ્ધના શરૂઆતના તબક્કામાં UAE માં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓ અને નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઈરાને હુમલા તેજ કર્યા હતા. અબુ ધાબીની વિનંતી બાદ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તાત્કાલિક ધોરણે આયર્ન ડોમ બેટરી, ઈન્ટરસેપ્ટર્સ અને ડઝનબંધ સૈનિકોને UAE મોકલવાનો આદેશ આપ્યો હતો.

ઈઝરાયેલની આયર્ન ડોમ સિસ્ટમ તેની ૯૦% થી વધુ સફળતાના દર માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. અત્યાર સુધી આ સિસ્ટમનો ઉપયોગ માત્ર ઈઝરાયેલ અને અમેરિકા પૂરતો મર્યાદિત હતો, પરંતુ આ યુદ્ધે સમીકરણો બદલી નાખ્યા છે. વરિષ્ઠ ઈઝરાયેલી અધિકારીઓના જણાવ્યા અનુસાર, UAE એ પહેલો એવો દેશ બન્યો છે જ્યાં ઈઝરાયેલે આ ટેકનોલોજીનો ઉપયોગ સુરક્ષા કવચ તરીકે કર્યો છે. આ સિસ્ટમ ખાસ કરીને ટૂંકા અંતરના રોકેટ અને આર્ટિલરી શેલને હવામાં જ તોડી પાડવા માટે બનાવવામાં આવી છે.

**સુરેન્દ્રનગરના**

મતદાન મથકો પર કુલ ૬૪૩ મતદારો પોતાનો મતાધિકાર ઉપયોગ કરવાના છે.ગઈકાલે (૨૬ એપ્રિલ, રવિવાર) ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ હતી. જેપર ગામના મતદાન મથક નંબર ૪ અને ૫માં કંટ્રોલ યુનિટ તેમજ બેલેટ યુનિટમાં તકનીકી ખામી સર્જાઈ હતી. આ ખામી ૧૩૬ મત પડ્યા બાદ જોવા મળી હતી. ત્યારબાદ મતદાન અટકાવવું પડ્યું હતું અને ચૂંટણી પંચે આજે પુનઃમતદાનની જાહેરાત કરી છે.આ બેઠક જિલ્લા પંચાયત તેમજ ચુડા તાલુકા પંચાયત માટે છે. પુનઃમતદાન માત્ર આ બે મતદાન મથકો પર જ થશે, જ્યારે અન્ય મતદાન મથકો પરનું મતદાન સામાન્ય રીતે પૂર્ણ થઈ ચૂક્યું છે.

**પશ્ચિમ બંગાળમાં વડાપ્રધાન**

ઉતરી આવ્યા હતા અને ઘોષપરા રોડ રણમેદાનમાં ફેરવાઈ ગયો હતો.હિંસા એટલી હદે વધી ગઈ હતી કે વિસ્તારમાં અંધાધૂંધ ક્રૂડ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા.

# મતગણતરીના ૨૪ કલાક પહેલાં ગુજરાત આપ પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષસાગર રબારીએ તમામ પદ પરથી રાજીનામું

અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું છે. આજે મતગણતરીના ૨૪ કલાક પહેલાં આમ આદમી પાર્ટીને વધુ એક ઝટકો પડ્યો છે.ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ અને ગાંધીવાદી ચુનીભાઈ વૈધના સાથીદાર એવા ખેડૂત નેતા સાગર રબારીએ પક્ષના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપી દેતા રાજકીય ગરમાવો આવ્યો છે.કારણ કે તેઓ પાયાના કાર્યકરો અને ખેડૂત વર્ગમાં મજબૂત પકડ ધરાવતા નેતા માનવામાં આવતા હતા.આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી સાગર રબારીએ ફેસબુક મારફતે પોતાનું રાજીનામુ જાહેર કર્યું છે.સાગર રબારી ખેડૂતો, કૃષિ અને જમીનસંપાદન સંલગ્ન સમસ્યાઓને લઈને સરકાર સામે લડત ચલાવી રહ્યા છે. જે પૈકી કેટલાક આંદોલનોમાં સરકાર સામે જીત પણ થઈ હતી. રબારી રાજકીય પક્ષ સાથે જોડાયા પણ આંદોલનની રાજનીતિથી તેમની કારકિર્દી શરૂ થઈ હતી. ૧૯૮૪માં સાગર રબારી ગુજરાતના જાણીતા કર્મશીલ ચુનીભાઈ વૈદ્ય સાથે ગુજરાત લોકસમિતિમાં જોડાયા હતા અને ૨૦૧૨ સુધી જોડાયેલા રહ્યાજોકે થોડાક જ દિવસો પહેલા તેમણે ભારતીય જનતા પાર્ટી પર કડક પ્રહારો કર્યા હતાં.

જોઈએ છે ગાંધીધામ માટે
કામવાળી બહેન
ઘરનું સંપૂર્ણ કામકાજ તેમજ સાફ-સફાઈ માટે
ઓફિસની સાફ-સફાઈ કરી શકે તેવો માણસ જોઈએ છે.
મળવાનો સમય :- સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાકે
Mo. 9099079342

### કચ્છના આકાશમાં હવે વિજ્ઞાન ક્ષેત્રે મોટી છલાંગ

# પાલારા ખાતે અત્યાધુનિક પ્લેનેટોરિયમ અને વેધશાળાનું ભૂમિપૂજન

**ખગોળ વિજ્ઞાન ક્ષેત્રે ભુજમાં આકાર પામશે ચાર નવનિર્માણ પ્રકલ્પો : ડો. જે.જે. રાવલનું કચ્છને વૈશ્વિક નકશા પર મૂકવાનું વર્ષો જૂનું સપનું થશે સાકાર**







ભુજ - કચ્છઉદય : કચ્છની ધરતી હવે માત્ર ભૌગોલિક રીતે જ નહીં પરંતુ ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ પણ નવી ઊંચાઈઓ સર કરવા જઈ રહી છે. જિલ્લાના પાટનગર ભુજ પાસે આવેલા પાલારા ખાતે ખગોળ વિજ્ઞાનના ક્ષેત્રમાં ક્રાંતિ લાવનારા ચાર મહત્ત્વકાંક્ષી પ્રકલ્પોનું ગરિમાપૂર્ણ માહોલમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી મુંબઈ દ્વારા સંચાલિત ભુજ કચ્છમિત્ર જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રના નેજા હેઠળ ખાવડા માર્ગ પર અદિતિ નગરની પાંચ એકર જમીન પર આ શૈક્ષણિક અને વૈજ્ઞાનિક સંકુલનું નિર્માણ થશે.

પ્રથમ તબક્કામાં સાત હજાર ફૂટના બાંધકામ સાથે મહારાવ પ્રાગમલજી ત્રીજા પ્લેનેટોરિયમ હસ્તે મહારાણી પ્રીતિદેવી, ભારતના સપૂત કાકા તરીકે જાણીતા કાંતિસેન શ્રોફ અને ચંદાબેન શ્રોફ (કાકી) ઓડિટોરિયમ તેમજ અત્યાધુનિક સૂર્ય-તારા વેધશાળાનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ ઉપરાંત મુંબઈના ડો. મોહનભાઈ આઈ. પટેલ જ્ઞાનવિજ્ઞાન ગુરુકુલમ સહિતના પ્રકલ્પોના ભૂમિપૂજન પ્રસંગે મુખ્ય સ્પોન્સરો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

આ અવસરે મંચ પર ઉપસ્થિત મુખ્ય સહયોગી દીપેશભાઈ શ્રોફ, મહારાણી પ્રીતિદેવીના પ્રતિનિધિ તેરા ઠાકોર મયૂરધ્વજસિંહજી, રોહા ઠાકોર કૃતાર્થસિંહ, કુંવર ઈન્દ્રજિતસિંહ જાડેજા, આરતી કુંવરીબા અને નીતુ કુંવરીબાનું સન્માન કરાયું હતું. સાથે જ પૂર્વ સાંસદ પુષ્પદાન ગઢવી, રવીન્દ્ર સંઘવી, જાણીતા કલાકાર હરીશ ભીમાણી, કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલ, રજિસ્ટ્રાર ડો. અનિલ ગોર, વિજ્ઞાન ભવનના વિરલ પરમાર, ડો. ધીરેન્દ્ર મહેતા અને ભારતીય વિદ્યાભવન મુંબઈના લલિત શાહનું પણ લોકવિજ્ઞાન કેન્દ્રના સભ્યો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

સવાયા કચ્છી અને વિશ્વવિખ્યાત ખગોળશાસ્ત્રી ડો. જે.જે. રાવલે આ પ્રસંગે જણાવ્યું હતું કે પાલારા ખાતે આકાર લઈ રહેલા આ પ્રકલ્પો તેમના વર્ષોના સેવેલા સપનાનું પ્રતિબિંબ છે. તેમણે આ પ્રોજેક્ટના નિર્માણથી કચ્છના યુવાનો અને બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે નવી ચેતના જાગશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન કચ્છ અને ખગોળ વિજ્ઞાન નામના વિશેષ પુસ્તકનું વિમોચન રાજપરિવારના સભ્યોના હસ્તે કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો. મોહન પટેલે બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓને ખીલવવા માટે આ કેન્દ્ર આશીર્વાદરૂપ બનશે તેમ જણાવ્યું હતું, જ્યારે જાણીતા વોઈસ આર્ટિસ્ટ હરીશ ભીમાણીએ આ ભવનના નિર્માણને ડો. રાવલનું એક પવિત્ર અનુષ્ઠાન ગણાવ્યું હતું.

પાલારા મંદિરના વસંત અજાણીએ પણ આ વિકાસાત્મક કાર્ય અંગે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રોજેક્ટ સાથે શરૂઆતથી જોડાયેલા આરતી કુંવરીબા અને રવીન્દ્ર સંઘવીએ કોલકાતાના પ્લેનેટોરિયમની મુલાકાત લીધા બાદ કચ્છમાં પણ તેવું જ શ્રેષ્ઠ કેન્દ્ર બને તે માટે કરેલા પ્રયાસો અને રાજપરિવારના આશીર્વાદને યાદ કર્યા હતા. કાર્યક્રમમાં વર્ષ બે હજાર છથી સંસ્થા સાથે જોડાયેલા દિવંગત પદ્મશ્રી ચંદનાજી (તાઈ મા), અશોક મહોલ્લા અને વોટરમેન દામજીભાઈ એક્રવાલાના પ્રદાનને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આર્કિટેક્ટ રજની પટવા, કુલદીપસિંહ સંધા, કિરીટ કારિયા, નરેન્દ્ર ગોર, અખિલેશ અંતાણી, પ્રબોધ મુનવર, તિલક કેશવાણી, પ્રવીણ મહેશ્વરી, વિરેન દવે, ધ્રુવલાલ શાહ, મહેન્દ્રભાઈ, નિલમબેન ગાંધી, ગીતાબેન ગાલા, રાજભા અને વિશાલભાઈ સહિતના મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન પૂર્વીબેન ગોસ્વામીએ કર્યું હતું, જ્યારે ભૂમિપૂજનની વિધિ આચાર્ય મૌલેશ્વર ભટ્ટે સંપન્ન કરાવી હતી.

# હિંદુ સંસ્કૃતિમાં મંદિરો હંમેશા પ્રેરણાનું કેન્દ્ર રહ્યા : ડો. પૂ. જ્ઞાનવત્સલ સ્વામી

**બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા ભુજ દ્વારા ડો. પૂ. જ્ઞાનવત્સલ સ્વામીની પરિવાર પ્રેરણા સભાનું થયેલું આયોજન**








ભુજ - કચ્છઉદય : એરપોર્ટ રિંગ રોડ ઉપર નિર્માણ આધીન બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના નુતન પરિસરમાં સંસ્થાના વિદ્વાન સંત વક્તા લેખક અને પ્રેરક એવા ડો. જ્ઞાનવત્સલ સ્વામીનું પારિવારિક પ્રેરણા સભા ઉપર સુંદર પ્રવચન યોજાયું હતું. સભાની શરૂઆત ધૂન પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી કચ્છભરમાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત નગરજનો હરિભક્તો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં બાળમંડળના બાળકોએ સત્સંગ દીક્ષા ગ્રંથ ના સંસ્કૃત શ્લોકોનો મુખપાઠ ગાન કર્યું હતું જે મુખપાઠને ગત સમયે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું.

ડો. જ્ઞાનવત્સલ સ્વામીજીએ જણાવ્યું હતું કે આપણો પરિવાર પરંપરાગત બને, આધુનિક બને અને વૈશ્વિક બને તે માટે આપણી વિશેષ જવાબદારી બને છે. જીવનની દિશા અધ્યાત્મ તરફ ઢળે તે જરૂરી છે તેમણે જણાવ્યું હતું કે હિંદુ સંસ્કૃતિમાં મંદિરો હંમેશા પ્રેરણાનું કેન્દ્ર રહ્યા છે.

ભક્તે સહિત ભગવાનની યુગલ ઉપાસનાનું પ્રવચન કરી વર્તમાનમાં ૧,૮૦૦ ઉપરાંત મંદિરો અને પ્રેરણા કેન્દ્રો સંસ્થા દ્વારા ચાલી રહ્યા છે. ભુજમાં પણ નિર્માણ આધીન વિશાળ મંદિર સમાજને પ્રેરણા આપવાનું અને આધ્યાત્મિક દીશા ચીંધવાનું કામ કરશે તે કચ્છનું સૌભાગ્ય છે. ભગવાનની ઈચ્છા અને આદેશો આપણા પારિવારિક, વ્યવસાયિક અને સામાજિક જીવનમાં પ્રવર્તે તથા ભગવાનને તમે તેવું આપણું જીવન બને તે માટે આપણું કાર્ય અને નીતિ યોગ્ય રહે તે જરૂરી છે.

સત્સંગથી આપણું આ લોક અને પરલોક સુધરે, સંપ સુહૃદભાવ અને એકતાથી સૌ રહે તે વિચાર પુ. મહંત સ્વામી મહારાજ દરેકને દ્રઢાવે છે. પ્રમુખ સ્વામી મહારાજ પણ કહેતા કે જો તમે તમારા સંતાનોને સંસ્કાર નહીં આપો તો તમારે સંતતિ અને સંપત્તિ બને ખોવાનો વારો આવશે તેથી પરિવારમાં આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન થાય તે ખાસ જરૂરી છે.

પરંપરાગત પરિવાર વિષય પર સ્વામીજીએ જણાવ્યું હતું કે પરિવારમાં અપેક્ષા - સહનશક્તિનો અભાવ - સત્તા સંપત્તિની ખેવના વગેરે વિસંવાદિતા નું કારણ બને છે, તેથી વ્યક્તિઓમાં સહનશીલતા વધે, એકબીજાને સ્વીકારવાનો સ્વભાવ બને તો એ પરિવાર સુખી બને તે માટે સૂત્ર આપ્યું હતું.

હંમેશા ભગવાન જે પણ કરે છે તે આપણા સારા માટે જ કરે છે તે વિચાર રાખી દુઃખ સામે લડવાની શક્તિ આપણને આધ્યાત્મિક શક્તિ આપે છે

સાથે સાથે પરિવાર આધુનિક બને તે માટે સંતાનોને સારામાં સારું શિક્ષણ આપવું જરૂરી છે શિક્ષણથી વિચારની વિશાળતા આવે છે, અને સમાજના પ્રશ્નો સારી રીતે સમજી શકાય છે માટે સંતાનોને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા અને પ્રેરણા આપવી હતી.

આપણો પરિવાર વૈશ્વિક બને દેશ-વિદેશમાં ગમે ત્યાં હોઈએ તો પણ ભારત સાથેનો, ભારતીય સંસ્કૃતિ સાથેનો ધર્મ સાથે અને આપણી શ્રદ્ધા સાથે જોડાઈ રહે તે જરૂરી છે. પારિવારિક મૂલ્યોને જાળવવા તે આપણે જવાબદારી છે

ડો. અબ્દુલ કલામ સાહેબે કહ્યું હતું કે વ્યક્તિગત ચારિત્ર્ય જીવનને સુંદર બનાવે છે આવા ઘણા વ્યક્તિઓ ભેગા મળે તો સંવાદિતા રચાય છે અને તેનાથી સુદ્રઢ સમાજ બને છે અને સુદ્રઢ સમાજ ભેગા મળી મહાન રાષ્ટ્ર બનાવે છે અને આવા મહાન રાષ્ટ્રોથી વિશ્વમાં શાંતિ આપે છે.

જેમ જીમ શરીરને શક્તિશાળી બનાવે છે વાંચન મનને શક્તિશાળી બનાવે છે સદવિચાર બુદ્ધિને શક્તિશાળી બનાવે છે તે જ રીતે આધ્યાત્મિક શ્રદ્ધા અને ભક્તિ એ જીવન અને શક્તિશાળી બનાવે છે તેના માટે મંદિરની આવશ્યકતા છે જે આપણને પવિત્ર જીવન વ્યસન મુક્ત જીવન જીવવાની પ્રેરણા આપે છે.

તેમણે જણાવ્યું હતું કે બીએપીએસ સંસ્થા વિશ્વની ટોપ-૧૦ એનજીઓમાં સ્થાન પામેલ છે. અમેરિકા, અબુધાબી દિલ્હી ગાંધીનગર અને સુરતના વિશાળ અક્ષરધામ મંદિરો લોકોને અલૌકિક પ્રેરણા આપે છે, યોગ્ય જીવન જીવવાની દિશા, શાકાહારી બનવાની દિશા, વ્યક્તિ વ્યસન મુક્ત તરફનું જીવનની પ્રેરણા પ્રાપ્ત કરે છે. એરપોર્ટ રિંગ રોડ ઉપર બની રહેલું વિશાળ મંદિર ભુજની વિકાસયાત્રા અને વિરાસત યાત્રા બની રહેશે તેવું તેમણે અંતમાં જણાવ્યું હતું. અંતમાં ઉપસ્થિત સૌએ આરતી તથા પ્રસાદનો લાભ લીધો હતો. આભાર વિધિ કોઠારી વિવેક મંગલ સ્વામી એ કરી હતી. આ પ્રસંગે પૂ.અખંડસેવા સ્વામી, પૂ.પરમચૈતન્ય સ્વામી તથા પૂ.સ્નેહજીવન સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની વ્યવસ્થા કોઠારી પૂજ્ય વિવેક મંગલ સ્વામીના માર્ગદર્શનમાં કાર્યકરોએ સંભાળી હતી.

## દુધઈ પોલીસની સરાહનીય કામગીરી



સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરમ્યાન દુધઈ પોલીસ સ્ટેશનના પીઆઈ એન.બી. ડોડીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મચારીઓ દ્વારા માનવતાભરી સેવા આપવામાં આવી હતી. વડીલ મતદારોને મતદાન મથક સુધી સુરક્ષિત રીતે પહોંચાડવા માટે વ્હીલચેરની મદદથી લઇ જવાની કામગીરી કરવામાં આવી, જેને કારણે લોકશાહીમાં તેમની ભાગીદારી સુનિશ્ચિત થઈ હતી.

## ભુજમાં જુની રાવલવાડી મિત્ર મંડળ દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરાયું




ભુજ-કચ્છઉદય : જુની રાવલવાડી મિત્ર મંડળ દ્વારા પ્રથમ વખત ભુજના જ્યુબીલી ગ્રાઉન્ડ મધ્યે અખિલ કચ્છ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ આંબેડકર ૨૫-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું.

ટૂર્નામેન્ટ ભારતના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની ની ૧૪ એપ્રીલ ૧૩૫મી જન્મજયંતીના દિને વિનોદ ચાવડા દ્વારા શુભ શરૂઆત કરવામાં આવી હતી. કચ્છ મેઘવાડ સમાજની કુલ ૩૨ ટીમોએ ભાગ લીધો હતો. તા. ૨૩-૪ના ફાઈનલમાં અલખ નિરજન બળદિયા અને હંશનિર્વાણ પ્રાગપર ફાઈનલ વિજેતા થઈ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. પ્રમુખ લલીત બુચીયા, પ્રમુખ મોહનભાઈ મહેશ્વરી, પ્રમુખ અનુ. જા.ભાજપા રવિલાલ નામોરી, સરપંચ શિવજીભાઈ મંગરીયા અને રાજકીય, સામાજીક તેમજ અઢારે વર્ણના મહાનુભાવો દ્વારા સન્માનીત કરાયા હતા. રાવલવાડી મિત્ર મંડળના મુખ્ય આયોજક ગાગજી બુચીયા, નરોતમ મહેશ્વરી, મહેશ બુચીયા, વિનોદ મેરીયા, દિપક સીજુ, જેન્તી પાયણ, ગોવિંદ કન્નર, ચંદુલાલ હરેશભાઈ તેમજ નારાણ બળગા દ્વારા સમગ્ર કાર્યક્રમની જહેમત ઉઠાવી હતી. સંપૂર્ણ કાર્યક્રમ બાદ આભારવિધિ દિપક સીજુ દ્વારા કરવામાં આવી હતી.



ગાંધીધામ ઓસ્લો સેક્ટર-૪ મધ્યે આવેલ અંબાજી મંદિરે મોહિની એકાદશી નિમિતે રાધે કૃષ્ણ મંદિરે પૂજારી લલિત મારાજ દ્વારા ફુલોનો શણગાર કરવામાં આવેલ હતો.

## ભુજમાં છેતરપિંડી અને લૂંટના ગુનામાં બે આરોપીઓના જામીન મંજૂર

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં સસ્તા ભાવે સોનાના બિસ્કિટ આપવાની લાલચ આપી છેતરપિંડી આચરવા તેમજ છરીની અણીએ નાણાં પડાવી લેવાના ગંભીર ગુનામાં પકડાયેલા બે આરોપીઓને ભુજની એડિશનલ સેસન્સ અદાલતે જામીન મુક્ત કર્યા છે. આ કેસની વિગત મુજબ, ફરિયાદી મહેન્દ્રસિંહ પૃથ્વીરાજસિંહ ચૌહાણને બજાર કિંમત કરતા સસ્તા ભાવે સોનું આપવાની લાલચ આપી ભુજ બોલાવવામાં આવ્યા હતા. જ્યાં આરોપીઓએ નકલી સોનાનું બિસ્કિટ આપી છેતરપિંડી કરી હતી અને ત્યારબાદ છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી રૂા. ૮.૫૦ લાખ બળજબરીપૂર્વક કઢાવી લીધા હતા. આ અંગે ભુજ બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. નીચલી અદાલતે આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા, જે બાદ આરોપીઓ દ્વારા ભુજની સેસન્સ અદાલતમાં નિયમિત જામીન મેળવવા અરજી કરવામાં આવી હતી. આરોપીઓ વતી એડવોકેટ કે.પી. ગઢવીએ દલીલ કરી હતી. બચાવ પક્ષની દલીલો અને રજૂઆતોને ગ્રાહ્ય રાખીને એડિશનલ સેસન્સ જજે આરોપી યુસુફ ઉર્ફે જુસબ ઈકબાલ નોતિયાર તથા અફઝલ દાઉદ નોતિયારની જામીન અરજી મંજૂર કરી તેમને મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં આરોપીઓ પક્ષે એડવોકેટ કે.પી. ગઢવી સાથે વી.આર. ભાનુશાલી, બી.જે. ભદ્રા, પી.ડી. ખુંગલા અને એચ.પી. ગઢવી હાજર રહ્યા હતા.

## અંજાર નગરપાલિકા વોર્ડવાઈઝ થયેલ મતદાન

| વોર્ડ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૫૮૯૬ | ૩૪૨૯ | ૫૮.૧૬ |
| ૨ | ૬૭૧૫ | ૩૬૪૫ | ૫૪.૨૮ |
| ૩ | ૬૨૯૩ | ૩૯૭૯ | ૬૩.૨૩ |
| ૪ | ૫૩૪૮ | ૪૦૧૬ | ૭૫.૦૯ |
| ૫ | ૬૨૫૫ | ૩૯૮૯ | ૬૦.૫૮ |
| ૬ | ૫૩૬૯ | ૩૨૬૧ | ૬૦.૭૪ |
| ૭ | ૫૮૭૫ | ૩૫૬૧ | ૬૦.૬૧ |
| ૮ | ૫૭૫૧ | ૪૧૮૭ | ૭૨.૮૦ |
| ૯ | ૬૧૫૧ | ૩૧૯૧ | ૫૧.૫૮ |
| **કુલ** | **૫૩૬૫૩** | **૩૩૦૫૮** | **૬૧.૬૧** |

## ભુજની સંસ્થા દ્વારા કેમ્પ યોજાયો



ભુજ - કચ્છ ઉદય : ભુજ કવિ કલા વૃંદ સંસ્થા અને શિવ શક્તિ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે સેલ્ફ ડિફેન્સને સમર કેમ્પનું આયોજન દિલીપ આચાર્યના માર્ગદર્શન અને રાહબરી હેઠળ કરવામાં આવેલ હતું. જેમાં સેલ્ફ ડિફેન્સ સેવા જ્યોતિબેન ગોહિલ અને સમર કેમ્પના દીપિકાબેન સાથે અન્નપૂર્ણાબેને તાલીમમાં સેવા સહયોગ આપ્યો હતો. જેમાં બાળકોને જીવન સંસ્કારના ઘડતર પ્રાથમિકતાની માહિતી સ્વબચાવ, સ્વરક્ષણની જાણકારી આપી હતી. ભુજ શિવ શક્તિ ગ્રુપ અને કવિ કલાવૃંદ સંસ્થાના ઉપક્રમે સેલ્ફ ડિફેન્સ અને સમર કેમ્પનું આયોજન દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં દીપિકાબેન ડુડીયાએ તાલીમ આપી હતી.

## અંજાર તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ભીમાસર | ૨૯૦૫ | ૨૪૦૭ | ૮૨.૮૫ |
| ભુવડ | ૫૦૫૪ | ૪૩૩૫ | ૮૫.૭૭ |
| ચાંદ્રાણી | ૪૬૫૧ | ૨૮૮૪ | ૬૨.૦૦ |
| ધમડકા | ૪૪૯૨ | ૩૫૯૦ | ૭૯.૯૧ |
| દુધઈ | ૫૪૧૬ | ૩૫૭૦ | ૬૫.૯૧ |
| ખેડોઈ | ૪૧૮૩ | ૨૫૪૫ | ૬૦.૮૪ |
| મોડસર | ૪૧૨૩ | ૩૩૭૨ | ૮૧.૭૮ |
| નાગલપર મોટી | ૪૯૧૩ | ૩૨૪૧ | ૬૫.૯૬ |
| નિંગાળ | ૫૪૦૨ | ૩૪૩૮ | ૬૩.૬૪ |
| રતનાલ | ૫૫૨૧ | ૪૭૭૦ | ૮૬.૩૯ |
| સંઘડ | ૩૪૯૮ | ૨૬૭૯ | ૭૬.૫૮ |
| સાપેડા | ૫૧૧૨ | ૩૬૭૨ | ૭૧.૮૩ |
| સતાપર | ૫૨૦૫ | ૩૭૯૧ | ૭૨.૮૩ |
| સિનુગ્રા | ૫૦૦૨ | ૩૦૫૫ | ૬૧.૦૭ |
| ટપ્પર | ૫૦૬૫ | ૩૭૧૨ | ૭૩.૨૮ |
| તુણા | ૬૯૬૬ | ૫૭૩૪ | ૮૨.૩૧ |
| વરસામેડી-૧ | ૫૩૪૦ | ૨૮૮૪ | ૫૪.૦૦ |
| વરસામેડી-૨ | ૫૨૧૧ | ૨૯૯૧ | ૫૭.૩૯ |
| વીડી | ૫૨૦૮ | ૩૨૧૯ | ૬૧.૮૦ |
| વીરા | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૯૩૨૬૭** | **૬૫૮૮૯** | **૭૦.૬૫** |

## અબડાસા તાલુકા પંચાયત પર બેઠક વાઈઝ થયેલ મતદાન

| બેઠકનું નામ | કુલ મતદાન | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| બાંડિયા | ૪૫૯૨ | ૩૧૮૯ | ૬૯.૪૪ |
| બેર મોટી | ૪૫૮૬ | ૩૭૯૪ | ૮૨.૭૩ |
| ભાનાડા | ૨૦૬૫ | ૧૬૬૫ | ૮૦.૬૨ |
| બિટા | ૪૦૦૧ | ૨૩૦૬ | ૫૭.૬૩ |
| ડુમરા | ૫૦૭૪ | ૩૫૮૨ | ૭૦.૫૯ |
| જખૌ | ૪૪૨૬ | ૩૦૮૪ | ૬૯.૬૭ |
| ખીરસરા (કો) | ૫૩૫૫ | ૩૪૩૦ | ૬૪.૦૫ |
| કોઠારા | ૪૭૫૩ | ૨૮૫૦ | ૫૯.૯૬ |
| મોથાળા | ૫૧૯૨ | ૩૨૪૨ | ૬૨.૪૪ |
| નલિયા-૧ | ૪૯૯૬ | ૩૦૭૧ | ૬૧.૪૬ |
| નલિયા-૨ | ૩૮૭૯ | ૨૭૫૧ | ૭૦.૯૨ |
| નરેડી | ૪૪૯૪ | ૩૨૨૧ | ૭૧.૬૭ |
| રામપર | ૪૭૪૦ | ૩૨૭૮ | ૬૯.૧૫ |
| સુથરી | ૫૨૯૫ | ૪૩૩૭ | ૮૧.૯૦ |
| તેરા | ૪૭૬૨ | ૩૩૯૩ | ૭૧.૨૫ |
| વરાડિયા | ૬૧૬૩ | ૪૧૪૫ | ૬૭.૬૦ |
| વાયોર | ૩૬૯૨ | ૨૮૩૮ | ૭૬.૮૬ |
| વિંઝાણ | ૪૬૦૯ | ૩૦૯૨ | ૬૭.૦૮ |
| **કુલ** | **૮૨૬૪૨** | **૫૭૧૦૫** | **૬૯.૧૦** |

### જાહેર નોટીસ — કેસ નં.૪૪/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : મંધરા ઓસમાણ અલાના, રહે.કાળાતળાવ, તા.અબડાસા, અરજદારશ્રીના વિ.વ.શ્રી અનવર આઇ. મંધરા રહે. નલિયા, તા.અબડાસા — વિરૂધ્ધ — સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, કાળાતળાવ જુથ ગ્રા. પં, તા.અબડાસા

**વિષય : જન્મની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રી નામે મંધરા ઓસમાણ અલાનાનો તા.૦૪/૦૫/૧૯૬૩ના રોજ મોજે-કાળાતળાવ, તા.અબડાસા-કચ્છ ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારશ્રીએ તેમના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૪૪/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૦૨ માહેઃએપ્રિલ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**હુકમથી (એ.આર.નીનામા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા**

### જાહેર નોટીસ — કેસ નં.૪૫/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : મંધરા ઓસમાણ અલાના, રહે.કાળાતળાવ, તા.અબડાસા, અરજદારશ્રીના વિ.વ.શ્રી અનવર આઇ. મંધરા રહે. નલિયા, તા.અબડાસા — વિરૂધ્ધ — સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, કાળાતળાવ જુથ ગ્રા. પં, તા.અબડાસા

**વિષય : જન્મની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્રી નામે મંધરા રૂકશાના ઓસમાણનો તા.૨૩/૦૭/૧૯૯૬ના રોજ મોજે-કાળાતળાવ, તા.અબડાસા-કચ્છ ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારશ્રીની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારશ્રીએ તેમના પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૪૫/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૦૨ માહેઃએપ્રિલ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**હુકમથી (એ.આર.નીનામા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા**

### જાહેર નોટીસ — કેસ નં.૨૫/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : મુસા હુસેન પ્યા, રહે.વલસરા, તા.અબડાસા — વિરૂધ્ધ — સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, વલસરા ગ્રા. પં, તા.અબડાસા

**વિષય : જન્મની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્રી નામે ઉમરાબાઇ મુસા પ્યાનો તા.૨૮/૧૧/૨૦૨૩ના રોજ મોજે-વલસરા, તા.અબડાસા-કચ્છ ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારશ્રીની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારશ્રીએ તેમના પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૨૫/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૦૨ માહેઃએપ્રિલ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**હુકમથી (એ.આર.નીનામા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા**

### જાહેર નોટીસ — કેસ નં.૨૬/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અબડાસાની કોર્ટમાં તા.અબડાસા**

અરજદાર : ઈશાક હુસેન પ્યા, રહે.વલસરા, તા.અબડાસા — વિરૂધ્ધ — સામાવાળા : તલાટી સહમંત્રીશ્રી, વલસરા ગ્રા. પં, તા.અબડાસા

**વિષય : જન્મની નોંધ કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્રી નામે રોજાના ઈશાક પ્યાનો તા.૨૮/૦૧/૨૦૨૪ના રોજ મોજે-વલસરા, તા.અબડાસા-કચ્છ ખાતે જન્મ થયેલ જે બાબતની નોંધ જેતે વખતે અરજદારશ્રીની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઇ અરજદારશ્રીએ તેમના પુત્રીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા રજી. નં. ૨૬/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઇનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત/મૌખિક વાંધો રજુ કરવો. જો મુદત સમયમાં કોઇ વાંધો કે તકરાર નહીં આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.
આજરોજ તા. ૦૨ માહેઃએપ્રિલ સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**હુકમથી (એ.આર.નીનામા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અબડાસા**

# રાતાતળાવ આશાપુરા માતાજીના મંદિરનો ઉજવાયો પાટોત્સવ





**બખ મલાખડાએ જમાવ્યું આકર્ષણ : બખમલાખડામાં પ્રથમ આવનાર સલીમ જતને મોટર સાયકલનું ઈનામ ભેટ અપાયું : કોમી એકતાના થયા દર્શન : કચ્છી ભાનુશાલી સત્સંગ મંડળ મુંબઈ અને સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળની ભગીની સંસ્થા શ્રી સદ્દગુરૂ મેડિકલ એન્ડ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન**






રાતાતળાવ - કચ્છઉદય : કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ દ્વારા સેવાધામ રાતાતળાવ ખાતે આવેલ આઈ શ્રી આશાપુરા માતાજી મંદિરના ૩રમા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં સવારના ૯ કલાકેથી ધાર્મિક કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી પૂર્ણ વિધિવિધાન સાથે મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિથી સ્થાપિત દેવતા પૂજન, શીખર પૂજન, ધ્વજારોહણ, તળાવ પૂજન તથા હોમહવન, ગૌમાતા પૂજન, આરતી, માતાજીના નૈવૈધ કરવામાં આવ્યા હતા, જેના આચાર્ય પદે શાસ્ત્રી જીતેન્દ્ર મણીશંકર જોષી (ભવાનનીપર) તથા પૂજારી કેશવગિરિ અને સહાયક ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા.

આ હોમહવનમાં ૧૫ દંપતિઓએ પૂજનવિધિનો લાભ લીધો હતો. હજારોની સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો દ્વારા યજ્ઞ આહુતિ આપવામાં આવી હતી. નાળિયેર હોમ અને હવન પૂર્ણાહુતિ બાદ પધારેલા સૌએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. અત્રે પધારતા સૌ ભાવિકોને ઢોલ અને શરણાઈથી સત્કારવામાં આવતા આયોજનની ખૂબ જમાવટ થઈ હતી.

આ આયોજનમાં પધારેલા વાલરામજી મહારાજ પાંજરાપોળના આધુનિકરણના દાતા એવા રેખાબેન નિલેશભાઈ મંગે દ્વારા પાંજરાપોળને વૃંદાવન બનાવવાની ઉત્સુકતા સાથે સૌપ્રથમ પૂર્ણ સંકુલમાં પાંજરાપોળ નૂતનીકરણના ભાગરૂપે હજારોની સંખ્યામાં વૃક્ષારોપણથી શરૂઆત કરવામાં આવશે અને આધુનિકરણ પ્રત્યે પોતાનો પૂર્ણ રાજીપો વ્યક્ત કર્યો હતો. આશાપુરા માતાજી મંદિર જીર્ણોદ્ધારના યજમાન એવા રાજેશભાઈ નંદા સાથે પધારેલા સુરેશભાઈ નંદા અને કનૈયાલાલનું પણ સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

બપોર બાદ રાબેતા મુજબ માનવતાના મેળા અને ભાઈચારાના ભેરપા સમાન મેળા મલાખડાની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમ પ્રમુખ સતીષભાઈ ચાંદ્રા, મેળાના ઉદ્દઘાટક હરેશ રામજી કટારિયા, ઉમરશી શિવજી મંગે તથા આયોજન મહાપ્રસાદના દાતા માતૃશ્રી જયશ્રીબેન નવિનભાઈ ભદ્રા, દેશ મહાજનના પ્રમુખ દામજીભાઈ મંગલદાસ જોઈસર, દેશ મહાજનના મહિલા પાંખના જશોદાબેન ભાનુશાલી, સંસ્થાના પ્રમુખ હરિભાઈ શંકરલાલ કટારમલ, કચ્છ એકમના પ્રમુખ વસંતભાઈ ચાંદ્રા, જયેશ વડોર, નરેન્દ્ર વાલજી પાંચાણી વગેરે ઉપસ્થિત આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી બખ મલાખડાની શરૂઆત કરવામાં આવી હતી.

બખ મલાખડામાં સલીમ જત ફુલરા,અસરફ અબડા જખૌ - ઉમર જત ફુલરા, મુબારક મોકરશી ભદ્રાંવાઢ, ઈમરાન નોતિયાર દયાપર, મજીદ સુમરા વાલ્કા અને સલેમાન ઉઠાર જખૌ વિજેતા રહ્યા હતા. વિજેતાઓને પ્રથમ મોટર સાઈકલ, દ્વિતિયને ૨૧ હજાર, તૃતિયને રૂા. ૧૧૦૦૦, ચતુર્થને રૂા. ૯૧૦૦, પાંચમાને રૂા. ૫૧૦૦ અને છઠ્ઠાને રૂા. ૫૧૦૦ આપવામાં આવ્યા હતા.

મેળા મલાખડા નિર્ણાયક સમિતિમાં છત્રસિંહ જાડેજા (ભારત ગ્રુપ), ઈબ્રાહીમ મંધરા (પૂર્વ ધારાસભ્ય, હાજી દાઉદ પઢિયાર (નુંધાતડ), ઈશાકભાઈ હિંગોરા, સાલેમામધ પઢિયાર, સિકંદર જે. લુહાર, કિશોરસિંહ જાડેજા (વિંઝાણ), ગજુભા ભીખુભા જાડેજા, પ્રફુલભાઈ ગજરા (સાંધાણ), જકરિયાભાઈ હિંગોરા અને સાલેમામધ મંધરા રહ્યા હતા.

સંસ્થાના આમંત્રણને માન આપી અને આયોજનની શોભામાં અભિવૃદ્ધિ કરનારા સેવા સમાજ ટ્રસ્ટના શંભુરામ ધનજી માવ, રણછોડભાઈ નંદા તથા ગાંધીધામ મહાજનના હરેશ રવજીભાઈ ભક્કડ તથા મોહનભાઈ ભાચુડા, અશોક ભાનુશાલી, પરસોત્તમ દામા, નાનજીભાઈ દામા, લીલાધર ગોરી, વિનોદ ભાનુશાલી, નલિયાથી પરેશ વાલજી જોઈસર, મહેન્દ્ર દામા, ચંદુભાઈ ભાનુશાલી, આ સાથે કાન્તિ પટેલ હમીરપર, કાનજીભાઈ મંગે, શંકરભાઈ કરીરા નખત્રાણા, રવજીભાઈ છાભૈયા બેંગ્લોર, આઈશ્રી દેવલમા જીવદયા સત્સંગ સમિતિ ભુજના સભ્યો, લોક સાહિત્યકાર રાજેશ ગઢવી, સામાજીક આગેવાન પી.સી. ગઢવી, નીતિન ગજરા માધાપર, નયન કુરબડા અંજાર, ભરત કાનજી મંગે બારડોલી, સંજય ભાનુશાલી રાજકોટ, મહેન્દ્ર ભાનુશાલી નુંધાતડ, ખીમજીભાઈ મોથાળા, ગોવિંદ માવ બિટ્ટા, મહેશ નંદા બિટ્ટા, ભવાનીપરથી ગોવિંદભાઈ હંજડા, કિશોરભાઈ ગોરી તથા કિશોરભાઈ નંદા તથા પંછી ગ્રુપના સભ્યો, આ સિવાય કચ્છ કડવા પાટીદાર સમાજના વિવિધ ગામોના ભાઈઓ જીતુ ભાનુશાલી મંઉ, રમણીક શાહ, સાંધણ, હમીપર, નલિયા, તેરા, બિટ્ટા, ભવાનીપર, મોથાળા, બાલાચોડ વગેરે ગામોના મહાજન મંડળના સભ્યો તથા અઢારે વર્ણના સામાજિક આગેવાનો સાથે ખીમજીભાઈ ગોરી, જીતુભા ભાનુશાલી, જેન્તી પટેલ ચિયાસર સાથે સંસ્થાના પ્રેમજીભાઈ પુનાવાલા, રામજીભાઈ ધુકેર સાથે સંસ્થાના સ્થાપક મનજી બાપુની ખાસ ઉપસ્થિતિમાં મેળાની ભોર જમાવટ જોવા મળી હતી. સાથે રમેશભાઈ મહેશ્વરી ગાંધીધામ, મહેસોજી સોઢા, પરેશસિંહ બનુભા જાડેજા, સણોસરા, શિવજીભાઈ મહેશ્વરી, જે.પી. ગોર નલિયા, દેવજીભાઈ કોલી ફુલરા, દામજીભાઈ ભદ્રા આદિપુર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છી ભાનુશાલી સત્સંગ મંડળ મુંબઈ અને સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળની ભગીની સંસ્થા શ્રી સદ્દગુરૂ મેડિકલ એન્ડ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આયોજનમાં સંસ્થાન મોહન ચત્રભોજ ગોરી માંડવી, જેન્તી ભદ્રા સાંધાણ, મહેશ મંગે ગઢવાડા, કિશોર માવ નરેડી, વસંત નંદા બાલાચોડ, હિંમત માવ નરેડી, જગદીશ મંગે હમીરપર, મેહુલ પટેલ ચિયાસર, કરણ માવ નરેડી, દિનેશ ચુનડા બિટ્ટા, વિપુલ માવ, જુમા ઈબ્રાહી, પ્રેમજી કોલી, દયા મહેશ્વરી સાથે સંસ્થાના તમામ સ્થાનિક કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. સંચાલન અને આભારવિધિ છત્રસિંહ જાડેજા અને અરવિંદભાઈ માવે કરી હતી.

## મેં લોકશાહીના પર્વમાં ફરજ નિભાવી તમે નિભાવી કે નહીં...



# આગામી જૂન માસમાં કચ્છમાં આયોજિત થશે સપ્ત દિવસીય સુરભી ગૌ યાગ




**ગોરસીયા સેવા ફાઉન્ડેશન સંચાલિત નિરણ કેન્દ્ર ખાતે ભૂમિપૂજન અને ધ્વજારોહણ વિધિ સંપન્ન થઈ**



ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લો દેશનો સૌથી વધુ દેશી ગોવંશ ધરાવતો જિલ્લો છે. અને સમગ્ર ગોવંશની સુખાકારી, સંરક્ષણ અને સંવર્ધન સાથે પ્રકૃતિ રક્ષા, પર્યાવરણ શુદ્ધિ અને લંપી રોગમાં મૃત્યુ પામેલ અસંખ્ય ગોવંશના આત્મ કલ્યાણના પવિત્ર સંકલ્પ સાથે ગો સેવા ગતિવિધિ સૌરાષ્ટ્ર પ્રાંતના માર્ગદર્શન અને ગોરસીયા સેવા ફાઉન્ડેશન- બળદીયા અને ગિરધરભાઈ પીંડોરીયા- માધાપર સંચાલિત ગામ કેરાની બાજુમાં આવેલ વિશાળ નિરણ કેન્દ્ર ખાતે આગામી ૨ થી ૮ જુન ૨૦૨૬ સુધી આયોજિત વિશિષ્ઠ ગો રક્ષા એવમ્ ગો સંવર્ધનાર્થે સપ્તદિન સાધ્ય સુરભી ગો યાગનું ભૂમિપૂજન અને ધર્મ ધ્વજારોહણ વિધિ સંપન્ન થયો. ચતુર્વેદ પારાયણ સાથે આયોજિત આ અતિ ભવ્ય સાત દિવસીય યાગમાં યજ્ઞ મંડપની પરિક્રમાને ફરતે નંદી મહારાજ સહિત ૨૧ ગોવંશ અને ૩૦ એકરમાં ફેલાયેલ સમગ્ર નિરણ કેન્દ્રમાં આશ્રય મેળવતા ચાર હજારથી વધુ ગોવંશના પવિત્ર સાનિધ્યમાં યોજાનાર આ યાગમાં સવા લાખથી વધુ મંત્રોની આહુતિ આપવામાં આવશે.

પૂજનવિધિમાં કચ્છના જાણીતા ગોપ્રેમી પરબતભાઈ ગોરસીયાના મુખ્ય યજમાન પદે પવિત્ર પુષ્યનક્ષત્રમાં થયેલ ભૂમિપૂજનની આ શાસ્ત્રોક્ત વિધિ સમગ્ર યાગના ગોર શ્રી જયદીપ શાસ્ત્રીજી (ભુજ) ના નેતૃત્વમાં સંપન્ન થઈ હતા. સ્વામિનારાયણ મંદિર ભુજ પ્રેરિત ગાય ખેતી અભિયાનના ખેડતો, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને કિસાન સંઘના કાર્યકરો સાથે અનેક ગોપાલકો, માલધારીઓ, ગોશાળા સંચાલકો અને ગૌપ્રેમીઓ સહિતની મોટી સંખ્યાની ઉપસ્થિતિમાં નારણપર ગુરૂકુળના સંચાલક ધર્મચરણ સ્વામીએ આશિર્વચન પાઠવ્યા હતાં એવું સભા સંચાલક અને ગો સેવા ગતિવિધિના સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક મેઘજીભાઈ હીરાણીની યાદીમાં જણાવાયું છે.

## મુન્દ્રામાં અજાણ્યા યુવાનનો દેહ મળ્યો

મુન્દ્રા - કચ્છ ઉદય : અહીં શાંતિવન કોલોનીથી આગળ જતા પ્રાગપર જતા એચપી પેટ્રોલ પંપની સામે અજાણ્યા યુવાનનો દેહ મળી આવ્યો હતો. અંદાજે ૩૫થી ૪૦ વર્ષના યુવાનનો દેહ મળ્યો હતો. ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. ૧૧૨ જનરક્ષક દ્વારા તેને હોસ્પિટલ લઈ જવાયો હતો. હાલ પોલીસે તપાસ હાથ ધરી છે.

**યુદ્ધ વિરામ**

કોણ જીત્યા કોણ હાર્યા
ખબર નથી
કોણ કોના કેટલા માર્યા
ખબર નથી
થાકી ગયેલું યુદ્ધ વિરામ કરે છે
ટ્રંપને અચાનક
કોણે વાર્યા ખબર નથી

**- રજનીકાંત ઓઝા**






## ::: જાહેર સમન્સ :::

### નામદાર શ્રી ત્રીજા અધિક સિનિયર સિવિલ જજ સાહેબ ની કોર્ટમાં, ગાંધીધામ (કચ્છ)

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ ......................વાદી**

**વાદીના વકીલશ્રી શ્રી એચ. એન. આસનાની**

આથી જણાવવાનું કે, ઉપરોકત વાદીએ અત્રેની કોર્ટમાં નીચે જણાવેલ પ્રતિવાદીના નામ સામે જણાવેલ રકમ વ્યાજ તથા ખર્ચ સહિત મેળવવા દિવાની દાવો કરેલો હોઈ તે દાવામાં તેની સામે જણાવેલ તારીખના રોજ ૧૦:૩૦ કલાકે જવાબ આપવા જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવા જણાવવામાં આવે છે. જો તે રીતે પક્ષકારો/પ્રતિવાદીઓ હાજર થવામાં કસુર કરશે તો સદર પ્રતિવાદીઓ વિરૂધ્ધ, તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી યોગ્ય હુકમ કરવામાં આવશે.

| અનુ-ક્રમ | રે.દાવા નંબર | પ્રતિવાદીનું નામ અને સરનામુ | રકમ | તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ૭૮૧/૨૦૨૫ | પ્રવિણચંદ્ર ગાભાભાઈ ગોહિલ, રહે : રાજનગર, ગામ : અંતરજાળ, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૪૫,૫૬૦.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૨. | ૭૭૬/૨૦૨૫ | કિરણ સંજય કુંવરીયા, રહેઃ લેબર કેમ્પ ઝુપડપટટી, આદિપુર-કચ્છ. | રૂા. ૭,૫૪૯.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૩. | ૭૦૦/૨૦૨૫ | સોઢા અકબર ઈસ્માઈલ, રહે : ગામ : શીણાય, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા.૧૦,૬૦૭.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૪. | ૫૯૦/૨૦૨૫ | ચંદારામ વી. ગોદાંસા, રહેઃ ડીપી-૮૨/એ, ભારતનગર, રેલ્વે ઝુપડપટટી, ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૬,૩૬૫.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૫. | ૬૧૫/૨૦૨૫ | રાજદીપ પ્રોવિજન સ્ટોર, સરનામું : નવિ સુંદરપુરી, પી-૨૬, ડીપી-૬, ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૪,૪૦૫.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૬. | ૬૦૦/૨૦૨૫ | જીવા સામજી, રહેઃ ડીપી-૦૧, પોલ-૦૭, જુની સુંદરપુરી, ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૧,૯૪૩.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૭. | ૧૮૦/૨૦૨૫ | રતન શામજી મહેશ્વરી, રહે : ડીપી-૧૬, પી-૧૦/૧, મહેશ્વરીનગર ઝુપડપટટી, ગાંધીધામ-કચ્છ. | રૂા. ૬૨,૪૫૮.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૮. | ૫૮૫/૨૦૨૫ | ભામ્બા રામજી પંડયા, રહેઃ શીવ મંદિરની પાછળ, નેશનલ હાઈવે, ગાંધીધામ-કચ્છ. | રૂા. ૩૨,૩૪૨.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૯. | ૭૦૫/૨૦૨૫ | વાઘરી કિશનભાઈ ગુલાબભાઈ, રહેઃ રામાપીર મંદિર પાસે, વોર્ડ નં. ૧૫, આદિપુર-કચ્છ. | રૂા. ૩૪,૧૮૫.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૦. | ૪૨૯/૨૦૨૪ | ગુજરનાર સિધીક અલી નગમરા ના વારસદાર કાસમ સિધીક અલી નિગમરા, રહેઃ કાબરા કોલોની, ગામ : ખારીરોહર, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૩૨,૦૦૮.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૧. | ૬૫૫/૨૦૨૫ | મહેશ્વરી ગંગારામ મગન, રહેઃ ગુરૂકૃપા સ્ટોર, જય નગર,પ્લોટ નં. ૧૫૪/બી ની સામે, ગામ : કિડાણા, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૦૪,૪૬૪.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૨. | ૬૫૦/૨૦૨૫ | જેનાબ ખમીશા ખારા, રહે : ભુકંપનગર ઝુપડપટટી, ગામ : કિડાણા, તાલુકોઃ ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૬૯,૭૨૨.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૩. | ૮૫૬/૨૦૨૫ | રામજી દેવાયત, રહેઃ ગામ : ગળપાદર, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૫૦,૦૧૬.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૪. | ૮૫૧/૨૦૨૫ | ખેતા વિરા હરીજન, રહેઃ ગામ : ગળપાદર, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૯,૬૯૮.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૫. | ૧૧૬/૨૦૨૫ | કરશનભાઈ આર. આહિર, રહેઃ ક્રિષ્નાનગર ઝુપડપટટી, ગામ : ગળપાદર, તાલુકોઃ ગાંધીધામ-કચ્છ. | રૂા. ૨૧,૪૪૭.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૬. | ૪૭૮/૨૦૨૪ | ટાંક ફાતમા દાઉદ ઉર્ફે ઘવઘા, રહે : ૧/૬/૩/૦૫૦, ગામઃ ખારીરોહર, તાલુકો ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૫,૦૬૭.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૭. | ૪૨૨/૨૦૨૪ | બંસલ મનીષ રતનકુમાર, રહેઃ બ્લોક નં. ૩, લેન્ડ સર્વે નં. ૬, પ્લોટ નં. ૯, ગામ : ચુડવા, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૦,૮૦૦.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૮. | ૪૮૫/૨૦૨૪ | પરેચા વિશાલ બાબુલાલ, રહેઃ ઈન્દીરા નગર, ગામ : મીઠીરોહર, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૯,૪૯૨.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૧૯. | ૩૬૯/૨૦૨૩ | લતા ભગવાનદાસ તુરાણી, રહેઃ હેપ્પી હોમ, ઘર નં. ૩૦૧, પ્લોટ નં. ૭૯-એચ, આદિપુર-કચ્છ. | રૂા. ૨૪,૨૭૫.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૨૦. | ૧૩૯/૨૦૨૫ | સમા ભરકત અલી, રહેઃ આંબેડકર નગર, સર્વે નં. ૧૫૫, વોર્ડ નં. ૧૪, કારગો ઝુપડપટટી, ગામ : કિડાણા, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૭૪,૦૫૧.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૨૧. | ૪૦૧/૨૦૨૪ | સંઘાર અભરામ સુમાર, રહેઃ ક્રિકેટ ગ્રાઉન્ડ, ગામઃ મીઠીરોહર, તાલુકોઃ ગાંધીધામ-કચ્છ. | રૂા. ૧૯૭,૯૦૦.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ૨૨. | ૪૯૩/૨૦૨૪ | અમૃતભાઈ નાથાભાઈ મેઘવાર, રહેઃ મચ્છુ નગર, ગામ : ખારીરોહર, તાલુકો : ગાંધીધામ-કચ્છ. | રૂા. ૩૬૨,૧૦૩.૦૦ | ૧૧/૦૬/૨૦૨૬ |

**આજ તારીખ ૨૪ માહે એપ્રિલ, ૨૦૨૬ નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.**

તૈયાર કરનાર
**(કે. આર. પરમાર)**
આસીસ્ટન્ટ
ત્રીજા અધિક સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાંધીધામ-કચ્છ

મુકાબિલ કરનાર
**(એ. એલ. ઠાકર)**
સુપ્રિટેન્ડેન્ટ
ત્રીજા અધિક સિનિયર સિવિલ જજની કોર્ટ, ગાંધીધામ-કચ્છ

કોર્ટનો સિક્કો

આદેશથી
**(એમ. એચ. ગોહિલ)**
રજીસ્ટ્રાર,
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ ની કોર્ટ, ગાધીધામ-કચ્છ.

# પરીક્ષા બોર્ડનો છબરડો: ટાટ-એસમાં કેટલાક ઉમેદવારોની હોલ ટિકિટમાં માધ્યમ બદલાઇ ગયું

**ગુજરાતીના બદલે અંગ્રેજી માધ્યમ લખાયું: રજૂઆત કરતાં જવાબ મળ્યો, કોઇ ફેરફાર ન થાય : હવે ઉમેદવારોએ અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપવી પડે અથવા તો પરીક્ષા જતી કરવી પડે તેવી સ્થિતિ**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : રાજ્યમાં ૩જી મેના રોજ ધો.૯-૧૦માં શિક્ષક બનવા માટે ટાટ-એસની પ્રિલિમ્સ લેવામાં આવશે. હાલમાં આ પરીક્ષા માટેની હોલ ટિકિટ જાહેર કરવામાં આવી છે. આ ટિકિટમાં કેટલાક ઉમેદવારોનું માધ્યમ જ બદલાઇ ગયું છે. ઉમેદવારોએ આ મુદ્દે રજૂઆત કરતાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા હોલ ટિકિટમાં કોઇ ફેરફાર ન થાય તેવું જણાવતાં હવે આ ઉમેદવારોએ અંગ્રેજીમાં પરીક્ષા આપવી પડે અથવા તો પરીક્ષા જતી કરવી પડે તેવી સ્થિતિ ઊભી થઇ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટે અભિયોગ્યતા કસોટી (ટાટ-એસ) પ્રિલિમ્સ અગાઉ ૨૬મી એપ્રિલના રોજ લેવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના કારણે હવે આ પરીક્ષા આગામી ૩-જી મેના રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પરીક્ષા માટે હાલમાં સમગ્ર રાજ્યમાંથી ૨.૧૦ લાખ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી ગુરુવારના રોજ લેવામાં આવનારી પરીક્ષા માટે તાજેતરમાં હોલ ટિકિટ જાહેર કરી દેવાઈ છે. હોલ ટિકિટ જાહેર થયા બાદ ઉમેદવારોના હાથમાં આવતાં અંદાજે ૨૫ ઉમેદવારોની હોલ ટિકિટમાં અંગ્રેજી માધ્યમ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. નિયમ પ્રમાણે હોલ ટિકિટમાં જે પ્રકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ઉમેદવારોએ તે પ્રમાણે જ પરીક્ષા આપવી પડે છે. ટેકનિકલ ભૂલ અથવા તો અન્ય કારણોસર હોલ ટિકિટમાં ભૂલ થઇ હોવાની રજૂઆતો ઉમેદવારો દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડ સમક્ષ કરવામાં આવી હતી. ઉમેદવારોના કહેવા પ્રમાણે બોર્ડના અધિકારીઓએ એવો જવાબ આપ્યો હતો કે, હોલ ટિકિટ બહાર આવ્યા પછી તેમાં ફેરફાર કરવાની કોઇ જોગવાઇ જ નથી. આમ, હવે ઉમેદવારોએ હોલ ટિકિટમાં અંગ્રેજી માધ્યમ લખ્યું હોવાથી અંગ્રેજી માધ્યમમાં જ પરીક્ષા આપવી પડે અથવા તો આ પરીક્ષા જતી કરવી પડશે. આ મુદ્દે ઉમેદવારો કહે છે કે, બોર્ડની પરીક્ષામાં કે યુનિવર્સિટીની પરીક્ષામાં પણ હોલ ટિકિટમાં ભૂલ હોય કે છબરડાં થયા હોય તો છેલ્લીઘડીએ પણ બદલી આપવામાં આવતાં હોય છે. એટલું જ નહીં પરીક્ષા લેનારા બોર્ડ દ્વારા આન્સર કીમાં કે પેપરમાં ભૂલ થાય તો પણ તેને સુધારવામાં આવતી હોય છે તો પછી ઉમેદવારોની હોલ ટિકિટમાં સુધારા કેમ ન થઇ શકે તેવા પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા હતા.

# દીકરાની ફિલ્મના ઈવેન્ટમાં રડી પડ્યો આમિર ખાન

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનના પુત્ર જુનૈદ ખાન ટૂંક સમયમાં ફિલ્મ 'એક દિન'માં જોવા મળવાનો છે. ગઈકાલે રાત્રે આ ફિલ્મનો એક ખાસ મ્યુઝિકલ ઈવેન્ટ યોજાયો હતો, જેનું નામ એક દિન કી મહેફિલ રાખવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં આમિર ખાન પણ પુત્ર જુનૈદ સાથે હાજર રહ્યો હતો, પરંતુ પરફોર્મન્સ દરમિયાન અચાનક આમિર ખાન ભાવુક થઈ ગયો હતો અને તેની આંખોમાં આંસુ આવી ગયા હતા.

એક દિન જુનૈદની ત્રીજી ફિલ્મ છે, જ્યારે થિયેટરમાં રિલીઝ થનારી તેની આ બીજી મૂવી છે. દીકરાને સફળતાના પગથિયાં ચઢતા જોઈને આમિર ખાન ઘણો ખુશ અને ગર્વ અનુભવી રહ્યો છે. જુનૈદની આગામી ફિલ્મના મ્યુઝિકલ ઈવેન્ટમાં આમિર ભરેલી સભામાં ભાવુક થઈ ગયો હતો. ઈવેન્ટના ઘણા વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં તે પોતાની શર્ટથી આંસુ લૂછતો જોવા મળી રહ્યો છે. ફિલ્મની લીડ એક્ટ્રેસ સાઈ પલ્લવી અને આમિરનો પુત્ર જુનૈદ તેને શાંત પાડતા જોવા મળ્યા હતા. ઈવેન્ટમાં સાઈ પલ્લવીએ ફિલ્મ વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે આ તેની પહેલી હિન્દી ફિલ્મ છે, તેથી તે ઘણી નર્વસ અનુભવી રહી છે. બીજી તરફ, આમિરે સાઈ પલ્લવીના વખાણ કર્યા હતા. આમિરે કહ્યું- "મારા માટે સાઈ પલ્લવી આ સમયે આપણા દેશની સૌથી શ્રેષ્ઠ અભિનેત્રી છે. જુનૈદ પણ ઠીક-ઠાક છે. તે મારો દીકરો છે એટલે વધુ કંઈ કહી શકું નહીં. એક દિન ફિલ્મથી સાઉથ સ્ટાર સાઈ પલ્લવી પોતાનું હિન્દી ડેબ્યૂ કરી રહી છે. તેની સાથે આમિર ખાનનો પુત્ર જુનૈદ ખાન લીડ રોલમાં જોવા મળશે. સુનીલ પાંડેએ આ ફિલ્મનું નિર્દેશન કર્યું છે, જ્યારે ફિલ્મના પ્રોડ્યુસર આમિર ખાન છે. આ એક રોમેન્ટિક ડ્રામા ફિલ્મ છે, જે ૧ મે ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

# વર્લ્ડ બેંકની ચેતવણી: ૨૦૫૦ સુધીમાં શહેરોમાં ગરમીની ચપેટમાં આવતા ગરીબોની સંખ્યા ૭૦૦% વધશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આજે દુનિયાના શહેરોમાં ગરમી એક સાઈલેન્ટ કિલરની જેમ ફેલાઈ રહી છે. ખાસ કરીને ગ્લોબલ સાઉથ એટલે કે ગરીબ દેશોના શહેરોમાં આ સમસ્યા ખૂબ જ ભયંકર બની ગઈ છે. ઝડપથી વધતા શહેરો, ઓછા સંસાધનો અને ગ્લોબલ વોર્મિંગને કારણે ગરમી હવે રોજબરોજની જિંદગીને સીધી અસર કરી રહી છે, લોકો કામ કરી શકતા નથી. બાળકો શાળાએ જઈ શકતા નથી. બીમાર લોકો હોસ્પિટલ પહોંચી શકતા નથી.

ગરમીથી વીજળીની માંગ એટલી વધી જાય છે કે સમગ્ર સિસ્ટમ પર બોજ પડે છે. પ્રદૂષણ પણ વધે છે. શહેરોમાં 'અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટ'ને કારણે તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધારે રહે છે. આ ગરમી હવે માત્ર ગરમી નથી, પરંતુ મૃત્યુ, બેરોજગારી અને ભૂખમરાનું કારણ બની રહી છે.

વિશ્વ બેંકના નવા રિપોર્ટમાં ડરામણા આંકડા સામે આવ્યા છે. ૨૦૫૦ સુધીમાં શહેરોમાં રહેતા ગરીબ લોકોની સંખ્યા, જે ખતરનાક ગરમીનો સામનો કરી રહી હશે, તેમાં ૭૦૦ ટકાનો વધારો થશે. જેનો અર્થ એ છે કે આજે જેટલા ગરીબો ગરમીથી પ્રભાવિત છે, તેના કરતા સાત ગણા વધુ લોકો ૨૦૫૦માં આ આગ ઓકતી ગરમીમાં શેકાશે. સૌથી વધુ જોખમ પશ્ચિમ આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયાના શહેરો પર છે. અહીં ગરીબ પરિવારો, બહાર કામ કરતા મજૂરો, વૃદ્ધો અને બાળકો સૌથી પહેલા શિકાર બનશે. જો અત્યારે કોઈ પગલાં નહીં લેવામાં આવે તો હીટવેવ વધુ ઝડપથી અને લાંબી બનશે. લોકો મૃત્યુ પામશે, પરિવારો વિખેરાઈ જશે અને આખું શહેર ઠપ્પ થઈ જશે.

ગરમી પર કાબૂ ન મેળવવાનું પરિણામ ખૂબ જ ભયાનક હશે. કામ-ધંધા ઠપ્પ થઈ જશે. શાળાઓ બંધ થઈ જશે. હોસ્પિટલોમાં દર્દીઓની લાઈનો લાગશે. ગરમીને કારણે વીજળીની માંગ એટલી વધશે કે વીજ સંકટ ઘેરું બનશે. પ્રદૂષણ વધશે. ગરીબી અને અસમાનતા વધશે. લોકો શહેર છોડીને ભાગવા લાગશે, આંતરિક અને આંતરરાષ્ટ્રીય સ્થળાંતર વધશે. અર્થતંત્રને ભારે નુકસાન થશે. વિશ્વ બેંકનું કહેવું છે કે ગરમી હવે માત્ર મોસમી પરેશાની નથી. તે શહેરોની આખી વ્યવસ્થાને છિન્ન-ભિન્ન કરી દેશે. જો શહેરો અત્યારે તૈયાર નહીં થાય તો લાખો લોકો બેઘર થઈ જશે, ભૂખે મરશે અને ગરમીને કારણે થતા મોત સામાન્ય બની જશે.

# અખાત્રીજના કચ્છ ઢેબર રબારી સમાજમાં ૭૧૫ નવદંપતીઓનું સમૂહ લગ્નોત્સવ

**ઢોલ-શરણાઈના નાદ સાથે કચ્છભરમાં ઉજવણી : પરંપરા, સંસ્કાર અને સામાજિક એકતાનો ભવ્ય સંગમ**

અંજાર - કચ્છ ઉદય : કચ્છ ઢેબર રબારી સમાજ દ્વારા અખાત્રીજના પાવન અવસરે આયોજિત બે દિવસીય ભવ્ય સમૂહ લગ્નોત્સવ કચ્છભરમાં ઉત્સાહ, શ્રદ્ધા અને પરંપરાગત સંસ્કાર સાથે ઉજવાયો હતો. આ વિશાળ પ્રસંગે કુલ ૭૧૫ નવદંપતીઓએ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર લગ્નગ્રંથી બાંધી જીવનની નવી શરૂઆત કરી હતી. સમગ્ર જિલ્લામાં ઢોલ-શરણાઈના ગુંજતા નાદ સાથે ગામેગામ આનંદ અને ઉત્સાહનો માહોલ છવાયો હતો.

આ સમૂહ લગ્નોત્સવ અંતર્ગત અંજાર તાલુકાના મીંદિયાળા, વરસામેડી, મારીંગણા, ભાદ્રોઈ, ટપ્પર સહિત ભુજ, ભચાઉ અને મુંદરાના વિવિધ ગામોમાં વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ગામમાં પરંપરાગત રીતિ-રિવાજો અનુસાર સજાવટ કરાયેલા માંડવાઓ, ધાર્મિક વિધિઓ અને સમૂહ સમારોહથી લગ્નોત્સવને ભવ્ય સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ અખાત્રીજના શુભ દિવસે એક સાથે ૭૧૫ નવદંપતીઓએ લગ્ન જીવનમાં પ્રવેશ કર્યો, જે કચ્છના સામાજિક ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ અને યાદગાર પ્રસંગ બની રહ્યો છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન હજારોની સંખ્યામાં સમાજજનો, સગા-સંબંધીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા, જેમણે નવદંપતીઓને આશીર્વાદ આપી તેમના સુખમય જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે કચ્છ ઢેબર રબારી સમાજના ધર્મગુરુઓ રામબાલકદાસ બાપુ, નાગરદાસ બાપુ, મુકદરામ બાપુ અને સુંદરરામ બાપુએ અલગ-અલગ ગામોમાં પહોંચી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં પરંપરાગત મૂલ્યો જાળવી રાખવા, સામાજિક એકતા મજબૂત બનાવવા અને સંસ્કારસભર જીવન જીવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

સમૂહ લગ્નોત્સવ દરમિયાન વિશાળ સ્તરે સમૂહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. એક જ સ્થળે હજારો લોકો સાથે ભોજનમાં જોડાતા ગામોમાં ભાઈચારા, સમરસતા અને એકતાનું સુંદર દૃશ્ય સર્જાયું હતું. પરંપરાગત વેશભૂષામાં સજ્જ સમાજજનોની ઉપસ્થિતિએ કચ્છી સંસ્કૃતિની જીવંત ઝલક પ્રદર્શિત કરી હતી.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સ્થાનિક સ્તરે યુવાનોની ટીમોએ વિશેષ જવાબદારી નિભાવી હતી. સ્વયંસેવકો દ્વારા વ્યવસ્થાપન, મહેમાનોનું સ્વાગત, ભોજન વ્યવસ્થા અને વિધિ-વિધાનની સુચારુ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી, જેના માટે સમાજના અગ્રણીઓએ તેમની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે અખિલ કચ્છ રબારી સમાજના પ્રમુખ હિરાભાઈ રબારી, ઢેબર રબારી સમાજના પ્રમુખ કરણાભાઈ રબારી, અગ્રણી ભુરાભાઈ રબારી, અરજણભાઈ રબારી તેમજ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મશરૂભાઈ રબારી સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી નવદંપતીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે આવા સમૂહ લગ્નોત્સવ સમાજમાં આર્થિક બોજ ઘટાડવાની સાથે એકતા અને સંસ્કારને મજબૂત બનાવે છે.

# પૃથ્વી દિવસ નિમિત્તે કચ્છભરમાં પર્યાવરણ સંરક્ષણ માટે વિશાળ જનજાગૃતિ અભિયાન યોજાયું

**વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને કાનૂની જાગૃતિ કાર્યક્રમોથી પૃથ્વી બચાવવાનો સંદેશ મજબૂત બન્યો**

ભુજ - કચ્છ ઉદય : ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ભુજ-કચ્છના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે પર્યાવરણ સંરક્ષણ અને જનજાગૃતિને કેન્દ્રમાં રાખીને વિશાળ સ્તરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કચ્છના અલગ-અલગ તાલુકાઓમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન તથા કાનૂની જાગૃતિ શિબિરો યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓ, નાગરિકો અને અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

નખત્રાણા તાલુકાના મોટા આંગિયા ગ્રામ પંચાયત કચેરી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પેનલ એડવોકેટ નિકેશભાઈ તથા પી.એલ.વી. મુક્તાબેન નાથબાવાએ ઉપસ્થિત લોકોને પૃથ્વી સંરક્ષણની આવશ્યકતા, વૃક્ષોના મહત્વ અને પર્યાવરણ સંતુલન જાળવવાની જરૂરિયાત અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગામના વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણ કરીને હરિયાળી વધારવાનો સંદેશ અપાયો હતો.

માંડવી કોર્ટ કેમ્પસ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. આ અભિયાન દરમિયાન એડવોકેટ એમ. આઈ. ઘાંચીએ કોર્ટ પરિસર તેમજ આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છ પર્યાવરણ માત્ર સરકારની જવાબદારી નથી પરંતુ દરેક નાગરિકની વ્યક્તિગત જવાબદારી છે. આ અભિયાનમાં કોર્ટ સ્ટાફ તથા નાગરિકોએ પણ સહભાગી બની સફાઈ કામગીરીમાં યોગદાન આપ્યું હતું.

ભુજ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા હોસ્પિટલ રોડ વિસ્તારમાં વિશેષ કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. સાથે જ મુંદરા રિલોકેશન સાઈટ અને સનાતન ચોક વિસ્તારમાં પણ જનજાગૃતિ શિબિરો યોજાઈ હતી. એડવોકેટ કે. એલ. અજાણી અને એડવોકેટ કે. જે. કંસારા દ્વારા ઉપસ્થિત બાળકો અને નાગરિકોને પૃથ્વી દિવસના મહત્વ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. પર્યાવરણને નુકસાનથી બચાવવા માટે કાયદાકીય જાગૃતિ કેટલી જરૂરી છે તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુંદરાની કન્યા શાળા ખાતે પુનઃપ્રાપ્ય ઊર્જા (રિન્યૂએબલ એનર્જી) અને સામૂહિક જવાબદારી વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પી.એલ.વી. મનિષાબા જાડેજા અને અમીન નરેજાએ વિદ્યાર્થિનીઓને ઊર્જા બચત, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, વૃક્ષારોપણ અને પર્યાવરણ સુરક્ષા અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીઓને નાની ઉંમરથી જ પર્યાવરણ પ્રત્યે જવાબદારી સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ગાંધીધામ, રાપર અને દયાપર તાલુકા કાનૂની સેવા સમિતિઓ દ્વારા પણ અલગ - અલગ ગામો અને શૈક્ષણિક સંસ્થાઓમાં કાનૂની જાગૃતિ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ કાર્યક્રમોમાં પર્યાવરણ કાયદા, સ્વચ્છતા નિયમો અને કુદરતી સંસાધનોના સંરક્ષણ અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

# કચ્છમાં વાર્ષિક પરીક્ષા ફાઈલ ચકાસણીની સત્તા આચાર્યોને સોંપવા શિક્ષક સંઘની માંગ

**કેળવણી નિરીક્ષકની પ્રક્રિયા ઘટાડીને શૈક્ષણિક કામગીરી ઝડપી બનાવવા જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ રજૂઆત**

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં ધો. ૩ થી ૮ની વાર્ષિક પરીક્ષા બાદ પરિણામ ફાઈલ, ઉત્તરવહીઓ તથા પરીક્ષાલક્ષી રેકોર્ડની ચકાસણી માટે કેળવણી નિરીક્ષક પાસે જવાની હાલની પ્રક્રિયા બદલવા કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. સંઘે માંગ કરી છે કે આ સમગ્ર ચકાસણીની સત્તા શાળાના આચાર્યોને સોંપવામાં આવે, જેથી શૈક્ષણિક કામગીરી વધુ ઝડપી અને સરળ બની શકે.

શિક્ષક સંઘના જણાવ્યા મુજબ હાલની વ્યવસ્થામાં આચાર્ય અને મુખ્ય શિક્ષકોને વારંવાર કેળવણી નિરીક્ષક કચેરી સુધી જવું પડે છે, જેના કારણે સમયનો ભારે વ્યય થાય છે. અંતરિયાળ વિસ્તારોમાંથી આવતા શિક્ષકોને લાંબી મુસાફરી કરવી પડે છે, ખાસ કરીને ઉનાળાની કાળઝાળ ગરમીમાં આ પ્રક્રિયા વધુ મુશ્કેલ બને છે. ઘણીવાર એક જ કામ માટે વારંવાર ધક્કા ખાવાની ફરજ પડતા અસંતોષ અને તણાવની સ્થિતિ પણ ઉભી થાય છે.સંઘે વધુમાં જણાવ્યું કે કેળવણી નિરીક્ષક પાસે અનેક શાળાઓની ફાઈલો એકસાથે આવતી હોવાથી ચકાસણી પ્રક્રિયામાં વિલંબ થાય છે. તેના પરિણામે વિદ્યાર્થીઓના પ્રગતિપત્રકો સમયસર વિતરણ થવામાં પણ મોડું પડે છે અને પરિણામ તૈયાર કરવાની પ્રક્રિયા લાંબી બની જાય છે. આ વિલંબથી શાળાઓના શૈક્ષણિક સમયપત્રક પર પણ અસર પડે છે. જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ નયનસિંહ જાડેજા, મંત્રી કેરણા આહીર, હરદેવસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ જાડેજા સહિતના આગેવાનો દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પૃથ્વીરાજસિંહ ઝાલા સમક્ષ આ બાબત રજૂ કરવામાં આવી હતી. તેમણે સ્પષ્ટ જણાવ્યું કે પરીક્ષા સંચાલન, મૂલ્યાંકન અને પરિણામ તૈયાર કરવાની સંપૂર્ણ જવાબદારી પહેલેથી જ આચાર્યની હોય છે, ત્યારે તેમની કામગીરી પર અવિશ્વાસ મૂકવો યોગ્ય નથી. સંઘે માંગ કરી છે કે વાર્ષિક પરીક્ષા સંબંધિત તમામ ફાઈલ, ઉત્તરવહીઓ અને પરિણામ ચકાસણીની સત્તા શાળાના આચાર્યોને જ સોંપવામાં આવે. માત્ર ખાસ ફરિયાદ અથવા તપાસના કિસ્સામાં જ કચેરી દ્વારા ફાઈલ મંગાવવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે તો વહીવટી પ્રક્રિયા વધુ સુગમ બની શકે. સાથે જ રજૂઆતમાં જણાવાયું છે કે હાલના સમયમાં ચૂંટણી તાલીમ અને અન્ય વહીવટી કામગીરીના કારણે મુખ્ય શિક્ષકો પર કામનો ભાર વધ્યો છે, જેના કારણે તેઓ માનસિક દબાણ અનુભવી રહ્યા છે. આવી સ્થિતિમાં પ્રક્રિયા સરળ બનાવવી સમયની જરૂરિયાત બની ગઈ છે. શિક્ષક સંઘે ઉમેર્યું છે કે કચ્છ જિલ્લામાં ક્યારેક કેળવણી નિરીક્ષક દ્વારા અનાવશ્યક વિલંબ અથવા દબાણની ફરિયાદો પણ સામે આવી ચૂકી છે. તેથી સમગ્ર વ્યવસ્થામાં સુધારો કરીને જવાબદારી અને સત્તા વચ્ચે સંતુલન સ્થાપિત કરવું જરૂરી છે, જેથી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય અસરકારક રીતે આગળ વધી શકે.

# આદિપુરમાં બુધવારે વિજ્ઞાન જાથાનો અંધશ્રદ્ધા નિવારણનો કાર્યક્રમ યોજાશે

**ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવશે : ૧૨૦૦ છાત્ર-છાત્રાઓને ચમત્કારીક પ્રયોગોનું નિદર્શન કરાશે**

અમદાવાદ - કચ્છઉદય : ગાંધીધામ આર્ય સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે ડી.એ.વી. પબ્લિક સ્કૂલ, આદિપુરમાં ૧૨૦૦ છાત્ર-છાત્રાઓ અને જાગૃતોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ ૨૯ મી એપ્રિલે બુધવાર બપોરે ૧૨ કલાકે યોજવામાં આવશે. જેમાં જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયા વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન આર્ય સમાજ ગાંધીધામના પ્રધાન વાયોનિધિ આચાર્ય, ગુરૂદત શર્મા, મેનેજર દિપકભાઈ ભટ્ટ, સ્કૂલ સી.ઈ.ઓ. હેતલબેન પરમાર, પ્રિન્સીપાલ દિગંતભાઈ ધોળકીયા, શિક્ષણકાર અને ટ્રસ્ટીઓ હાજર રહેવાના છે. ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ-લોહી નીકળવું, હાથ - માથા ઉપર દીવા રાખવા, ધૂણવું-સવારીની ડીંડક લીલા, જીભની આરપાર ત્રિશુલ નાખવું, મનગમતી મીઠાઈ ખવડાવવી, કાનેથી ચિઠ્ઠી વાંચવી, અગ્નિનું આપોઆપ સળગવું, સંમોહન, ભુવાની સાંકળ મારવાની ધતિંગલીલા, હઝરતમાં જોવું, બેડી તુટવી, ધમર્શ્રદ્ધાની આડમાં હાથચાલાકીના પ્રયોગોનું નિદર્શન કરી સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવશે.

પ્રયોગ નિદર્શનમાં મીમીક્રી આર્ટીસ્ટ ઉમેશ રાવ, જાથાના રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, તુષાર રાવ, નિર્ભય જોશી, દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, ભાવનાબેન વાઘેલા, ભાનુબેન શેઠીયા અને કચ્છ જાથા ના અગ્રણી અલ્પેશભાઈ ચાવડા સાથે ગાંધીધામના સ્થાનિક કાર્યકરો ભાગ લેવાના છે. પબ્લિક સ્કૂલના ૧૨૦૦ છાત્ર-છાત્રાઓને ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવશે અને ભુત-પ્રેત, અસમંજસ પ્રશ્નોના વૈજ્ઞાનિક જવાબો આપવામાં આવશે. વૈજ્ઞાનિક પ્રયોગોની પાછળના રહસ્યોની જાણકારી આપવામાં આવશે. આ કાર્યક્રમ રામબાગ હોસ્પિટલ, સરકારી હોસ્પિટલ પાછળ, પોલીસ સ્ટેશનની બાજુમાં, આદિપુર ખાતે રાખવામાં આવેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા આર્ય સમાજના મેનેજર દિપકભાઈ ભટ્ટ અને ટ્રસ્ટીઓ જહેમત ઉઠાવી રહ્યા છે. રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતું.

# ભુજના જૈન પરિવારમાંથી ચાર યુવાનોનું મુંબઈમાં દીક્ષા ગ્રહણ, ત્યાગ અને વૈરાગ્યનો અનોખો પ્રસંગ

**વિમલભાઈ દોશી સહિત ચાર મુમુક્ષુઓએ સંસારનો ત્યાગ કરી જૈન સાધુ - સાધ્વી જીવનનો માર્ગ અપનાવ્યો**

ભુજ - કચ્છ ઉદય : મુંબઈ ખાતે શ્રીમદ્દવિજય કલ્પતરુસૂરિશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં એક અત્યંત ભાવવિભોર અને ઐતિહાસિક દીક્ષા મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર વતની અને હાલ ભુજને પોતાની કર્મભૂમિ બનાવનાર દોશી પરિવારના ચાર યુવાનોએ સંસારનો ત્યાગ કરી જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી આધ્યાત્મિક જીવનનો માર્ગ સ્વીકાર્યો હતો.

વિમલભાઈ દોશી, બંસરીબેન દોશી, વૃષિકા કુમારી અને આર્યન કુમારે મહાવીર ભગવાનના પ્રવજ્યા માર્ગ પર ચાલવાની પ્રતિજ્ઞા લઈ મહાભિનિષ્ક્રમણ કર્યું હતું. તા. ૨૨ એપ્રિલે મુંબઈ ખાતે વિશાળ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં દીક્ષા વિધિનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. ગચ્છાધિપતિ શ્રીમદ્દવિજય કલ્પતરુસૂરિશ્વરજી મહારાજ સાહેબ દ્વારા ચારેય મુમુક્ષુઓને રજોહરણ અને ઓથો અર્પણ કરવામાં આવ્યા હતા, જેના કારણે સમગ્ર પરિસર ભાવવિભોર બની ગયું હતું.

દીક્ષા વિધિ દરમ્યાન કેશલોચન સહિતની પરંપરાગત ધાર્મિક વિધિઓ શાસ્ત્રોક્ત રીતે પૂર્ણ કરવામાં આવી હતી. સમગ્ર સમારોહ દરમિયાન ત્યાગ, વૈરાગ્ય અને આધ્યાત્મિકતા નો અનોખો માહોલ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહી દીક્ષાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.આ ઐતિહાસિક અવસરે આરાધના ભવન જૈન સંઘ ભુજના મેનેજિંગ ટ્રસ્ટી કમલભાઈ મહેતા, માનદ્ મંત્રી ચંદુલાલભાઈ ગઢેચા, વિનોદભાઈ એસ. મહેતા સહિત અનેક શ્રાવકો મુંબઈ પહોંચી આ પાવન ક્ષણના સાક્ષી બન્યા હતા. સમગ્ર સમારોહમાં ભક્તિ અને ગૌરવની લાગણી વ્યાપી રહી હતી. આ પ્રસંગની ઉજવણી અંતર્ગત ભુજમાં જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર દ્વારા જીવદયા અને માનવસેવાના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. વી. જી. મહેતાએ જણાવ્યું હતું કે આ દીક્ષા પ્રસંગ સમાજ માટે ત્યાગ, સંયમ અને આધ્યાત્મિકતાનો પ્રેરણાદાયક સંદેશ આપી જાય છે.

# કચ્છ યુનિવર્સિટી ખાતે વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજાયું



ભુજ - કચ્છઉદય : ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના કુલપતિ મોહનભાઈ પટેલ અને રજીસ્ટ્રાર અનિલભાઈ ગોરની પ્રેરણાથી વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે કચ્છ યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજનમાં મુખ્યત્વે ચાર વિભાગોને લઈને પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું, જેમાં સૌપ્રથમ કચ્છ યુનિવર્સિટી લાઈબ્રેરીમાં પ્રજ્ઞા ભવન ખાતે ઉપલબ્ધ ૫૦ વર્ષથી વધારે વર્ષ જૂના પુસ્તકોનું પ્રદર્શન માટે ગોઠવવામાં આવ્યા હતા. બીજા વિભાગમાં ધર્મશાસ્ત્રના પુસ્તકોનો પ્રદર્શન અર્થે ગોઠવવામાં આવ્યા અને ત્રીજા વિભાગમાં ગુજરાત અને કચ્છના પુસ્તકોને પ્રદર્શન અર્થે ગોઠવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ સૌથી બહોળો ઉપયોગ કરે છે એવા જાહેર વાચનના નેટ, જીસેટ અને જાહેર પરીક્ષાઓ માટે ઉપલબ્ધ પુસ્તકો પ્રદર્શન માટે ૩૦૦થી વધારે પુસ્તકો ગોઠવવામાં આવ્યા હતા. પુસ્તક પ્રદર્શનનો ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. પ્રદર્શન બે દિવસ રાખવામાં આવ્યું હતું. પુસ્તક પ્રદર્શન માટે કચ્છ યુનિવર્સિટી પ્રજ્ઞા ભવન લાઈબ્રેરીના લાઈબ્રેરીયન ડો. હર્ષદ નિર્મલ, કૃપાલીબેન મહીચ્છા, પ્રવીણભાઈ ધોરીયા, લાયબ્રેરી સ્ટાફે પુસ્તક પ્રદર્શનના આયોજનમાં સહભાગી થયા હતા.

# ગરમીમાં મતદારોને ઉનાળાનું અમૃત છાસનું પાન કરાવાયું



ભુજ - કચ્છઉદય : લોકશાહીના પર્વ સમા નગરપાલિકાની અને પંચાયતની ચૂંટણી દરમ્યાન કાળઝાળ ગરમીમાં મતદાન કરવા માટે જતા આવતા લોકોને રાહત મળે તે માટે જૈન સેવા સંસ્થા નવેચતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર દ્વારા લાલ ટેકરી પોઈન્ટર પર ઉનાળાનું અમૃત છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો ૨૨૦૦ જેટલા લોકોએ લાભ લીધો હતો. વેલજીભાઈ ગણેશભાઈ મહેતાના નેતૃત્વમાં હિરેન દોશી, ડો. રૂપાલીબેન મોરબીયા, કે.બી. પરમાર, ગિરીશભાઈ પારેખ, કૌશિક મહેતા, હિંમતલાલ રાજગોર સહિતે જહેમત ઉઠાવી હતી.

# સફાઈ, ગટર અને દબાણના મુદ્દે નખત્રાણા નગરપાલિકા તંત્રની 'ભૂલકણી' નીતિ, નગરજનો 'બદામ' આપીને યાદ અપાવશે !



ભુજ - કચ્છઉદય : જાગૃત નાગરિકોમાં હાલમાં સોશિયલ મીડિયામાં એક અનોખો વિડીયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં અન્ય રાજ્યના બિલાસપુરનો એક યુવક સરકારી કચેરીમાં ફાઈલ ન મળતા અધિકારીને યાદશક્તિ વધારવા માટે 'બદામ' અર્પણ કરી અનોખો વિરોધ નોંધાવે છે. આ વિડીયોની ગુંજ હવે નખત્રાણાના જાગૃત નાગરિકોમાં પણ સંભળાઈ રહી છે. લોકો વહીવટી તંત્ર પર આકરા કટાક્ષ કરી રહ્યા છે કે શું હવે નખત્રાણામાં પણ કચેરી તરફથી પ્રત્યુત્તર મેળવવા માટે અરજદારો એ બદામના પેકેટ આપવા પડશે.

નખત્રાણા નગરમાં અનેક એવા પ્રશ્નો છે જે, લાંબા સમયથી કાગળ પર જ અટવાયેલા છે. જાગૃત નાગરિકો દ્વારા દબાણ, સફાઈ, ગટર અને પ્રાથમિક સુવિધાઓ અંગે વારંવાર લેખિત રજૂઆતો કરવામાં આવે છે, પરંતુ તંત્ર દ્વારા કાં તો 'તપાસ ચાલુ છે' અથવા 'ફાઈલ પ્રક્રિયા હેઠળ છે' તેવા રૂટિન જવાબો આપીને મામલો ઠેબે ચડાવવામાં આવે છે. બિલાસપુરની ઘટના બાદ નખત્રાણાના જાગૃત નાગરિકોમાં એવી ચર્ચા જાગી છે કે અહીં પણ અનેક મહત્વની ફાઈલો અધિકારી ઓની 'યાદશક્તિ'ના અભાવે ધૂળ ખાઈ રહી છે અથવા તો ઈરાદા પૂર્વક તેને દબાવી રાખવામાં આવી છે.

સ્થાનિક જાગૃત નાગરિકો સોશિયલ મીડિયા પર કટાક્ષ કરી રહ્યા છે કે, નખત્રાણા નગરપાલિકામાં પણ જ્યારે અરજદારો ધક્કા ખાઈને થાકી જાય છે, ત્યારે તેમને પણ આવા જ કોઈ અનોખા વિરોધ પ્રદર્શનનો સહારો લેવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જો તંત્ર સમયસર અરજીઓનો નિકાલ ન કરે અને ફાઈલો 'ખોવાઈ' જવાનો સિલસિલો ચાલુ રહે, તો આગામી દિવસોમાં નખત્રાણામાં પણ નાગરિકો 'બદામ' લઈને કચેરીએ પહોંચે તો નવાઈ નહીં.

# ભુજમાં ડોક્ટરોના ક્લિનિકમાં પુસ્તકોનું વિતરણ



ભુજ - કચ્છઉદય : વિશ્વ પુસ્તક દિવસના અવસરે કચ્છની ધરા પર સાહિત્ય અને સંસ્કારના સમન્વય જેવો એક સુંદર કાર્યક્રમ યોજાયો હતો. જૈનાચાર્ય પરમ પૂજ્ય રત્નસુંદર વિજયજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી ભુજના જાણીતા સામાજિક કાર્યકર મિતેષભાઈ હીરાલાલ શાહ દ્વારા શહેરના વિવિધ તબીબોના ક્લિનિકમાં પુસ્તક વિતરણનું પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું.

અભિયાન અંતર્ગત શહેરના જુદા જુદા ક્લિનિકોમાં ધાર્મિક, રાષ્ટ્રવાદ અને મહાન પુરુષોના જીવન ચરિત્ર પર આધારિત ઉચ્ચ કોટિના પુસ્તકોનું અર્પણ કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને તેમના સગાસંબંધીઓ પ્રતિક્ષા સમય દરમિયાન મોબાઈલના બદલે પુસ્તક વાંચન તરફ વળે અને ઉમદા વિચારો પ્રાપ્ત કરે તેવો રહ્યો છે. સેવાકાર્યમાં મિતેષભાઈ શાહની સાથે ભુજના યુવા અગ્રણી હર્ષદભાઈ ઠક્કર (હકી) પણ ઉત્સાહભેર જોડાયા હતા. તેઓએ આ પ્રવૃત્તિને બિરદાવતા જણાવ્યું હતું કે, સારા પુસ્તકો સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું સબળ માધ્યમ છે.

આ પ્રસંગે ડો. દિપકભાઈ સુથાર, ડો. શ્રીકાંત ધાનાણી વગેરે જેવા નામી તબીબોને પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોએ આ પહેલને આવકારી હતી અને જણાવ્યું હતું કે ક્લિનિકમાં રાખવામાં આવેલા આ પુસ્તકો આવનારા નાગરિકોના માનસિક સ્વાસ્થ્ય અને વૈચારિક શુદ્ધિમાં મહત્વનો ભાગ ભજવશે.

# પ્રાગ મહેલ પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર



ભુજ - કચ્છઉદય : અંદાજે ૧૯ મી સદીમાં ઈટાલીયન ગોથિક શૈલીમાં બનેલો છે. આ મહેલનું નિર્માણ મહારાવ પ્રાગમલજી બીજાએ ૧૮૬૫માં શરૂ કરાવ્યું હતું. તેના મુખ્ય ડિઝાઈનર કર્નલ હેનરી સેન્ટ વિલ્કિન્સ હતા. અને તે સમયનાં કુશળ કારીગરો દ્વારા આ અદભૂત ઈમારત તૈયાર કરવામાં આવી હતી.

મહેલનો ૪૫ ફૂટ ઊંચો ક્લોક ટાવર તેનું મુખ્ય આકર્ષણ છે. જ્યાંથી આખાય ભુજ શહેરનો સુંદર નજારો જોઈ શકાય છે. મહેલનાં વિશાળ દરબાર હોલમાં સુંદર ઝુમ્મરો, પ્રાચિન મૂર્તિઓ અને ઈટાલીયન માર્બલનું કામ જોવા મળે છે.જ્યાં રાજવી પરિવારની જુની વસ્તુઓ અને તસ્વીરો સાચવવામાં આવી છે.

મહેલ તેની સુંદરતાને કારણે બોલીવૂડમાં પણ જાણીતો છે. અહીં લગાન અને હમ દિલ દે ચૂકે સનમ જેવી પ્રખ્યાત ફિલ્મોનાં કેટલાક દ્રશ્યો શૂટ કરવામાં આવ્યા હતા. આજે પણ આ મહેલ પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે. મહેલનાં પ્રવેશ દ્વાર (કમાન) માંથી જે વ્યુ દેખાય છે તે ભવ્ય બાંધકામની સાક્ષી પૂરે છે.

# મહિલા કલ્યાણ કેન્દ્રમાં વિવિધ વસ્તુઓનું વિતરણ કરાયું



ભુજ-કચ્છઉદય : છેલ્લા ૧૬ વર્ષથી સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં વિવિધ સેવા ક્ષેત્રે સતત કાર્યરત, જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે તાજેતરમાં દાતાના સહયગથી મહિલા કલ્યાણ કેન્દ્ર ભુજમાં વિવિધ વસ્તુઓનું વિતરણ કરાયું હતું.

મહિલા લક્યાણ કેન્દ્રના પ્રાંગણમાં સંસ્થાના મોભી વેલજીભાઈ મહેતાના અધ્યક્ષસ્થાને અને અજયભાઈ દાવડાના અતિથિવિશેષ પદે યોજાયેલ કાર્યક્રમમાં કમોબેન વ્યાસ, બિંદુબેન જોષી, શેખભાઈ વગેરે મંચસ્થ રહ્યા હતા અને બાલિકાઓના પ્રાર્થના ગીત સાથે કાર્યક્રમનો શંભારંભ કરાયો હતો. મંત્રી દિપાલીબેન શકલે દરેકને આવકાર્યા હતા.

આગળના ચરણમાં મુંબઈગરા દાતાઓના સહયોગથી ૫૮ જેટલી બહેન -દિકરીઓને મંચસ્થ મહાનુભાવો અને બંને સંસ્થાના હોદેદારો - કાર્યકરોના હસ્તે ૧૦૦ જોડ બ્રાન્ડેડ વસ્ત્રો અને બેબી બેડની સોગાદ આપવામાં આવી હતી. અને શાળાએ જતી છાત્રાઓને નોટબુક - બોલપેનનું વિતરણ કરાયું હતું. તેમજ તમામને આમ રસનું પાન કરાવાયું હતું.

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી વી.જી. મહેતાએ શિક્ષણને તમામ સમસ્યાઓ સામે લડવાનું અમો+ શસ્ત્ર ગણાવી દરેકને ખંત-ઉત્સાહપુર્વક મન લગાવી અભ્યાસ કરાવાની શીખ આપી હતી. તેમજ સંસ્થાના ઉપક્રમે ૧ દિકરીનું કન્યાદાન સંસ્થાવતી ભાવના વ્યક્ત કરી હતી. કમલાબેન વ્યાસે દિકરીઓને હરહંમેશ યાદ કરવા બદલ નવચેતન પરિવારની સરાહના કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા, શાંતિલાલ મોતા, ભાવનાબેન જોષી, ઓજશ શેઠ, અરવિંદ મહેતા, મનીષ મહેતા, હેમલતાબેન ગોર, ઈલાબેન શાહ વિગેરેએ જહેમત ઉઠાવી હતી. સંચાલન શાંતિલાલ રાજગોરે કર્યું હતું.

# મહારાણી પ્રીતિ દેવી સાહેબા ઓફ કચ્છનો વિવિધ સેવા કાર્યો સાથે જન્મદિન ઉજવાયો



ભુજ - કચ્છઉદય : કચ્છ રાજવી પરિવારના મોભી મહારાણી સાહેબા પ્રીતિદેવી સાહેબ ઓફ કચ્છનો જન્મદિને ભુજ ખાતે વિવિધ સેવા કાર્યો સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાશન કીટ અપાઈ હતી. ચકલીઘર, કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. ગાયોને ઘાસચારો, પંખીને ચણ, સ્વાનોને બિસ્કીટ, રોટલી અપાયા હતા. ઉપરાંત હરતા ફરતા છાશ કેન્દ્ર દ્વારા છાસ પણ વિપરીત કરાઈ હતી. ફરતા ફરતા પાણીના પરબ દ્વારા રાહદારીઓને આજે પાણી પર ઠંડુ પીવડાવવામાં આવ્યું હતું. રોડ ઉપર કામ કરતા શ્રમજીવીઓને લીંબુ શરબત પણ આપવામાં આવ્યા હતા. સંસ્થાના અંકિતા ધોકાઈ, નરેન્દ્રભાઈ સ્વાદિયા, નર્મદાબેન ગામોટ, નયનભાઈ શુક્લ, રાજુલાબેન શાહ જટુભાઈ ડુડીયા, ધીરેનભાઈ લાલન, ધીરેનભાઈ ઠક્કર, હેમેન્દ્રભાઈ જણસારી વગેરે જોડાઈ અને પ્રીતિદેવીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યમાં કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજાએ સહયોગ આપ્યો હતો. આમ મહારાણી પ્રીતિ દેવીજીનો જન્મદિન ભુજ ખાતે વિવિધ સેવા કાર્યો સાથે ઉજવાયો હતો.

# રઘુવંશી ઉત્કર્ષ મંડળ દ્વારા આયોજિત કથામાં ડાયાલિસિસના દર્દીઓ માટે દાનની સરવાણી વહી

**ભક્તિની સાથે સામાજિક સેવાનો અનોખો સમન્વય : મંડળ દ્વારા એકત્રિત ભંડોળ મિતેષભાઈ શાહને અર્પણ કરાયું**



ભુજ - કચ્છઉદય : રઘુવંશી ઉત્કર્ષ મંડળ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ મંડળના પ્રમુખ કલ્પેશભાઈ ઠક્કરની આગેવાની હેઠળ ભવ્ય કથાનું આયોજન અત્યંત ભક્તિભાવ પૂર્વક કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં ભક્તિની સાથે સામાજિક ઉત્તરદાયિત્વના દર્શન પણ થયા હતા.

કથા દરમિયાન ડાયાલિસિસની બીમારીથી પીડાતા જરૂરિયાતમંદ દર્દીઓની વહારે આવવા માટે એક વિશેષ પહેલ કરવામાં આવી હતી. આ ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મિતેષભાઈ હીરાલાલ શાહ દ્વારા દર્દીઓની સહાય અર્થે દાનપેટી રાખવામાં આવી હતી. કથામાં પધારેલા શ્રદ્ધાળુઓએ ઉદાર હાથે દાન આપી માનવતા મહેકાવી હતી.

શ્રદ્ધાળુઓના સહયોગથી આ વર્ષે દાનપેટીમાં રૂપિયા ૧૨,૮૦૦ જેટલી માતબર રકમ એકત્ર થઈ હતી. આ એકત્રિત થયેલું ભંડોળ સંસ્થાના અગ્રણી શ્રી હેમંતભાઈ પલણ ના હસ્તે મિતેષભાઈ હીરાલાલ શાહને અર્પણ કરવામાં આવ્યું હતું. આ રકમનો ઉપયોગ ડાયાલિસિસના દર્દીઓની સારવાર અને સુવિધા માટે કરવામાં આવશે. આ પ્રસંગે મંડળના સભ્યો અને ભક્તજનોએ આ સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું.

# રવાપરમાં સમૂહલગ્નમાં નવ દંપતીઓએ શરૂ કર્યો નવા જીવનનો સુવર્ણ પ્રારંભ

**કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના આયોજને પરંપરા, સાદગી અને એકતાનો અનોખો સંદેશ આપ્યો**

રવાપર - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના રવાપર ખાતે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના માર્ગદર્શન અને સંકલન હેઠળ યોજાયેલા ૪૫મા સમૂહલગ્નોત્સવે સમાજમાં સહકાર, સંસ્કાર અને સંકલ્પનો પ્રેરણાદાયી માહોલ સર્જ્યો હતો. આ ભવ્ય અને સુવ્યવસ્થિત આયોજનમાં નવ યુગલોએ વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિ-વિધાન વચ્ચે પ્રભુતામાં પગલાં પાડી પોતાના જીવનના નવા અધ્યાયની શરૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સાદગી અને સંસ્કૃતિનું અનોખું સમન્વય જોવા મળ્યો હતો.

સમૂહલગ્નની શરૂઆત વહેલી સવારે પરંપરાગત માંડવા અને ચાંદલાવિધિથી થઈ હતી, જેમાં વર-કન્યાના પરિવારજનો તેમજ સમાજના અગ્રણીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ રંગબેરંગી અને આકર્ષક વરઘોડો ગામના મુખ્ય માર્ગો પર ફરાવ્યો હતો, જેમાં યુવાઓ, વડીલો અને મહિલાઓએ ઉત્સાહભેર જોડાઈ આ પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. વરઘોડા દરમિયાન વાગતા બેન્ડ-બાજા અને પરંપરાગત સંગીતના સ્વરોએ સમગ્ર વાતાવરણમાં ઉત્સવનો રંગ ભરી દીધો હતો. હસ્તમેળાપ અને લગ્નવિધિ દરમિયાન નવદંપતીઓએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે એકબીજાને જીવનસાથી તરીકે સ્વીકાર્યા હતા. આ પવિત્ર ક્ષણના સાક્ષી બનેલા હાજર મહેમાનો અને સમાજજનોએ નવદંપતીઓ પર શુભેચ્છાઓ અને આશીર્વાદોની વર્ષા કરી હતી. લગ્નવિધિ પૂર્ણ થયા બાદ ભવ્ય ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કચ્છ તેમજ બહારગામથી પધારેલા મહેમાનોને પરંપરાગત રીતે પ્રસાદી પીરસવામાં આવી હતી. આ પ્રસંગે માત્ર રવાપર જ નહીં, પરંતુ સમગ્ર કચ્છ તેમજ અન્ય શહેરોમાં વસતા પાટીદાર સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે કાર્યક્રમને વિશેષ ગૌરવ અને ભવ્યતા પ્રાપ્ત થઈ હતી. સમાજના અગ્રણીઓએ સમૂહલગ્ન જેવા આયોજનોથી આર્થિક રીતે નબળા વર્ગને સહાય મળે છે અને સાદગીપૂર્ણ લગ્નની પરંપરા મજબૂત બને છે તેવો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય સમાજના પ્રમુખ ગોપાલભાઈ ભાવાણી, અશોકભાઈ ભાવાણી, છગનભાઈ રૈયાણી, પશ્ચિમ કચ્છ ઝોનના મહામંત્રી ઝવેરભાઈ કેશરાણી, કેન્દ્રીય મહિલા સંઘના પ્રમુખ રમિલાબેન રવાણી તેમજ મહામંત્રી કમળાબેન હળપાણી, ટ્રસ્ટી વિશ્રામભાઈ છાભૈયા, હરિભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા અને સમાજને સંબોધિત કર્યું હતું.

સમૂહલગ્નના સફળ આયોજન પાછળ સમિતિના સભ્યો અને સ્થાનિક સમાજના કાર્યકર્તાઓનો વિશેષ ફાળો રહ્યો હતો. નરસિંહભાઈ સાંખલા, વિનોદભાઈ સાંખલા, હરિભાઈ ભગત, પી.ડી. વાસાણી, ધરમશીભાઈ ભગત, ગોવિંદભાઈ પોકાર સહિત સત્સંગ સમાજના સભ્યોના સહયોગ અને સુચારૂ આયોજનથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. સમાજમાં સહકાર, સમરસતા, સંસ્કાર અને સાદગીના મૂલ્યોને પ્રોત્સાહન આપતો આ સમૂહલગ્નોત્સવ માત્ર એક પ્રસંગ નહીં પરંતુ એક સામાજિક સંદેશ બની રહ્યો હતો, જે આવનારી પેઢી માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

# ગાંધીધામ હત્યા કેસમાં આરોપીને આજીવન કેદની સજા

**ટી.વી. અને વાસણના વિવાદમાં યુવાનની હત્યા મામલે સેશન્સ કોર્ટનો મહત્વપૂર્ણ નિર્ણય; એક આરોપી દોષિત, એક નિર્દોષ જાહેર**

ગાંધીધામ - કચ્છ ઉદય : શહેરના કાર્ગો વિસ્તારમાં વર્ષ ૨૦૧૬માં થયેલા યુવાનના હત્યા કેસમાં નવ વર્ષ બાદ ગાંધીધામ સેશન્સ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. ટી.વી. અને વાસણ પરત લેવા ગયેલા વિવાદમાં ઉશ્કેરાઈને પાઈપ અને લોખંડની કોષ વડે ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં શ્રવણ દેવીપૂજક નામના યુવાનનું મોત થયું હતું.

કોર્ટએ આરોપી બચુ કારા દેવીપૂજકને દોષિત ઠેરવી આજીવન સખત કેદની સજા તથા રૂ. ૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. દંડ ન ભરવામાં આવે તો વધારાની કેદની સજા ભોગવવી પડશે. જ્યારે બીજા આરોપી લાભુ ભીખુ દેવીપૂજકને પૂરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે.

ઘટના મુજબ, ફરિયાદી ગીતાબેન શ્રવણ દેવીપૂજકના વાસણો અને ટી.વી. આરોપીઓ દ્વારા વેચી દેવામાં આવ્યા હતા. આ અંગે વિવાદ ઊભો થતાં બંને પક્ષ વચ્ચે બોલાચાલી બાદ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં યુવાનનું મોત થયું હતું.

આ મામલે વર્ષ ૨૦૧૬માં ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ તપાસ બાદ બંને આરોપીઓની ધરપકડ કરીને ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન તમામ પુરાવા અને સાક્ષીઓને ધ્યાનમાં લઈને કોર્ટએ આ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કેસમાં સરકારી વકીલ હિતેષી પી. ગઢવીએ મજબૂત દલીલો રજૂ કરી હતી.

# સિંધી સાહિત્યકારનું સન્માન




મહારાવશ્રી વિજયરાજ જી સાર્વજનિક પુસ્તકાલય અને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા કચ્છી સિન્ધી લોક સાહિત્ય સેમિનારમાં ભાગ લેવા પધારેલ વરિષ્ઠ સિન્ધી સાહિત્યકાર જેઠો લાલવાણી અને કલાધર મુતવાને કચ્છી સર્જક ગૌતમ જોશી લિખિત અને પ્રો. રમેશ લોહાણા દ્વારા કરાયેલ અરબી અને સિન્ધી અનુવાદ પુસ્તક "બુન્દી" અર્પણ કરતાં ઝવેરીલાલ સોનેજી અને ગૌતમ જોશી તસવીરમાં દ્રષ્યમાન થાય છે.

# અંજારમાં ૩૦૬ તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન યોજાયું

**યદુવંશી સોરઠીયા આહીર સમાજ દ્વારા ૬૩મો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો : વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રોત્સાહન આપવામાં આવ્યું**

અંજાર - કચ્છ ઉદય : અંજારમાં યદુવંશી સોરઠીયા આહીર સમાજ શિક્ષણ સમિતિ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ભવ્ય સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ ૧ થી ગ્રેજ્યુએટ સુધીના કુલ ૩૦૬ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો, જેમાં સમાજના અગ્રણીઓ તથા મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે વિદ્યાર્થીઓ દ્વારા ગીતાજી પાઠન, સૂર્યનમસ્કાર, ભરતનાટ્યમ, ગરબા અને તલવારબાજી જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેને ઉપસ્થિતોએ પ્રશંસા સાથે માણ્યા હતા.

રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ પોતાના સંબોધનમાં શિક્ષણને સમાજ વિકાસનું મુખ્ય આધારસ્તંભ ગણાવ્યો હતો અને ૬૨ વર્ષથી ચાલી રહેલી આ શિક્ષણ પરંપરાને બિરદાવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિવિધ દાતાઓ દ્વારા સ્કોલરશીપની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં આર્થિક રીતે નબળા પરંતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે સહાય આપવામાં આવશે. સંદીપભાઈ ચોટારાએ આવા વિદ્યાર્થીઓનો સંપૂર્ણ અભ્યાસ ખર્ચ ઉઠાવવાની જાહેરાત કરી હતી. સંચાલન મંત્રી અનીલ બાંભણિયા સહિત અન્ય અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સ્ટેજ વ્યવસ્થા અને આયોજન કાર્યકરોએ સફળતાપૂર્વક સંભાળ્યું હતું.

# માનવ સેવાના સંદેશ સાથે જાનવી જણસારીનો જન્મદિવસ ઉજવાયો





ભુજ - કચ્છઉદય : લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજ સંચાલિત "માં બાપનું ઘર આશ્રમ" ખાતે હેમેન્દ્ર જણસારીની પુત્રી જાનવી જણસારીનો જન્મદિવસ અનોખી અને લાગણીસભર રીતે ઉજવવામાં આવ્યો હતો. જન્મદિવસની ખુશી માનસિક આશ્રિતો સાથે વહેંચી માનવસેવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન આશ્રિતો વચ્ચે કેક કાપવામાં આવ્યો હતો અને તમામને આઈસ્ક્રીમ તથા કેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાની ગરમીમાં રાહત મળે તે હેતુથી આશ્રિતોને ટોપીઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આશ્રિતોના ચહેરા પર ખુશી અને સંતોષની લાગણી સ્પષ્ટ જોવા મળી હતી. આ પ્રસંગે રીનકુ જણસારી અને યુવરાજ જણસારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આશ્રિતો સાથે સમય વિતાવી તેમની લાગણીઓને માન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રેમ, લાગણી અને સેવાભાવનો હૃદયસ્પર્શી માહોલ સર્જાયો હતો. હેમેન્દ્ર જણસારીએ જણાવ્યું હતું કે, સમાજના નિરાધાર અને વંચિત લોકો સાથે ખુશીની પળો ઉજવવાથી જીવનનું સાચું સંતોષ પ્રાપ્ત થાય છે. માનવસેવા એ જ સૌથી મોટું પુણ્ય કાર્ય છે.

# જંગી સ્કોર બાદ પરાસ્ત દિલ્હી આજે સંતુલિત બેંગલોર સામે ટકરાશે

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં શનિવારે પંજાબ કિંગ્સ સામે ૨૬૪ રનનો વિશાળ સ્કોર ખડકયા બાદ પણ પરાસ્ત થયેલી દિલ્હી કેપિટલ્સની ટીમ હવે સોમવારે નવા મનસૂબા અને નવી ઉર્ઝા સાથે રમવાનું પસંદ કરશે પરંતુ આ વખતે તેનો મુકાબલો વધુ સંતુલિત રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે થનારો છે. સોમવારે સાંજે ૭.૩૦ કલાકે દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર અહીંના અરૂણ જેટલી (કોટલા) સ્ટેડિયમ ખાતે ટકરાશે.




આમ અક્ષર પટેલની ટીમ આવી આઘાતજનક પછડાટ બાદ રમવાની છે ત્યારે તેની પાસે ભાવનાત્મક રીતે સ્વસ્થ થવા માટે બહુ ઓછો સમય છે. સોમવારે તેને ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે રમવાનું છે. પંજાબ કિંગ્સ સામેના છ વિકેટના પરાજય દિલ્હીના બોલરો વિક્રમી રન ચેઝમાં નિષ્ફળ રહ્યા હતા અને આ બાબતે ટીમને હચમચાવી દીધી હશે. હવે આગામી મેચોમાં દિલ્હી કેપિટલ્સે તેની બોલિંગમાં સુધારા કરવા જરૂરી બની ગયા છે.

હાલમાં પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને રહેલી દિલ્હીની ટીમ હવે પ્લેઓફની રેસમાં મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ ગઈ છે. વધુ એક પરાજય તેની આગળ વધવાની તકોને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. દિલ્હીનું અત્યાર સુધીનું અભિયાન શાનદાર બેટિંગ પરંતુ નબળી બોલિંગના સમન્વય જેવું રહ્યું છે. કેએલ રાહુલના નેતૃત્વમાં ટોપ ઓર્ડર વારંવાર વિસ્ફોટક શરૂઆત અપાવી રહ્યો છે, જ્યારે નીતિશ રાણા અને ડેવિડ મિલર જેવા ખેલાડીઓ મધ્ય ઓવરોમાં ગતિ જાળવી રાખવાનું કામ કરી રહ્યા છે. જોકે વિશાળ સ્કોર ડિફેન્ડ કરવામાં તેમની અસમર્થતા મોટી ચિંતાનો વિષય છે. ખાસ કરીને દબાણ હેઠળ 'ડેથ ઓવર'માં બોલિંગ અત્યંત નબળી સાબિત થઈ રહી છે, જેને હરીફ ટીમોએ હવે ટારગેટ કરવાનું શરૂ કર્યું છે. આ પરિસ્થિતિમાં સીમર આકિબ નબી, સ્પિનર કુલદીપ યાદવ અને કેપ્ટન અક્ષર પટેલ પર મોટી જવાબદારી રહેશે. બીજી તરફ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને બિરાજેલી રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ દરેક વિભાગમાં સંતુલિત દેખાઈ રહી છે. સુપર સ્ટાર વિરાટ કોહલીના નેતૃત્વમાં બેંગલોરની બેટિંગ લાઈન-અપ મજબૂત છે. દેવદત્ત પડિક્કલનું ફોર્મમાં પરત આવવું ટીમ માટે પ્લસ પોઈન્ટ છે.

# આઈપીએલની ૨૦૨૬ની સિઝનની પ્રથમ ટાઈ બાદ લખનઉ સામે કોલકાતાનો વિજય





(એજન્સી દ્વારા)

લખનૌ : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં રવિવારે પહેલી વાર ટાઈ મેચ જોવા મળી હતી જેને અંતે સુપર ઓવરથી પરિણામ આવ્યું હતું જેમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે કોલકાતા નાઈટ રાઈડર્સનો આસાન વિજય થયો હતો. સુનીલ નારાયણની સુપર ઓવરમાં લખનૌ સુપર જાયન્ટ્સે માત્ર એક જ રન કર્યો હતો અને બે વિકેટ ગુમાવી હતી. જેના જવાબમાં કોલકાતા નાઈટ રાઈડર્સ માટે રિંકુ સિંઘે પહેલા બોલે જ ચોગ્ગો ફટકારીને ટીમને વિજય અપાવ્યો હતો.

અગાઉ ઝડપી બોલર મોહસીન ખાનની પાંચ વિકેટ છતાં છેલ્લે છેલ્લે રિંકુ સિંઘની અડધી સદીની મદદથી કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૫ રન કરીને મેચનો સ્કોર સરભર કર્યો હતો. લખનૌની ટીમ ૧૫૬ રનનો સામાન્ય કહી શકાય તેવો ટારગેટ ચેઝ કરવામાં નિષ્ફળ રહી હતી પરંતુ તેણે આઠ વિકેટે ૧૫૫ રન કરીને સ્કોર બરાબર કર્યો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેની સામે લખનૌ સુપર જાયન્ટ્સે પણ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૫ રન કર્યા હતા.

૧૫૬ રનના આસાન ટારગેટ સામે લખનૌ માટે કેપ્ટન રિશભ પંતના ૪૨ રનને બાદ કરતાં બાકીનો કોઈ બેટર લડત આપી શક્યો ન હતો.

## સુપર ઓવરમાં લખનઉએ માત્ર ૧ રન બનાવ્યો

મેચમાં લખનઉની હારની સંભાવના વધી ગઈ હતી, કારણ કે લખનઉએ છેલ્લા બોલે ૭ રન કરવાના જરૂરી હતી. આ દરમિયાન શામીએ છેલ્લા બોલે સિક્સ ફટકારતી મેચ સુપર ઓવરમાં પહોંચી ગઈ હતી. જોકે સુપર ઓવરમાં લખનઉનો પરાજય થયો છે. લખનઉએ પહેલા બેટિંગ કરતા બે વિકેટે એક જ રન નોંધાવી શકી છે, જેમાં સુનીલ નારાયણે બંને વિકેટ ઝડપી છે. કોલકાતાએ બે રન નોંધાવી વિજય મેળવી લીધો હતો.

# ગુજરાત ટાઇટન્સ ફરીથી વિજયના માર્ગે : ચેન્નાઈ સામે શાનદાર વિજય

(એજન્સી દ્વારા)

ચેન્નાઈ : કેગિસો રબાડા સહિતના બોલર્સે ચુસ્ત બોલિંગનું પ્રદર્શન કરીને ચેન્નાઈ સુપર કિંગ્સની બેટિંગ પર વર્ચસ્વ જમાવી દીધા બાદ સાઈ સુદર્શને મજબૂત બેટિંગ કરતાં ગુજરાત ટાઇટન્સે આઈપીએલની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટ સિઝનમાં ફરીથી વિજયના માર્ગે આવતાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે આઠ વિકેટે શાનદાર વિજય હાંસલ કર્યો હતો. ચેન્નાઈની ટીમ સામાન્ય સ્કોર કરી શકી હતી.





અહીંના ચેપોક ખાતે રવિવારે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ચેન્નાઈ સુપર કિંગ્સ તેની ૨૦ ઓવરમાં માંડ ૧૫૮ રન કરી શકી હતી. ગુજરાત ટાઇટન્સને આ ટારગેટ પાર પાડવામાં ખાસ તકલીફ પડી ન હતી કેમ કે તેમણે ૧૬.૪ ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને ૧૬૨ રન કરીને મેચ જીતી લીધી હતી. ૧૫૯ રનના આસાન ટારગેટ સામે રમતાં ગુજરાત ટાઇટન્સે કેપ્ટન શુભમન ગિલ અને ડાબોડી ઓપનર સાઈ સુદર્શનની મદદથી મજબૂત શરૂઆત કરી હતી. બંનેએ ૩૯ બોલમાં ૫૮ રન ઉમેર્યા હતા. જોકે ગિલ ૨૩ બોલમાં ત્રણ સિક્સર સાથે ૩૩ રન ફટકારીને આઉટ થઈ ગયો હતો. ત્યાર બાદ સુદર્શન અને જોઝ બટલરે ૬૦ બોલમાં ૯૭ રન ઉમેરીને ટીમનો સ્કોર ૧૫૫ સુધી પહોંચાડી દીધો હતો. આમ મેચ જીતવા માટે ટીમને વધુ ચાર રનની જરૂર હતી ત્યારે સુદર્શન આઉટ થયો હતો. તેણે ૪૬ બોલની ઈનિંગ્સમાં સાત આકર્ષક સિક્સર સાથે ૮૭ રન ફટકાર્યા હતા તો અકીલ હુસૈનના બોલે વિનિંગ સિક્સર ફટકારનારા જોઝ બટલરે૩૦ બોલમાં ચાર ચોગ્ગા અને એક સિક્સર સાથે અણનમ ૩૯ રન ફટકાર્યા હતા. આ વિજય સાથે ગુજરાતની ટીમે આઠ પોઈન્ટ સાથે પાંચમો ક્રમાંક હાંસલ કરીને ચેન્નાઈને તેના પછીના ક્રમે ધકેલી દીધું હતું.

અગાઉ ગુજરાત ટાઈટન્સની શિસ્તબદ્ધ બોલિંગ સામે ચેન્નાઈ સુપર કિંગ્સ ખાસ આક્રમકતાથી રમી શક્યું ન હતું. પ્રથમ બેટિંગ કરનારી ચેન્નાઈની ટીમ માટે કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે લડાક બેટિંગ કરી હતી પરંતુ તે સિવાય તેને અન્ય કોઈ બેટરનો સહકાર સાંપડ્યો ન હતો. સામાન્ય રીતે ટી૨૦ ફોર્મેટમાં બેટર્સનો દબદબો જોવા મળતો હોય છે પરંતુ રવિવારે ચેપોક સ્ટેડિયમ ખાતે બોલર્સે મેદાન માર્યું હતું. ગુજરાત ટાઇટન્સના બોલર્સે ચેપોકની ઉછાળ ધરાવતી પિચનો ભરપુર લાભ ઉઠાવીને ચેન્નાઈ સુપર કિંગ્સના બેટર્સને પરેશાન કરી નાખ્યા હતા. ખાસ કરીને કેગિસો રબાડા આ સિઝનની અગાઉની મેચની માફક ઘાતક પુરવાર થયો હતો. તેણે ઈનિંગ્સની શરૂઆતમા જ સંજુ સેમસન જેવા ખતરનાક બેટ્સમેનને તથા ગુજરાતના આક્રમક બેટર ઉર્વિલ પટેલને પેવેલિયનમાં મોકલી દીધા હતા. આમ છતાં કેપ્ટન ગાયકવાડની લડાયક અડધી સદીની મદદથી ચેન્નાઈની ટીમ ૧૫૮ રનના સ્કોર સુધી પહોંચી શકી હતી.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ચેન્નાઈની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. મોહમ્મદ સિરાઝે શરૂઆતથી જ તીક્ષ્ણ બાઉન્સર્સ સાથે બેટરને મુશ્કેલીમાં મૂક્યા હતા. સંજુ સેમસન (૧૧) સાવચેતીભરી શરૂઆત બાદ કેગિસો રબાડાની ઓવરમાં આઉટ થયો હતો, જોકે આ ઇનિંગ્સ દરમિયાન તેણે આઈપીએલમાં ૫૦૦૦ રન પૂરા કરવાની સિદ્ધિ હાંસલ કરી હતી. ત્યાર બાદ ઉર્વિલ પટેલ (૦૪) અને સરફરાઝ ખાન (૦૦) સસ્તામાં આઉટ થતા ચેન્નાઈએ ૨૮ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી.

# કોલકાતાનો રઘુવંશી ઓબસ્ટ્રક્શન ધ ફિલ્ડ આઉટ થયો

(એજન્સી દ્વારા)

કોલકાતા : આઈપીએલમાં રવિવારે રમાયેલી લખનૌ સામેની ટી૨૦ ક્રિકેટ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો બેટ્સમેન અંગક્રિશ રઘુવંશી અનોખી રીતે આઉટ થયો હતો. રમત દરમિયાન ફિલ્ડર અથવા તો ફિલ્ડિંગ પક્ષને અવરોધવાના કિસ્સામાં બેટ્સમેનને આ રીતે આઉટ અપાતો હોય છે. કોલકાતાની ઈનિંગ્સ દરમિયાન પ્રિન્સ યાદવે ફેંકેલી પાંચમી ઓવરના છેલ્લા બોલે રઘુવંશી એક રન લેવા દોડ્યો હતો પરંતુ નોન-સ્ટ્રાઈકર કેમરૂન ગ્રીને તેને પરત મોકલ્યો હતો. આ દરમિયાન રઘુવંશીએ પરત ફરતી વખતે તેની ક્રિઝ પાસે ડાઈવ લગાવી હતી પરંતુ થ્રો થયેલો બોલ તેને વાગ્યો હતો. લખનૌના મોહમ્મદ શમીએ અપીલ કરી હતી. મેદાન પરના અમ્પાયરે નિર્ણય લેવા માટે ટીવી અમ્પાયરની મદદ લીધી હતી. પોતાની વિકેટ બચાવવા રઘુવંશીએ પોતાની લાઇન બદલીને પિચના બીજા છેડા તરફ દોડવાનું પસંદ કર્યું હતું. આમ તે જાણી જોઈને બોલને રોકવાનો ઈરાદો ધરાવતો હોવાનો નિષ્કર્ષ કાઢીને થર્ડ અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો હતો. આઈપીએલના ઈતિહાસમાં ઓબ્સ્ટ્રક્શન ધ ફિલ્ડ તરીકે કોઈ આઉટ થયું હોય તેવો આ ચોથો કિસ્સો હતો.



## આઈપીએલના ઇતિહાસમાં ઓબ્સ્ટ્રક્શન ધ ફિલ્ડના કિસ્સા

| સ્કોર | બેટ્સમેન | ટીમ | હરીફ | વર્ષ |
|---|---|---|---|---|
| ૭૨ | યુસુફ પઠાણ | કોલકાતા | પૂણે | ૨૦૧૩ |
| ૦૧ | અમિત મિશ્રા | દિલ્હી | હૈદરાબાદ | ૨૦૧૯ |
| ૦૫ | રવીન્દ્ર જાડેજા | ચેન્નાઈ | રાજસ્થાન | ૨૦૨૪ |
| ૦૯ | અંગક્રિશ રઘુવંશી | કોલકાતા | લખનૌ | ૨૦૨૬ |

# સીએસકેમાં જોડાતાની સાથે જ સંજુ સેમસને તોડ્યો સુરેશ રૈનાનો રેકોર્ડ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ સિઝન શરૂ થાય તે પહેલાં ચેન્નાઈ સુપર કિંગ્સમાં સંજુ સેમસનની એન્ટ્રીએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હતું. સેમસનની સિઝનની શરૂઆત ખરાબ રહી હતી, પરંતુ બાદમાં તે ફોર્મમાં આવ્યો અને સતત રન બનાવી રહ્યો છે. આઈપીએલ ૨૦૨૬ માં બે શાનદાર સદી ફટકાર્યા બાદ સેમસને હવે એક મહત્વપૂર્ણ રેકોર્ડ હાંસલ કર્યો છે. સંજુ સેમસન આઈપીએલ માં સૌથી ઝડપી ૫,૦૦૦ રન બનાવનાર ભારતીય બેટ્સમેન બન્યો છે. ગુજરાત ટાઈટન્સ સામે સેમસનનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું, તેણે ફક્ત ૧૧ રન બનાવ્યા હતા, પરંતુ તેણે આઈપીએલમાં ૫,૦૦૦ રન પૂરા કર્યા હતા. તેણે ફક્ત ૩,૫૫૫ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. આ સાથે, સંજુ સૌથી ઝડપી આ સિદ્ધિ હાંસલ કરનાર ભારતીય બેટ્સમેન બન્યો. રસપ્રદ વાત એ છે કે તેણે સીએસકેના દિગ્ગજ સુરેશ રૈનાનો રેકોર્ડ તોડ્યો, જેણે ૩૬૨૦ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી.



આઈપીએલમાં સૌથી ઝડપી ૫૦૦૦ રનનો રેકોર્ડ હજુ પણ ક્રિસ ગેલના નામે છે, જેણે ૩૨૮૮ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. ડેવિડ વોર્નર બીજા ક્રમે છે, જેણે ૩૫૫૪ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી.

# ઋતુરાજ ગાયકવાડે સૌથી ધીમી અડધી સદી ફટકારી

(એજન્સી દ્વારા) ચેન્નાઈ : ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે આખરે મોટી ઈનિંગ રમવામાં સફળતા મેળવી. તેણે ગુજરાત ટાઈટન્સ સામે લડાયક અડધી સદી ફટકારી, પરંતુ તેની ઈનિંગ ખૂબ જ ધીમી હતી. સાથે જ સીએસકેને ૫૦ રનનો આંકડો પાર કરવા માટે ૭૨ બોલ લાગ્યા હતા. ટાઈટન્સ સામે ગાયકવાડે સાવધાનીપૂર્વક બેટિંગ કરી, કારણ કે ટીમે ફક્ત ૩૭ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. તેણે ૪૯ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી, જે સિઝનની તેની પહેલી અડધી સદી હતી.



જોકે, આ ઈનિંગ ખૂબ ધીમી હતી. તેની પાછલી સાત ઈનિંગમાં ગાયકવાડે ૩૦ રનનો આંકડો પણ પાર કર્યો ન હતો, જેના કારણે તેની ઈનિંગ વધુ મહત્વપૂર્ણ બની ગઈ. પરંતુ ગાયકવાડની ઈનિંગ તેની ધીમી ગતિને કારણે રેકોર્ડ બુકમાં સ્થાન મેળવી ચૂકી છે. તેણે સિઝનની સૌથી ધીમી અડધી સદી ફટકારી હતી. અગાઉ, આ રેકોર્ડ રિષભ પંતના નામે હતો, જેણે હૈદરાબાદ સામે ૪૩ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. ગાયકવાડ ૫૦ રન બનાવવા ૪૯ બોલ રમ્યો હતો અને આ રેકોર્ડ બનાવ્યો હતો.

# અભિષેક શર્મા સાથે એરપોર્ટ પર થઈ 'અજીબ' ઘટના

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ-૨૦૨૬માં સનરાઈઝર્સ હૈદરાબાદના સ્ટાર ઓપનર બેટ્સમેન અભિષેક શર્મા હાલમાં પીચ પર પોતાના શાનદાર પ્રદર્શનની સાથે સાથે પીચની બહાર પોતાની ગૂડ લૂક્સને કારણે ચર્ચામાં છે. હાલમાં જ રમાયેલી રાજસ્થાન રોયલ્સની સામેની મેચમાં અભિષેકે પોતાની તોફાની બેટિંગે સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહે છે. જોકે, આ બધા વચ્ચે સોશિયલ મીડિયા પર અભિષેક શર્માનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં ફિમેલ ફેને કરેલી અજીબ હરકતને કારણે અભિષેક ખૂદ એકદમ અવઢવમાં મૂકાઈ ગયો હતો. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક ફિમેલ ફેને અભિષેક શર્માને મળવા માટે તમામ હદો વટાવી દીધી હતી. અભિષેક શર્મા જ્યારે હોટલ કે એરપોર્ટ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક મહિલા ફેને દોડીને તેનો હાથ પકડી લીધો હતો અને તેને પોતાની તરફ ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. અચાનક ફીમેલ ફેન દ્વારા કરવામાં આવેલી આ હરકતને કારણે અભિષેક શર્મા પણ હક્કોબક્કો રહી ગયો હતો અને તેની બોડી લેંગ્વેજ પરથી ડર સાફ દેખાતું હતું. જોકે, સદનસીબે, સિક્યોરિટી સ્ટાફે તરત જ પરિસ્થિતિને સંભાળી લીધી હતી અને તે મહિલાને દૂર કરી અભિષેકને સુરક્ષિત રીતે તેમના રૂમ સુધી પહોંચાડ્યો હતો. તમે પણ આ વાઈરલ વીડિયો ના જોયો હોય તો અત્યારે જ જોઈ લો...



# સુઝી બેટ્સની કરીઅરનું ફાઇનલ મિશન બનશે વિમેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ન્યુ ઝીલૅન્ડની ૩૮ વર્ષની બૅટર સુઝી બેટ્સ જૂન-જુલાઈમાં ઈંગ્લૅન્ડમાં યોજાનાર વિમેન્સ ટી૨૦ વર્લ્ડ કપ પછી ઈન્ટરનૅશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે. માર્ચ ૨૦૦૬માં ભારત સામેની વન-ડે મૅચથી તેણે પોતાની શાનદાર કરીઅરની શરૂઆત કરી હતી. ૨૦ વર્ષની કરીઅરમાં તે ૩૫૦ વિમેન્સ ઈન્ટરનૅશનલ મૅચ રમનારી અને પચીસ હજાર (ડોમેસ્ટિક ક્રિકેટ સાથે) રન બનાવનારી પ્રથમ મહિલા ક્રિકેટર બની હતી. વિમેન્સ ટી૨૦ વર્લ્ડ કપની ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમ ન્યુ ઝીલૅન્ડ સાથે તે હવે છેલ્લી વખત આગામી વર્લ્ડ કપ વખતે રમતી જોવા મળશે. જુલાઈ ૨૦૧૧થી ૭ વર્ષ સુધી તેણે કિવી ટીમની કૅપ્ટનની જવાબદારી પણ સંભાળી હતી. બધી ક્રિકેટસિદ્ધિઓ ઉપરાંત સુઝી બેટ્સે ૨૦૦૮માં બીજિંગ ઑલિમ્પિક્સમાં બાસ્કેટબૉલમાં પણ ન્યુ ઝીલૅન્ડનું પ્રતિનિધિત્વ કર્યું છે.



# ૬ મેચમાં ૨૭ છગ્ગા અને ચોગ્ગા ફટકારનાર આરસીબીનો સ્ટાર ખેલાડી દિલ્હી સામે નહીં રમે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ સીઝનમાં ભાગ્યે જ કોઈ ટીમ એવી હશે જે તેના ખેલાડીઓની ઈજાઓથી પરેશાન ન હોય. કેટલીક ટીમો સીઝન શરૂ થાય તે પહેલાં જ સંઘર્ષ કરી રહી છે, જ્યારે કેટલીક ટુર્નામેન્ટની મધ્યમાં જ પરાજયનો સામનો કરી રહી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને પણ આવી જ ઝટકો લાગ્યો છે, જેમાં એક સ્ટાર બેટ્સમેનની ઈજા ચિંતાનું કારણ બની છે. આ ખેલાડી વિસ્ફોટક ઓપનર ફિલ સોલ્ટ છે, જે સતત બીજી મેચ માટે બહાર થઈ ગયો છે.



આરસીબી આજરોજ રાજધાની નવી દિલ્હીમાં રમશે. આ મેચમાં રજત પાટીદારના નેતૃત્વ હેઠળની બેંગલુરુ ટીમ યજમાન દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. બેંગલુરુ ટીમ આ મેચ માટે દિલ્હી આવી ગઈ છે, પરંતુ જ્યારે તેઓ મેદાનમાં ઉતરશે ત્યારે તેઓ ફરી એકવાર સોલ્ટ વગર રમશે. ટીમના બેટિંગ કોચ દિનેશ કાર્તિકે આ વાતની પુષ્ટિ કરી હતી. સોલ્ટ આ જ ઈજાને કારણે પાછલી મેચ ગુમાવી હતી. આરસીબી માટે આ એક મોટો આંચકો છે, કારણ કે તે વિરાટ કોહલી સાથે મજબૂત ભાગીદારી બનાવે છે, બેંગલુરુ પાસે એક સારો વિકલ્પ છે, જેનો ટીમે છેલ્લી મેચમાં પ્રયાસ કર્યો હતો. આ ખેલાડી જેકબ બેથેલ છે, જે ડાબોડી બેટ્સમેન છે જે સ્પિન બોલિંગ પણ કરી શકે છે. જોકે તે છેલ્લી મેચમાં નિષ્ફળ ગયો હતો, તે સોલ્ટ માટે જગ્યા બનાવી શકે છે અને મજબૂત બેટિંગ કરી શકે છે.

# પંજાબની જીત બાદ પ્રીતિ ઝિન્ટાએ પ્રિયાંશ આર્યાને પંચ માર્યો

(એજન્સી દ્વારા) ચંડીગઢ : પ્રિયાંશ આર્ય સાથેની વાતચીત દરમિયાન પ્રીતિએ તેને મજાકમાં હળવો પંચ માર્યો હતો. આ અંગે કોમેન્ટેટર રવિ શાસ્ત્રીએ કહ્યું હતું કે, 'ઓહ, આ તો સારો પંચ હતો.' આ જીત સાથે પંજાબ કિંગ્સ આઈપીએલ ૨૦૨૬માં અત્યાર સુધી અજેય રહી છે.



# કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે અટકાવી લૉરેન્સ ઓફ પંજાબની રિલીઝ

(એજન્સી દ્વારા)

મુંબઈ : ઝીપ પર રિલીઝ થનારી ડૉક્યુ-સિરીઝ 'લૉરેન્સ ઑફ પંજાબ' એની રિલીઝ પહેલાં જ ભારે વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. થોડા દિવસ પહેલાં જ એનું ટ્રેલર રિલીઝ થયું હતો અને સિરીઝ આ જ મહિને રિલીઝ થવાની હતી. જોકે હવે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે એની રિલીઝ અટકાવી દીધી છે. મંત્રાલયે **OTT** પ્લૅટફૉર્મ ઝીપને આ સિરીઝ રિલીઝ ન કરવાની સલાહ આપી છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ મામલે **OTT** પ્લૅટફૉર્મ ઝીપને સત્તાવાર પત્ર લખ્યો છે. પંજાબ કૉન્ગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમરિન્દર સિંહ રાજા વોરિંગે પોતાના સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ પર આ પત્ર પણ શૅર કર્યો છે. પત્રમાં સ્પષ્ટપણે વેબ-સિરીઝને રિલીઝ ન કરવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત પત્રમાં જાહેર કરાયેલી માર્ગદર્શિકાનો ઉલ્લેખ કરતાં જણાવાયું છે કે જો આવી વેબ-સિરીઝને રિલીઝ કરવાની મંજૂરી આપવામાં આવે તો સમાજમાં ગુનાખોરી વધવાની શક્યતા વધી શકે છે. આ કારણસર એને રિલીઝ ન કરવાનો નિર્ણય યોગ્ય માનવામાં આવ્યો છે.




# પ્રિયંકા ૨૫ વર્ષની કારકિર્દી બદલ ગોલ્ડ ગાલામાં સન્માનિત થશે

(એજન્સી દ્વારા)

મુંબઇ : અભિનેત્રી પ્રિયંકા ચોપરા જોનાસને આ વરસના ગ્લોબલ વેનગાર્ડ હોનર માટે પસંદ કરવામાં આવી છે. આ પુરસ્તાર તેને મનોરંજનની દુનિયામાં ૨૫ વરસના શાનદાર યોગદાન બદલ એશિયાઇ અને પશ્ચિમી સિનેમા વચ્ચે એક બ્રીજ બનાવવા બદલ આપવામાં આવશે. આ ઈવેન્ટ લોસએન્જલસમાં ૯મેના રોજ ધ મ્યુઝિક સેન્ટરમાં કરવામાં આવશે. આ વખથે એનો થીમ એ ન્યુ ગોલ્ડ વર્લ્ડ મતબલ કે એક નવી સોનેરી દુનિયા રાખવામાં આવ્યો છે,જે એકતા અને પ્રગતિનો સંદેશઆપે છે. પ્રિયંકાએ બોલીવૂડની સાથેસાથે હોલીવૂડમાં ઓળખ બનાવી છે. તે નવોદિતોનીકારકિર્દી બનાવવામાં મદદ કરી રહી છે. આ માટે તેને ટાઇમ ૧૦૦ અને ફોર્બ્સ જેવી યાદીમાં સમાવેશ કરવામાંઆવ્યો છે.




# બીચ પર જોવા મળ્યો નુસરત જહાંનો ગ્લેમરસ અંદાજ, પાણીમાં આપ્યા પોઝ

(એજન્સી દ્વારા) મુંબઈ : નુસરત જહાં અભિનેત્રી તરીકે ઓળખાણ બનાવ્યા બાદ રાજકારણ સુધીની તેની સફર નોંધપાત્ર રહી છે. સોશિયલ મીડિયા પર પણ તેનો મજબૂત ફેનબેઝ છે, જ્યાં તે વારંવાર પોતાની તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે. તાજેતરમાં તેણે ઈન્સ્ટાગ્રામ પર પોતાની નવી બીચ લુકની તસવીરો પોસ્ટ કરી છે, જે ઝડપથી વાયરલ થઈ રહી છે. નુસરતે કુલ પાંચ તસવીરો શેર કરી છે અને કેપ્શનમાં લખ્યું છે: "ટેન, રેતાળ રમકડાં, બીચ વેણી, વાઈબ્સ." આ પોસ્ટ પર ચાહકો દ્વારા ભારે પ્રતિસાદ મળી રહ્યો છે અને લાઈક્સનો વરસાદ થઈ રહ્યો છે. આ તસવીરોમાં નુસરત જહાં થ્રી-પીસ બીચ આઉટફિટમાં જોવા મળે છે. તેણે સફેદ અને વાદળી રંગનું કિમોનો કવર-અપ, સ્ટ્રાઈપ્ડ બિકીની ટોપ અને સફેદ ડેનિમ શોર્ટ્સ પહેર્યા છે, જે તેની સ્ટાઈલને વધુ નીખારી રહ્યા છે.



# આરટીઈ કાયદાનું ઉલ્લંઘન કરનારી શાળાઓ સામે કાર્યવાહી કરવા માંગ

## ખાનગી શાળાઓમાં નિયમભંગના આક્ષેપો : વાલીઓમાં અસંતોષની લાગણી

ભુજ - કચ્છ ઉદય : ભુજ સહિત સમગ્ર કચ્છ જિલ્લામાં હાલ શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા તેજ બનતી હોય ત્યારે ખાનગી શાળાઓ દ્વારા વિવિધ શૈક્ષણિક કાયદા અને નીતિઓના ભંગ થવાના આક્ષેપો સામે આવી રહ્યા છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૫, ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ (રેગ્યુલેશન ફી) એક્ટ- ૨૦૧૭, નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ તેમજ ગુજરાત પ્રિ-પ્રાઈમરી એજ્યુકેશન પોલિસી-૨૦૨૩ જેવી મહત્વપૂર્ણ નીતિઓ હોવા છતાં તેનું પૂરતું પાલન થતું ન હોવાની ફરિયાદો ઉઠી છે.

શિક્ષણક્ષેત્રે પારદર્શિતા અને નિયમોના અમલ માટે અગાઉથી જ અવાજ ઉઠાવતી ટીએફઆર એનજીઓએ રજૂ કરેલી યાદીમાં દાવો કરવામાં આવ્યો છે કે અનેક ખાનગી શાળાઓ દ્વારા પ્રવેશ પ્રક્રિયા દરમિયાન નિયમોને અવગણીને મનમાની પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. ખાસ કરીને નાના બાળકો માટે ઈન્ટરવ્યૂ અને પરીક્ષા લેવી, ઊંચી રજિસ્ટ્રેશન ફી વસૂલવી તેમજ વાલીઓને દબાણ હેઠળ રાખીને એડમિશન આપવાની પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાનું જણાવાયું છે. આ અંગે નિષ્ણાતો જણાવે છે કે ધોરણ ૧માં પ્રવેશ માટે કોઈપણ પ્રકારની સ્ક્રિનિંગ, ઈન્ટરવ્યૂ કે પરીક્ષા લેવી કાનૂની રીતે ગુનો છે. તે ઉપરાંત કેપિટેશન ફી (ડોનેશન) લેવું પણ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. છતાં પણ ઘણી શાળાઓ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે, જેના કારણે વાલીઓ આર્થિક અને માનસિક દબાણનો સામનો કરી રહ્યા છે.

યાદીમાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે દરેક શાળાએ એફઆરસી (ફી રેગ્યુલેટરી કમિટી) દ્વારા મંજૂર કરાયેલ ફી માળખું જાહેર કરવું ફરજિયાત છે અને તે શાળાના નોટિસ બોર્ડ પર સ્પષ્ટ રીતે દર્શાવવું જોઈએ. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઘણી શાળાઓ આ માહિતી જાહેર કરતી નથી અથવા વાલીઓને યોગ્ય માહિતી આપતી નથી, જેના કારણે પારદર્શિતાનો અભાવ જોવા મળે છે.

તે ઉપરાંત કચ્છમાં અનેક પ્લે સ્કૂલો નોંધણી વિના જ કાર્યરત હોવાની ગંભીર બાબત સામે આવી છે. કેટલાક સંસ્થાઓ ત્રણ વર્ષથી નાની ઉંમરના બાળકોને પણ પ્રવેશ આપે છે, જે નિયમોના સ્પષ્ટ ભંગ સમાન છે. શિક્ષણના આ પ્રારંભિક તબક્કે જ કાયદાની અવગણના થતી હોવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ટીએફઆર એનજીઓ દ્વારા જાગૃત વાલીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ કોઈપણ પ્રકારની ગેરરીતિ સામે મૌન ન રહે અને નિયમથી વધુ ફી ચૂકવવાનું ટાળે. જો કોઈ શાળા દ્વારા ઈન્ટરવ્યૂ લેવાય, રજિસ્ટ્રેશન ફી માંગવામાં આવે અથવા એફઆરસી ફી માળખું બતાવવાનો ઈન્કાર કરવામાં આવે તો તેની જાણ સંસ્થાના વોટ્સએપ નંબર ૯૪૨૬૬ ૪૮૬૯૬ પર કરવાની વિનંતી કરવામાં આવી છે.

આ સાથે જ વાલીઓને જરૂરી હોય ત્યારે પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ તંત્ર સમક્ષ લેખિત રજૂઆત કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે જવાબદાર તંત્ર દ્વારા ગંભીરતાથી તપાસ હાથ ધરી નિયમોનો ભંગ કરનાર શાળાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી વ્યાપક માંગ ઉઠી રહી છે.

## જ્ઞાનવત્સલ સ્વામી સાથે હળવી પળો



ડોક્ટર જ્ઞાન વત્સલ સ્વામી આંતરરાષ્ટ્રીય વક્તા લાઈફ કોચ ભુજ એમની ભવ્ય ઈવેન્ટમાં લાભ લેવાનો સદભાગ્ય અનેક લોકોને પ્રાપ્ત થયું હતું. તેમની સાથે ગાંધીધામ બાબુભાઈ ભીમા હુબલે મુલાકાત લીધી હતી. જ્ઞાન વત્સલ સ્વામી સાથે હળવી પડોમાં વાર્તાલાપ પણ કરવાનું મોકો મળ્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયની સંસ્થા બીએપીએસના અનુયાયી, એક શાંત અને સરળ વ્યક્તિત્વ ધરાવનાર, અસંખ્ય લોકોના જીવનમાં આધ્યાત્મિક પ્રેરણાઓના ગુણ સિંચનાર પ.પૂ. જ્ઞાનવત્સલ સ્વામીના અદભુત, ભવ્ય અને દિવ્ય દર્શનનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો હતો. આ ક્ષણે તેમની આધ્યાત્મિક વાણી અને વિચારો પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

# એગ્રોસેલ ફાઉન્ડેશન દ્વારા બીજો સ્પોર્ટ્સ સમર કેમ્પ યોજાશે

ભુજ - કચ્છ ઉદય : એગ્રોસેલ ફાઉન્ડેશન દ્વારા બાળકો અને યુવાનોમાં શારીરિક તંદુરસ્તી અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે 'એએફ સ્પોર્ટ્સ સમર કેમ્પ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ૧૦ દિવસીય કેમ્પ ૭મેથી ૧૬મે, ૨૦૨૬ દરમિયાન યોજાશે, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને મલ્લખંભ, રોપમલ્લખંભ, યોગા અને જિમ્નાસ્ટિક્સ જેવી પ્રવૃત્તિઓની તાલીમ આપવામાં આવશે.આ કેમ્પમાં પાંચથી ૧૫ વર્ષની ઉંમરના બાળકો ભાગ લઈ શકશે. આ કેમ્પ બે સ્થળોએ યોજાશે. સવારનો બેચ વી.પી. સોલંકી હાઈસ્કૂલ, કુકમા ખાતે સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી યોજાશે, જ્યારે સાંજનો બેચ આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલય, મુંદ્રારોડ, ભુજ ખાતે સાંજે ૪:૦૦થી ૬:૦૦ વાગ્યા સુધી યોજાશે. કેમ્પની ફી માત્ર ૨૦૦ રાખવામાં આવી છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને દરરોજ નાસ્તો, કેમ્પ પૂર્ણ થયા પછી પાર્ટીસીપેશન સર્ટિફિકેટ, સરપ્રાઈઝ ગિફ્ટ મળશે. સાથે એક દિવસીય પિકનિકનું પણ આયોજન છે. (જે કેમ્પની બસો રૂપિયાની ફીમાં જ આવરી લેવામાં આવશે) એડમીશન અને વધુ માહિતી માટે ૬૩૫૫૭ ૦૭૫૯૨ નંબર ઉપર મંદાર પાટિલનો સંપર્ક કરવો.

# રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના પ્રમુખે તરા મંજલમાં મતદાન કર્યું



ભુજ - કચ્છ ઉદય : હિતેશ મહેશ્વરીનું કહેવું છે કે હાલની સરકાર દ્વારા ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર જ નજરે દેખાય છે, જેને ડામવા માટે અને સમાનતા સાથે લોકશાહી જીવંત રહે તે અર્થે કોંગ્રેસને વોટ આપવામાં આવ્યું, કારણકે આ સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જે રીતે કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને શામ દામ દંડ ભેદ દ્વારા ફોર્મ પાછા ખેંચવા મજબુર કર્યા તે આ દેશની લોકશાહીનું ખૂન છે. જેથી આ વખતે પ્રજાના હિતમાં અને પ્રજાને ભયમુક્ત રાખીને વિકાસ માટે કોંગ્રેસ પક્ષ મહત્વનું છે. વધુમાં જણાવ્યું કે, ખુદ હું કોંગ્રેસ પક્ષ સાથે વિધિવત જોડાયેલ નથી પણ કોંગ્રેસ પાર્ટીની વિચારધારા દેશના હિત માટેની છે તો આ વખતે ગુજરાતમાં પરિવર્તનની જરૂર છે અને છેવાડાના ગામડા સુધી અન્ડર કરંટ દેખાઈ રહ્યું છે. પ્રજા ભાજપને જાકારો આપી અને દેશ હિત અને પ્રજા હિતમાં કોંગ્રેસને જીતાડવા માટે મૂડ બનાવી લીધું છે.

# અંગિયા મોટા શાંતિનાથ જિનાલયે ૧૯૪મો ધ્વજારોહણ યોજાયો





**અઢાર અભિષેક, સતરભેદી પૂજા, સ્વામી વાત્સલ્ય, જીવદયા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા : મોટા અંગિયાના ૩ યુવાનો પણ આજે કોલ્હાપુરમાં દીક્ષા લીધી તેમની પણ અનુમોદના કરાઈ : પ્રસંગોમાં ભાવિકો ઉમટ્યા : નવનીર્મિત સેડનું પણ ઉદ્‌ઘાટન કરાયું**



નખત્રાણા - કચ્છ ઉદય : તાલુકાના મોટા અંગિયા ગામે શાંતિનાથ દાદાના જીનાલયે ૧૯૪મી ધ્વજારોહણ પ્રસંગ ધામધૂમથી ઉજવાયો હતો. પ.પૂ. કલમપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા વિશિષ્ટપજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા-૬ ની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં અઢાર અભિષક, સતરભેદી પૂજા, સ્વામી વાત્સલ્ય સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા અને જીવદયાના કાર્ય યોજાયા હતા. ઉપાશ્રય પાસે નવનિર્મિત સેડનું લોકાર્પણ થયું હતું. ગામના સરપંચ ઈકબાલ ઘાંચી સહિત દાતાશ્રીના સન્માન થયા હતા. શાહ લાલજીભાઈ પોટભાઈ પરિવાર હ. ચંદનબેન છગનલાલ શાહ પરિવારે ધ્વજા રોહણ પ્રસંગનો ધર્મલાભ લીધો હતો. આવતા વર્ષે શાહ ચાંદુબેન તલકસી પ્રતાપસી પરિવાર ધ્વજાનો લાભ લેશે. આજના દિવસે મૂળ મોટા અંગિયા આદિકુમાર, હિતકુમાર, દિવ્યકુમાર આજે કોલ્હાપુર ખાતે દીક્ષા અંગીકાર કરી હતી. તેમની પણ અનુમોદના કરાઈ હતી. આજના પ્રસંગે મણીભદ્રવીરના ધ્વજા રોહણના દાતા વાલુબેન ખેંગારભાઈ પરિવાર રહ્યા હતા. આ અવસરે સમાજના પ્રમુખ કેતનભાઈ મહેતા, પ્રકાશભાઈ ગાંધી - ભુજ, કમલેશભાઈ સંઘવી, સુરેશભાઈ શાહ, મલયભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ શાહ, પરેશભાઈ શાહ, મયૂરભાઈ શાહ, રાજુભાઈ શાહ, અક્ષયભાઈ શાહ, જયસુખભાઈ, જગુભાઈ સહિતના અગ્રણીઓ, ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટા અંગિયા જૈન સંઘે આયોજન હાથ ધર્યું હતું.

# ભુજ પાલિકાના વોર્ડ નં.૪ અને ૧૦ બે બુથ ગાયબ થતા ૨ હજાર મતદારો ગોથે ચડ્યા

ભુજ - કચ્છ ઉદય : ચૂંટણી પંચ ભાજપના કહેવાથી કૉંગ્રેસના વિસ્તારના ભુજ નગરપાલિકાના વૉર્ડ નો ૪ અને ૧૦ માં ૨ બુથ ગાયબ ૨૦૦૦ મતદારો સવારથી ગોથા ખાય છે.

એકથી બીજા બુથમાં આવી કાળઝાળ ગરમીમાં લોકો પરેશાન કૉંગસ પાર્ટી, આમ આદમી પાર્ટીના તમામ ૧૩ ઉમેદવારોએ લેખિતમાં પ્રાંત અધિકારીને કરી ફરિયાદ ચૂંટણી તાત્કાલિક અસરથી રદ થાય અને ફરી નિષ્પક્ષ ચૂંટણી થાય તેમ પ્રભારી જામનગર ગ્રામ્ય અને મંત્રી પ્રદેશ કોંગ્રેસ રફીક મારાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# નેત્રામાં નવું મતદાન મથક ઊભું કરાતા મદારોને નામ શોધવામાં હાલાકી પડી

ભુજ - કચ્છ ઉદય : મફતનગર નેત્રા ખાતે નવું મતદાન મથક ઉભું કરાતા માર્ગદર્શન અને સ્પષ્ટ માહિતીના અભાવે અગાઉ નેત્રા પ્રાથમિક શાળામાં મતદાન કરતા વોર્ડનં ૪ના મતદારોએ પોતાનું નામ કયા મતદાન મથકમાં છે એ શોધવામાં હાલાકી પડી છે.. નવું ઉભું કરાયેલ મતદાન મથક અને અગાઉના મતદાન મથક વચ્ચે એક કિલોમીટરનુ અંતર છે , અગાઉ મફતનગરના વોર્ડ નં ૪ અને ૫ નેત્રા ગામ મધ્યે આવેલ મતદાન મથકમાં મતદાન કરતા હતા પણ મફતનગરના નવા મતદાન મથક ઉભું કરાતા મોટાભાગના મતદારોને બંને મતદાન મથકના એક કિલોમીટરના ચક્કરો કાપવા પડ્યા છે



અકસ્માતમાં પોતાના બન્ને પગ ગુમાવનાર છતા હિંમત ન હારનાર નરન્દ્રભાઈ નાથાણીએ વ્હીલચેયર પર મતદાન મથકે પહોચીં પોતાની ફરજ નિભાવી.

# ભદ્રેશ્વર રોકડિયા હનુમાન મંદિરે ૩૨ ફૂટ ઊંચી પ્રતિમાનું નિર્માણ શરૂ

**ભૂમિપૂજન વિધિ સાથે ધાર્મિક પ્રોજેક્ટનો શુભારંભ: ભક્તિભાવનો માહોલ**

મુંદરા - કચ્છ ઉદય : તાલુકાના ભદ્રેશ્વર સ્થિત પ્રસિદ્ધ રોકડિયા હનુમાન મંદિર ખાતે ભગવાન હનુમાનજીની ૩૨ ફૂટ ઊંચી વિરાટ પ્રતિમાનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ ધાર્મિક પ્રોજેક્ટનો શુભારંભ શનિવારે ભૂમિપૂજન વિધિ સાથે ભક્તિભાવના વાતાવરણમાં કરવામાં આવ્યો હતો.

મંદિર પરિસરના ઉગમણી બાજુ આવેલા વિશાળ ગ્રાઉન્ડમાં પરંપરાગત વિધિ અનુસાર ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. સમગ્ર વિધિ દરમિયાન મંત્રોચ્ચાર અને ધાર્મિક કાર્યક્રમથી પરિસર ભક્તિમય બની ગયો હતો.

આ અવસરે મુખ્ય યજમાન તરીકે મહેન્દ્રભાઈ નરશીરામ ઠક્કર પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે વિધિવત રીતે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું અને પ્રતિમા નિર્માણ કાર્ય નિર્વિઘ્ન પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

રોકડિયા હનુમાન સાર્વજનિક ટ્રસ્ટ, ભદ્રેશ્વર દ્વારા આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ ભવ્ય પ્રતિમા નિર્માણનું કાર્ય શરૂ થતા વિસ્તારના ભક્તોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા અને હનુમાનજીના દર્શન સાથે મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રતિમા નિર્માણ પૂર્ણ થતા ભદ્રેશ્વર વિસ્તાર ધાર્મિક તેમજ પ્રવાસન દૃષ્ટિએ વધુ ઓળખ મેળવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.




## પૂર્વ ધારાસભ્ય વાલજીભાઇ દનીચાએ મતદાન કર્યું

સેવી સ્કૂલ ખાતે મતદાન શરૂ થતા સૌ પ્રથમ મતદાન પૂર્વ ધારાસભ્ય વાલજીભાઇ દનીચાએ મતદાન કરી શરૂઆત કરાવી હતી.

# માનકૂવામાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે કથા પારાયણથી ગુંજ્યો ભક્તિભાવ

**૨૦૧ પોથીયાત્રા સાથે શરૂઆત : સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન**

ભુજ - કચ્છ ઉદય : માનકૂવા ગામના જૂનાવાસ વિસ્તારમાં આવેલ અને તાજેતરમાં જીર્ણોદ્ધાર પામેલા ભાઈઓના સ્વામિનારાયણ મંદિરના નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે શ્રીમદ્ સત્સંગ જીવન કથા પારાયણનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પવિત્ર પ્રસંગે ગામમાં સર્વત્ર ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું છે. કાર્યક્રમનો પ્રારંભ જૂનાવાસ બહેનોના મંદિર ખાતેથી ૨૦૧ પોથીયાત્રા સાથે કરવામાં આવ્યો હતો. પોથીયાત્રા ધર્માવાડી સ્થિત સભામંડપ સુધી ભવ્ય શોભાયાત્રા રૂપે પહોંચી હતી. આ દરમિયાન બહેનો દ્વારા બેન્ડ, લેઝીમ અને ડી.જે.ના તાલે ભક્તિભાવપૂર્ણ રજૂઆતો કરવામાં આવી હતી, જેને ગ્રામજનો દ્વારા ઉત્સાહપૂર્વક નિહાળવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો, ચોવીસી ગામોના હરિભક્તો તેમજ સાંખ્યયોગી બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

તા. ૨૬ એપ્રિલથી તા. ૨ મે સુધી યોજાનારી આ કથા પારાયણ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગોની સુવ્યવસ્થિત શ્રેણી ગોઠવવામાં આવી છે. તા. ૨૭ના રોજ સાંજે ૫:૩૦ કલાકે ઘનશ્યામ જન્મોત્સવ, તા. ૨૮ના રોજ વર્ણી અભિષેક તથા તા. ૨૯ના રોજ જગન્નાથપુરી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૦ના રોજ આચાર્ય મહારાજશ્રીની પાવન ઉપસ્થિતિમાં બપોરે ૩:૩૦ વાગ્યે ઠાકોરજીની શોભાયાત્રા તેમજ સાંજે ૫:૩૦ વાગ્યે ગાદીપટ્ટાભિષેક વિધિ યોજાશે.

તા. ૧ મેના રોજ માનકૂવા આગમન મહોત્સવ ઉજવાશે, જ્યારે તા. ૨ મેના રોજ સવારે ૮:૩૦ કલાકે મૂર્તિપ્રતિષ્ઠા વિધિ, સવારે ૯:૩૦ કલાકે અન્નકૂટ તથા પ્રતિષ્ઠા આરતી અને સવારે ૧૧:૦૦ કલાકે કથા પૂર્ણાહુતિ કરવામાં આવશે. દરરોજ કથાશ્રવણનો સમય સવારે ૮:૩૦થી ૧૧:૦૦ અને સાંજે ૩:૩૦થી ૬:૩૦ સુધી નિર્ધારિત રાખવામાં આવ્યો છે.

મંદિર ટ્રસ્ટ પ્રમુખે જણાવ્યું હતું કે આ સમગ્ર ધાર્મિક આયોજનમાં ભક્તો વિશાળ સંખ્યામાં જોડાઈ રહ્યા છે અને સમગ્ર વિસ્તાર ભક્તિ, શ્રદ્ધા અને સંસ્કારના રંગે રંગાઈ ગયો છે.

# સુખપરની યુવતીએ લગ્ન પહેલા લોકશાહીનો પર્વ નિભાવ્યો

**પગમાં ફ્રેક્ચર હોવા છતાં વોકરના ટેકે ચાલી મતદાન કર્યું**



ભુજ - કચ્છ ઉદય : સુખપરની યુવતી કાજલ, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના મતદાનના દિવસે ગામમાં આયોજિત સમુહલગ્નમાં તેમના લગ્ન હતા. આવા પ્રસંગોમાં એક જ દિવસમાં બધું આટોપવાનું હોવાથી સમયનો બિલકુલ અભાવ હોય છે. એવી પરિસ્થિતિમાં બપોરે ભોજન અને અતિ મહત્ત્વના એવા લગ્નની ફોટોગ્રાફી માટે મળેલ થોડાક સમયની છુટછાટમાંથી મતદાન કરવાનો સમય કાઢીને કાજલે ભર ઉનાળાના તાપ અને પરસેવે રેબઝેબ કરી નાખતા બપોરના સમયે મતદાન કરીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અત્રે નોંધનીય છે કે, પોતાના પગે ફ્રેક્ચર હોવા છતાં વોકરના ટેકે ચાલવાની તકલીફ વેઠીને પણ લોકશાહી પ્રત્યેનું પોતાનું દાયિત્વ નિભાવ્યું હતું.

# સહકાર સેવા મંડળ દ્વારા હાજીપીર જતા યાત્રાળુઓને ઠંડાપીણાનું વિતરણ કરાયું



ભુજ - કચ્છઉદય : સહકાર સેવા મંડળ દ્વારા દાતાઓના સહયોગથી હાજીપીર પગપાળા જતા યાત્રાળુઓને મોબાઈલ વાનમાં ઠંડાપીણાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમમાં આમદભાઈ જત, હેમેન્દ્રભાઈ જણસારી, ઈકબાલભાઈ જત, રાજેશભાઈ દાફડા, મુસ્તાકભાઈ હાલા, અનીસભાઈ જુણેજા, યુનુસભાઈ ખત્રી, ગુલામભાઈ શેખ, સમીરભાઈ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા માલશી માતંગે સંભાળી હતી.

# મંગવાણા ખાતે હજરત પીર ઇસ્માઇલશાનો ઉર્ષ મુબારક ઉજવાશે

મંગવાણા - કચ્છઉદય નખત્રાણા તાલુકાના મંગવાણા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ હજરત પીર ઈસ્માઈલશાના ઉર્ષ મુબારકની ઉજવણી કરવામાં આવશે. હજરત પીર ઈસ્માઈલશાના ખલીફા અબ્બાસઅલી યુસબ બાવા (કચ્છ જાગીર)એ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ હજરત પીર ઈસ્માઈલશાનો ઉર્ષ મુબારક તા.૨-૫ને શનિવારના ઉજવવામાં આવશે. આ પ્રસંગે બપોરે ન્યાજ રાખવામાં આવેલ છે. વધુ માહિતી માટે અબ્બાસઅલી બાવાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# નખત્રાણા પાલિકા પાસે વીજ બિલ ભરવાના ફાંફા અને ધોળા દિવસે બળતી લાઈટો

નખત્રાણા - કચ્છઉદય : નગરપાલિકા જાણે 'દેવાળું કાઢીને દિવાળી' મનાવવાની મુરાદ અથવા વહીવટી અણઆવડત ધરાવતા હોય તેવો ઘાટ સર્જાયો છે.

એકબાજુ પાલિકા પાસે વીજ બિલ ભરવાના ફાંફા હોય છે અને વીજ કંપની વારંવાર કનેક્શન કાપી નાખવાની ગર્ભિત ધમકીઓ આપી રહી છે.

બીજીબાજુ કુંભકર્ણ નિદ્રામાં પોઢેલા તંત્રની બેદરકારીને કારણે ધોળા દિવસે નગરના માર્ગો પર સ્ટ્રીટ લાઈટો ઝળહળતી જોવા મળી રહી છે.



સૂર્યનારાયણ આકાશમાં તપતા હોય ત્યારે પણ પાલિકાની લાઈટો ચાલુ રહેવીએ વહીવટી તંત્રની નરી અણઆવડત અને જનતાના ટેક્સ ના પૈસાનું રીતસરનું 'નિવેદ' છે.

ભૂતકાળમાં અંધારપટના માઠા અનુભવો થયા હોવા છતાં પાલિકાના 'આંખે પાટા જેવા' વહીવટને કંઈ જ દેખાતું નથી તે કમનસીબી છે. 'દીવા તળે અંધારૂં' જેવો આ ઘાટ જનતા સાથે થયેલો ક્રૂર મજાક છે.

પાલિકા પાસે લાઈટો બંધ કરવાનો સામાન્ય શિરસ્તો જાળવવાનું મેનેજમેન્ટ પણ નહીં હોય તેવા સવાલો ઉઠી રહ્યા છે.

# કચ્છનો જંગ : ઈવીએમમાં ભાવિ કેદ : કાલે 'ભરેલું નારિયેળ' ફૂટશે :
# મતદાનની પેટર્નથી રાજકીય ગણિતો ગૂંચવાયા : ભારે ઉત્કંઠા...!

## ગરમી અને લગ્નસરા વચ્ચે કચ્છમાં મિશ્ર મતદાન: કોના શિરે બંધાશે વિજયનો તાજ? :
## ગામડાં ગરજ્યા, શહેરો શાંત: કચ્છમાં પંચાયતોમાં ભારે મતદાન, નગરપાલિકામાં ઉદાસીનતા

હવે સૌની નજર પરિણામ પર: રાજકિય ઉત્સુકતા

**લખપતમાં ૮૦% મતદાન સાથે ઉત્સાહનો પૂર, તો ગાંધીધામમાં નીરસતાનો માહોલ : પંચાયતોમાં ૬૭% મતદાન,**

ગાંધીધામ : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનું મતદાન રવિવારે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ હવે સૌની નજર આવતીકાલે યોજાનારી મતગણતરી પર ટકેલી છે. કાળઝાળ ગરમી, રવિવારની રજા અને લગ્નગાળા જેવા પરિબળો વચ્ચે પણ કચ્છના મતદારોએ મિશ્ર પ્રતિસાદ આપતા જિલ્લાની ૪૪૨ બેઠકો માટે સરેરાશ ૫૬ ટકા જેટલું મતદાન નોંધાયું છે. ખાસ કરીને જિલ્લા પંચાયતની ૩૭ બેઠકો પર ૬૬ ટકા અને તાલુકા પંચાયતોમાં સરેરાશ ૬૭ ટકા જેટલું ઉત્સાહજનક મતદાન થવા પામ્યું છે, જે ગત વર્ષની સરખામણીએ અંદાજે ૪ ટકા જેટલો વધારો સૂચવે છે. જોકે, શહેરી વિસ્તારોમાં મતદારોનો ઉત્સાહ ઓછો દેખાયો છે, જેમાં ગાંધીધામ નગરપાલિકામાં સૌથી ઓછું ૪૬ ટકા અને ભુજમાં ૫૩ ટકા મતદાન નોંધાયું છે, તેની સામે મુન્દ્રા નગરપાલિકામાં ૭૩ ટકા જેટલા જંગી મતદાન સાથે મતદારોએ પરિવર્તન કે પુનરાવર્તનનો સંકેત આપ્યો છે. તાલુકા સ્તરે જોઈએ તો લખપતમાં ૮૦ ટકા જેવું રેકોર્ડબ્રેક મતદાન થયું છે, જ્યારે રાપરમાં ઓછું મતદાન જોવા મળ્યું છે.આ સંજોગોમાં મતદાનની ચોક્કસ પેટર્નને લઈને હાલમાં કોઈપણ રાજકીય પક્ષ સ્પષ્ટ દાવો કરી શકવાની સ્થિતિમાં નથી, જેના કારણે ચૂંટણીના પરિણામો 'ભરેલા નારિયેળ' સમાન ગૂઢ બની રહ્યા છે. રાજકીય પક્ષો, ઉમેદવારો અને જનતામાં પ્રવર્તી રહેલી આતુરતાનો અંત આવતીકાલે ૧૪ અલગ-અલગ સ્થળોએ થનારી મતગણતરી બાદ આવશે. ઈવીએમમાં સીલ થયેલા ઉમેદવારોના ભાવિ તબક્કાવાર ખુલતા જશે અને બપોર સુધીમાં કચ્છની સત્તાનું સુકાન કોના હાથમાં જશે તેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. વહીવટી તંત્ર દ્વારા મતગણતરી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે આવતીકાલે પરિણામો જાહેર કરવામાં આવશે.

### કાલે કચ્છના સ્થાનિક રાજકારણની નવી દિશા નક્કી થશે

ગાંધીધામ : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ થતાની સાથે જ હવે સૌની નજર આવતીકાલના પરિણામો પર ટકેલી છે. કચ્છના મતદારોએ જે રીતે મતદાન કર્યું છે, તેણે રાજકીય વિશ્લેષકોને વિચારતા કરી દીધા છે. જિલ્લાની ૪૪૨ બેઠકો માટે થયેલું સરેરાશ ૫૬ ટકા મતદાન અને તેમાં પણ ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળેલો ઉત્સાહ કચ્છના રાજકારણમાં કંઈક નવા જૂનીના સંકેત આપી રહ્યો છે.આવતીકાલે જ્યારે ઈવીએમ ખુલશે ત્યારે માત્ર ઉમેદવારોના ભાવિ જ નહીં, પરંતુ આગામી પાંચ વર્ષ માટે કચ્છના વિકાસનો રોડમેપ પણ નક્કી થશે. લોકશાહીના આ પર્વમાં જનતાએ પોતાનો ફેંસલો સંભળાવી દીધો છે, હવે માત્ર સત્તાવાર મહોર લાગવાની બાકી છે. શાંતિપૂર્ણ મતદાન બાદ હવે તંત્ર અને જનતા બંને સંયમપૂર્વક પરિણામોની રાહ જોઈ રહ્યા છે, જે કચ્છના સ્થાનિક રાજકારણની નવી દિશા નક્કી કરશે.

## વાગડમાં શાંતિપૂર્ણ મતદાન બાદ હવે પરિણામોની આતુરતા

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના જંગમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો મુકાબલો : આવતીકાલે જાહેર થનારા પરિણામો પર મુંબઈ સ્થિત વાગડવાસીઓની પણ નજર

ભચાઉ - કચ્છઉદય : કચ્છના વાગડ પંથકમાં ગઈકાલે સંપન્ન થયેલા મતદાન બાદ આજે સમગ્ર વિસ્તારમાં પરિણામોને લઈને ભારે ઉત્તેજના અને અટકળોનો દોર જોવા મળી રહ્યો છે. વાગડ વાસીઓ હવે આવતીકાલે જાહેર થનારા ચૂંટણીના પરિણામોની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. ગઈકાલે વાગડમાં એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી, પરંતુ રાજકીય ગલીયારાઓમાં જિલ્લા પંચાયતની આધોઈ બેઠક પર બોગસ મતદાન થયું હોવાની ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે, જેના કારણે રાજકીય ગરમાવો વધી ગયો છે.

રાપર અને આસપાસના વિસ્તારોમાં ખાસ કરીને પટેલ, રાજપૂત ક્ષત્રિય અને આહીર સમાજનું સામાજિક પ્રભુત્વ નિર્ણાયક માનવામાં આવે છે. વાગડના રાજકીય વિશ્લેષકોના મતે, સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીના પરિણામો આગામી વિધાનસભા ચૂંટણીનું ભાવિ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પ્રચાર દરમિયાન ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંને પક્ષોએ મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું.

વાગડ પંથકની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી સામખિયાળી, શિકારપુર અને આધોઈ જેવી બેઠકોના પરિણામો પર માત્ર સ્થાનિક લોકોની જ નહીં, પરંતુ સમગ્ર કચ્છ જિલ્લા સહિત મુંબઈમાં વસતા વાગડવાસીઓની પણ મીટ મંડાયેલી છે. આવતીકાલે જ્યારે મતપેટીઓ ખુલશે ત્યારે જ ખબર પડશે કે વાગડના મતદારોએ કોના શિરે વિજયનો તાજ પહેરાવ્યો છે.

## એસઆઈઆરના અમલીકરણ બાદ નવા સીમાંકન વચ્ચે યોજાયેલી ચૂંટણીના પરિણામો પર સૌની મીટ

### મતદાન દરમિયાન જિલ્લામાં અનેક સ્થળોએ સીમાંકન અને બેઠકોમાં થયેલા ફેરફારને કારણે મતદારોને ભારે વેઠવી પડી હતી હાલાકી : કાળઝાળ ગરમી અને પ્રખર તાપ વચ્ચે મતદારોએ યાદીમાં પોતાના નામ શોધવા માટે કરી કલાકો સુધી રઝળપાટ

### ભાજપના નવા ચહેરા અને કોંગ્રેસની ગુપ્ત રણનીતિની થશે કસોટી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં એસઆઈઆરની કામગીરી બાદ પ્રથમ વખત યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગઈકાલે રવિવારે મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. જિલ્લામાં બદલાયેલા રાજકીય સમીકરણો વચ્ચે હવે આવતીકાલે મંગળવારે સવારથી મતગણના હાથ ધરવામાં આવશે. એસઆઈઆરના અમલીકરણ બાદ નવા સીમાંકન મુજબ યોજાયેલી આ પ્રથમ ચૂંટણીના પરિણામોને લઈને માત્ર ઉમેદવારો કે રાજકીય પક્ષો જ નહીં, પરંતુ સમગ્ર જિલ્લાના મતદારોમાં ભારે ઉત્કંઠા જોવા મળી રહી છે. રવિવારે યોજાયેલા મતદાન બાદ હવે સૌની નજર ઈવીએમમાં કેદ થયેલા ઉમેદવારોના નસીબ પર ટકેલી છે.

ગઈકાલે યોજાયેલા મતદાન દરમિયાન જિલ્લામાં અનેક સ્થળોએ સીમાંકન અને બેઠકોમાં થયેલા ફેરફારને કારણે મતદારોને ભારે હાલાકી વેઠવી પડી હતી. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વ્યવસ્થાના અભાવે અનેક મતદારોના નામ અન્ય બૂથમાં તબદીલ થઈ ગયા હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. કેટલાય વિસ્તારોમાં તો મતદાર યાદીમાંથી જ નામો ગાયબ થઈ જતાં અનેક નાગરિકો પોતાના મતાધિકારથી વંચિત રહ્યા હતા, જેને પગલે વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠ્યા હતા. કાળઝાળ ગરમી અને પ્રખર તાપ વચ્ચે મતદારોએ યાદીમાં પોતાના નામ શોધવા માટે કલાકો સુધી રઝળપાટ કરવો પડ્યો હતો, જેના કારણે લોકોમાં તંત્ર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી હતી.

રાજકીય મોરચે જોઈએ તો, આ વખતે ભારતીય જનતા પાર્ટીએ એક ચોક્કસ રણનીતિ હેઠળ વરિષ્ઠો અને ત્રણ ટર્મથી જીતતા અનુભવી નેતાઓને સ્થાને ૫૦ ટકાથી વધુ યુવાન ચહેરાઓને મેદાનમાં ઉતારી મોટો દાવ ખેલ્યો છે. બીજી તરફ, કોંગ્રેસ પાર્ટીએ આંતરિક જૂથબંધી અને પક્ષાંતર રોકવા માટે છેલ્લી ઘડી સુધી ઉમેદવારોના નામ ગુપ્ત રાખ્યા હતા. કોંગ્રેસનું મુખ્ય ધ્યાન કોઈ પણ બેઠક બિનહરીફ ન જાય તે સુનિશ્ચિત કરવા પર રહ્યું હતું. ઉનાળાની આકરી ગરમી વચ્ચે રાજકીય પક્ષોને પ્રચાર માટે ખૂબ જ મર્યાદિત સમય મળ્યો હતો, તેમ છતાં જિલ્લામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ રહ્યો હતો. હવે આવતીકાલે જાહેર થનારા પરિણામોમાં ભાજપના નવા ચહેરાઓ ફાવશે કે કોંગ્રેસની ગુપ્ત રણનીતિ રંગ લાવશે, તે જોવું રસપ્રદ રહેશે.

## આડેસર ચેક પોસ્ટ પાસે બે ટ્રકમાંથી ૩૩૧ ઘેટા-બકરાને મુક્ત કરાવાયા

**આડેસર પોલીસે ૩ શખ્સોની ધરપકડ કરી : ૯ શખ્સોના નામ ખુલ્યા**







ભુજ - કચ્છ ઉદય : આડેસર ચેકપોસ્ટ પાસે ચેકિંગમાં રહેલી સ્થાનિક પોલીસે કત્તલ ખાને લઈ જવાતા ૩૩૧ ઘેટા-બકરાને બચાવ્યા હતા. આ સાથે ૩ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારે ૯ શખ્સોના નામ ખુલ્યા હતા.

આ અંગેની વિગતો મુજબ પોલીસને બાતમી મળી હતી કે, ટ્રક નં.જીજે૨૪ - એક્સ - ૩૫૧૪ અને જીજે૨૪ - ઝેડ - ૭૯૬૨ મા ગેરકાયે રીતે ઘાસચારો કે પાણી વગર ખીચોખીચ અબોલ જીવ ઘેટા-બકરાને ભરવામાં આવ્યા છે. ૩૩૧ ઘેટા - બકરાને ભરવામાં આવ્યા હતા. આડેસર પોલીસે પાસ - પરમીટ વગર અબોલ જીવોની હેરફેર બદલ ગુનો દાખલ કરાવી અબોલ જીવોને જીવદયા મંડળ રાપર ખાતે મોકલી આપ્યા છે. આ સાથે રાધનપુરના રહીમશા જુસબશા ફકીર, શૈલેષભાઈ વાલાભાઈ રાવળ અને આડેસરના સુમરાભાઈ હમીરભાઈ મદારીને પકડી લેવામાં આવ્યા હતા, જ્યારે આડેસરના જુલાબ શકુભાઈ મદારી, રાણાભાઈ ભીખાભાઈ મદારી, રાધનપુરના અલ્તાફખાન બલોચ, લાલમામદ ભાઈખાન બલોચ, ભુજના અમીનશા, કનૈયાબેના મુસ્તાક, અંજારના ફકીરમામદ, કનૈયાબેના હુશેનશા, શિકારપુરના ઉમરશાના નામ ખુલ્યા હતા. પોલીસે ૩૦ લાખની બે ટ્રક કબજે કરી ૧૩.૨૪ લાખની કિંમતના ઘેટા - બકરાને પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા છે. આ કામગીરીમાં પીઆઈ જે.બી. આચાર્ય, સ્ટાફના ગાંડાભાઈ અણદાભાઈ, સંજયભાઈ અણદાભાઈ, જયંતીભાઈ જીવાભાઈ, જેઠાભાઈ લખમણભાઈ વગેરે જોડાયા હતા.

DELHI PUBLIC SCHOOL
GANDHIDHAM
Under the Aegis of the Delhi Public School Society, New Delhi
Ranked No. 1 SCHOOL in Kutch By EWISRA
Admission Open
2026-27
જૂજ સીટો બાકી
DPS સ્કૂલ ૨૦૦ બાળકોને RTE તથા ભણતર અને સ્પોર્ટસમાં આગળ પડતા બાળકોને ફ્રી એજ્યુકેશન તથા સ્કોલરશીપ આપે છે.
છેલ્લા ૧૦ વર્ષથી DPS ગાંધીધામ સમગ્ર કચ્છમાં નંબર ૧ પર આવે છે. (EWISRA પ્રમાણે)
છેલ્લા ૧૫ વર્ષથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ૧૦૦ ટકા પરીણામ.
અદ્યતન સ્પોર્ટસ, ફેસીલીટી જેવી કે બાસ્કેટબોલ, સ્કેટીંગ, ફુટબોલ, ક્રિકેટ અને હોર્સ રાઈડીંગ.
U 19 ક્રિકેટ વર્લ્ડકપ ચેમ્પીયનમાંના એક પ્લેયર હરવંશસિંહ પંગાલીયા DPS સ્કૂલના છે.
અન્ય સ્પોર્ટસમાં પણ રાષ્ટ્રીય કક્ષાએ DPS ના બાળકોએ સ્વર્ણ પદકો મેળવેલ છે.
શાળાનું આધુનીક ઈન્ફ્રાસ્ટ્રકચર એર કન્ડીશન્ડ અને સ્માર્ટ કલાસરૂમ સાથે અદ્યતન ટેકનોલોજી તથા ડીજીટલ લર્નીગને પ્રોત્સાહન આપવામાં આવે છે.
આ ઉપરાંત ઈન્ટરનેશનલ સાઈઝ (૨૦૦ મીટર) નું સ્કેટીંગ રીંગ
AI (આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ) અને રોબોટીકસ લેબ તથા અદ્યતન સ્ટુડન્ટસ પ્લે ગ્રાઉન્ડ ટૂંક સમયમાં તૈયાર થઈ રહ્યા છે.
DPS સોસાયટી દિલ્હીના સુપરવિઝનમાં અત્યંત પ્રોફેશનલ તથા કવાલીફાઈડ ટીચર્સ દ્વારા શિક્ષણ પુરું પાડવામાં આવે છે.
Address :
Survey No. 71, Opposite Radission Hotel
Galpadar, Gandhidham, Kachchh,
Gujarat, 370201
Mo.8980034185 email-info@dpsgandhidham.org

Heartily Congratulations, Stay Blessed

Dr. Umar Farooq Haji Ismail Jat
✦ MBBS (Mandvi-Kutch) ✦
We are extremely happy to have you achieved brilliant result in the MBBS (Final) with First Class in Medical Faculty Gujarat Adani Institute of Medical Sciences (GAIMS) G K General Hospital and brought glory to the family and Jat Muslim Community & mota Salaya...
We pray that you will scale more and more peaks of every Success on every step.
Heartily Congratulations! May Allah Bless You... Best Wishes
Capt. Ismail Jat (Father), Nazma Ismail Jat (Mother)
Capt. Ahmed Raza (Brother), Husain Raza (Brother)
Associated Firms
STAR MARINE SERVICE COMPANY
SMSC SHIPPING SERVICE
STAR CLEARING AGENCY
STAR ENTERPRISE CONTAINER LINE
Mundra • Mumbai • Dubai
पंखों से कुछ नहीं होता, हौंसलो से उड़ान होती है।